પિંડ–ત્રણે કાળના લાભાલાભ, જીવિત, મૃત્યુ–વિ૦ કહેવું. **(૪) આજીવપિંડ**–પોતાના કુળ, જાતિ, શિલ્પ–વિ૦ના વખાણ કરવા. **(૫) વનીપકપિંડ**–દીનપણું જણાવવું. **(૬) ચિકિત્સાપિંડ**–ઔષધ–વિ૦ બતાવવું. **(૭) ક્રોધપિંડ**–ડરાવવું, શ્રાપ આપવો. **(૮) માનપિંડ**–સાધુઓ પાસે એવી પ્રતિજ્ઞા કરે કે "હું લબ્ધિવાળો છું" તેથી સારો આહાર લાવી આપું, એમ કહી ગૃહસ્થને વિડંબના કરે. **(૯) માયાપિંડ**–જુદા જુદા વેષ પહેરે તથા ભાષા બદલે. **(૧૦) લોભપિંડ**–લાલસા વડે ઘણું ભટકે. **(૧૧) પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ**–પહેલા ગૃહસ્થના મા–બાપની અને પછી સાસુ–સસરાની પ્રશંસાપૂર્વક તેમની સાથે પોતાનો પરિચય જણાવે. **(૧૨ થી ૧૫) વિદ્યા–મંત્ર–ચૂર્ણ–યોગપિંડ**–વિદ્યા, મંત્ર, નેત્રાંજન–વિ૦ ચૂર્ણ, પાદ–લેપાદિ યોગનો ઉપયોગ કરવો. **(૧૬) મૂળકર્મપિંડ**–ગર્ભનું સ્તંભન, ધારણ, પ્રસવ તથા રક્ષાબંધનાદિ કરવું.

સાધુ તથા ગૃહસ્થ બંનેના સંયોગથી થતા એષણાના ૧૦ દોષ

(૧) શંકિત–આધાકર્માદિક દોષની શંકાવાળો **(૨) મ્રક્ષિત**–મધ વિ૦ નિંદનીય પદાર્થોના સંઘટ્ટાવાળો **(૩) નિક્ષિપ્ત**–સચિત્તની મધ્યમાં રહેલું. **(૪) પિહિત**–સચિત્તથી ઢાંકેલું. **(૫) સંહૃત**–દેવાના પાત્રમાં રહેલા પદાર્થને બીજા પાત્રમાં નાંખીને તે વાસણથી આપવું. **(૬) દાયક**–બાળક, વૃદ્ધ, નપુંસક, ધ્રુજતો, આંધળો, મદોન્મત્ત, હાથ–પગ વિનાનો, બેડીવાળો, પાદુકાવાળો, ખાંસીવાળો, ખાંડનાર, દળનાર, ભુંજનાર, ફાડનાર, કાતરનાર, પિંજનાર, વિ૦ છ કાયના વિરાધક પાસેથી, તેમ જ ગર્ભાધાનથી આઠ માસ પછી (નવમા માસથી ઉઠ–બેસ કર્યા વિના આપે તો દોષ નહિ) તથા સ્તન્યજીવી બાળકને મૂકીને આપતી સ્ત્રી પાસેથી આહાર લેતાં (આહાર તથા સ્તન્યજીવી બાળકને મૂકે છતાં રડે નહિ તેવી સ્ત્રી પાસેથી આહાર લેતાં દોષ નહિ) **જિનકલ્પિ** તો ગર્ભાધાનથી જ તથા

બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લે નહિ. **(७) उन्मिश्र**–દેવા લાયક જે વસ્તુ હોય, તેને સચિત્ત–વિ०માં મિશ્ર કરી આપવું. **(८) अपरिणत**–અચિત્ત થયા વિનાનું **(९) लिप्त**–વાસણ તથા હાથ ખરડીને આપે. **(१०) छर्दित**–છાંટા પડે તેવી રીતે વહોરવું.

–: માંડલીના ૫ દોષ :–

ગ્રાસૈષણાના (આહાર વાપરતી વખતના) પાંચ દોષ આ પ્રમાણે **(१) संयोजना**–રસની લાલસાથી પુડલા–વિ०ને ઘી–ખાંડ વિ०થી ખોળવા. **(२) प्रमाणातिक्रता**–ચારજ–બળ–સંયમ તથા મન–વચન–કાયાના યોગને બાધ આવે, તેટલો આહાર કરવો. **(३) अंगार**–અન્નને કે તેના દેનારને વખાણતો ભોજન કરે, તો રાગરૂપી અગ્નિથી ચારિત્રરૂપ ચંદનના કાષ્ટોને બાળીને કોલસા રૂપ કરી નાખે છે. **(४) धूम्र**–અન્નની કે તેના દેનારની નિંદા કરતો ભોજન કરે, તો ચારિત્રરૂપ ચિત્રશાળાને કાળી કરે છે **(५) कारणाभाव**–છ–કારણ (સાધુચર્યા–૧૬) વિના ભોજન કરવું. **(पिं० नि०).**

–: ગોચરી આલોવવાનો વિધિ :–

ઉપર જણાવેલા ૪૨ દોષ ટાળી ગોચરી લઇ આવી. **"निसीहि निसीहि निसीहि नमो खमासमणाणं गोयमाइणं महा-मुणीणं"** કહીને ઉપાશ્રયમાં પ્રવેશ કરી ગુરૂ સન્મુખ આવી **"नमो खमासमणाणं मत्थएण वंदामि"** કહે, પછી પગ મુકવાની ભૂમિ પ્રમાર્જી ત્યાં ઉભા રહી ડાબા **પગના અંગુઠા ઉપર** દાંડો રાખી ડાબા **હાથના અંગુઠે સ્થિર કરી,** જમણા હાથમાં મુહપત્તિ રાખી ઉભા ઉભા ખમા० દઇ આદેશ માગી ઇરિયાવહિ० તસ્સઉત્તરી० અન્નત્થ० કાઉસગ્ગમાં જે ક્રમથી ગોચરી લીધી હોય અને તેમાં જે જે દોષ લાગ્યા હોય તે સંભારે. (હાલમાં એક લોગસ્સનો કાઉસગ્ગ કરાય છે) પછી કાઉસગ્ગ–પારી લોગસ્સ० કહી લાગેલા દોષો ગુરૂને કહી ગુરૂને આહાર દેખાડે.

પછી ગોચરી આલોવે તે આ પ્રમાણે–"**પડિક્કમામિ ગોઅરચરિઆએ**"થી માંથી "**મિચ્છામિદુક્કડં**" સુધી (શ્રમણ સૂત્રમાં આવતો બીજો આલાવો) કહે, પછી તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કાઉસ્સગ્ગમાં નીચેની ગાથા અર્થસહિત એકવાર વિચારે.

અહો જિણેહિં અસાવજ્જા, વિત્તી સાહૂણ દેસિયા;
મુક્ખસાહણ હેઉસ્સ,સાહુદેહસ્સ ધારણા (૧) અર્થ–આશ્ચર્ય છે કે જિનેશ્વર દેવોએ મોક્ષના સાધન રૂપ રત્નત્રયીની આરાધના કરવાવાળા એવા સાધુઓના દેહને ટકાવનારી પાપરહિત આજીવિકા બતાવી છે, આવી ભાવના ભાવીને કાઉસ્સગ્ગ પારી લોગસ્સ૦ કહેવો, પછી **પાંચ દોષ લગાડ્યા વિના આહાર વાપરે.** (દ. વૈ. અ. ૫–૧–૯૨)

–: સ્થંડિલ શુદ્ધિનો વિધિ :–

સાંજના પ્રતિક્રમણના પ્રારંભમાં પ્રથમ ઇરિયાવહિ૦ ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦! પચ્ચક્ખાણ કર્યું છે જી, ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦! સ્થંડિલ પડિલેહઉં? (પડિલેહેહ) ઇચ્છં કહી ૨૪ માંડલાં કરવાં (૧૦૦–હાથથી દૂર ન જવાય).

પૂર્વમાં **(૧)** આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
,, **(૨)** આઘાડે આસન્ને.....પાસવણે અણહિયાસે.
,, **(૩)** આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
,, **(૪)** આઘાડે મજ્ઝે.....પાસવણે અણહિયાસે.
,, **(૫)** આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
,, **(૬)** આઘાડે દૂરે.....પાસવણે અણહિયાસે.

પશ્ચિમમાં–અણહિયાસે ને ઠેકાણે **અહિયાસે,** બાકી ઉપર પ્રમાણે.

દક્ષિણમાં–આઘાડે ને ઠેકાણે **અણાઘાડે** બાકી ઉપર પ્રમાણે.

ઉત્તરમાં–આઘાડે ને ઠેકાણે **અણાઘાડે** અને અણહિયાસે ને ઠેકાણે **અહિયાસે,** બાકી ઉપર પ્રમાણે.

ઉચ્ચારે=વડીનીતિ૦ પાસવણે=લઘુનીતિ૦ અહિયાસે=સહન થઈ શકે તે૦ અણહિયાસે=સહન ન થઈ શકે તે.

—: સંથારાપોરિસિનો વિધિ :—

રાત્રે એક પહોર સુધી સ્વાધ્યાય–ધ્યાન કરીને ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦! બહુપડિપુન્ના પોરિસિ? (તહત્તિ) ખમા૦ ઇરિયાવહિ૦ ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦! બહુપડિપુન્ના પોરિસિ રાઇયસંથારએ ઠામિ? (ઠામ્મેહ) ઇચ્છં, અણુજ્ઞસાય૦ નમુત્થુણં૦ જ્ઞવંતિ૦ ખમા૦ જ્ઞવંત૦ નમોર્હત્૦ ઉવસગ્ગહરં૦ જ્યવીયરાય૦ ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦! સંથારાપોરિસિ વિધિ ભણવા મુહપત્તિ પડિલેહઉં? (પડિલેહેહ) ઇચ્છં, મુહપત્તિ પડિલેહીને.

નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં–આટલો પાઠ અને **નવકાર૦** તથા **કરેમિભંતે૦** આટલું ત્રણવાર કહેવું પછી સંથારાપોરિસિ સૂત્ર બોલવું.

—: સંથારા પોરિસિ સૂત્ર :—

અણુજ્ઞાણુહ જિટ્ઠિજ્જ! અણુજ્ઞાણુહ પરમગુરુ! ગુરુ ગુણરયણેહિં મંડીયસરીરા! બહુપડિપુણ્ણા પોરિસિ રાઇયસંથારએ ઠામિ? **(૧)** અણુજ્ઞાણુહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં; કુક્કુડિ પાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં **(૨)** સંકોઇઅસંડાસા, ઉવટ્ટંતેઅ કાય-પડિલેહા; દવ્વાઇઉવ્ઓગં, ઊસાસનિરુંભણાલોએ **(૩) જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ; આહારમુવ-હિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં (૪)** ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં **(૫)** ચત્તારિ લોગુત્તમા–અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો **(૬)** ચત્તારિ સરણં પવજ્જામિ–અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ **(૭)** પાણાઇવાયમલિઅં, ચોરિક્કં મેહૂણં દવિણમુચ્છં; કોહં માણં

માયં, લોભં પિજ્જં તહા દોસં (૮) કલહં અબ્ભક્ખાણું, પેસુન્નં રઇઅરઇસમાઉત્તં; પરપરિવાયં, માયામોસં મિચ્છત્તસલ્લંચ (૯) **વોસિરિસુ ઇમાઇં, મુક્ખમગ્ગસંસગ્ગવિઘ્નભૂઆઇં; દુગ્ગઇ નિબંધણાઇં, અટ્ઠારસપાવઠાણાઇં** (૧૦) એગો હં નત્થિ મે કોઇ, નાહ મન્નરસ કસ્સઇ; એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ (૧૧) એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ; સેસા મે બાહિરા-ભાવા, સવ્વે સંજોગલક્ખણા (૧૨) **સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા; તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં** (૧૩) અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો; જિણપન્નત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં (૧૪) આ ગાથા **ત્રણવાર** કહેવી, પછી ત્રણ (ગૃહસ્થે–સાત) નવકાર૦ ગણવા પછી.

ખમિઅ ખમાવિઅ મઇ ખમહ, સવ્વહ જીવનિકાય; સિદ્ધહ-સાખ આલોયણહ, મુજ્જહ વયર ન ભાવ (૧૫) સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરાજ ભમંત; તે મે સવ્વ ખમાવિઆ, મુજ્જવિ તેહ ખમંત (૧૬) જંજં મણેણ બદ્ધં, જંજં વાએણ ભસિઅં પાવં, જંજં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ (૧૭).

—: વાર્ષિક કાઉસ્સગ્ગની વિધિ :—

ચૈત્ર સુદ ૧૧–૧૨–૧૩ અથવા ૧૨–૧૩–૧૪ અથવા ૧૩–૧૪–૧૫ એ ત્રણ દિવસ દરરોજ દેવસિઅ પ્રતિક્રમણમાં સજ્ઝાય પછી—ખમા૦ ઇરિયાવહિ કરી—ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! અચિત્તરજ ઓહડાવણત્થં કાઉસ્સગ્ગ કરું ? (કરેહ) ઇચ્છં, અચિત્તરજ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં—અન્નત્થ૦ ચાર લોગસ્સ (સાગરવર ગંભીરા સુધી)નો કાઉસ્સગ્ગ૦ પારી-લોગસ્સ૦

—: લોચના કાઉસ્સગ્ગનો વિધિ :—

લોચ કરવો હોય તે દિવસે લોચ કર્યા અગાઉ ખમા૦ ઇરિયાવહિ કરી ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! (સચિત્ત) અચિત્તરજ ઓહડાવણત્થં

કાઉસ્સગ્ગ કરું ? (કરેહ). ઇચ્છં, (સચિત્ત) અચિત્તરજ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં–અન્નત્થ૦ ચાર લોગસ્સ (સાગરવર ગંભીરા સુધી) નો કાઉસ્સગ્ગ૦ પારી – લોગસ્સ૦

—: સાતવાર ચૈત્યવંદન :—

(૧) જાગે ત્યારે જગચિંતામણિનું (૨) પ્રતિક્રમણને અંતે વિશાલલોચનનું (૩) દેરાસરનું (૪) પચ્ચક્ખાણ પારતાં (૫) આહાર કર્યા પછીનું (૬) દેવસિ પ્રતિક્રમણના પ્રારંભમાં **અથવા** નમોસ્તુ વર્દ્ધમાનાયનું (૭) સંથારાપોરિસિ ભણાવતાં ચઉક્કસાયનું.

—: ચાર વાર સજ્ઝાય :—

(૧)પ્રભાતે ભરહેસર૦ની (૨) સવારે પડિલેહણને અન્તે (૩) સાંજે પડિલેહણના મધ્યમાં (૪) પચ્ચક્ખાણ પારતાં **અથવા** દેવસિ પ્રતિક્રમણને અન્તે.

—: પૌષધ લેવાનું સૂત્ર :—

કરેમિ ભંતે ! પોસહં **આહાર**પોસહં દેસઓ–સવ્વઓ, **સરીરસક્કાર**પોસહં સવ્વઓ, **બંભચેર** પોસહં સવ્વઓ, **અવ્વાવાર**પોસહં સવ્વઓ, ચઉવ્વિહં પોસહં ઠામિ, જાવદિવસં (જાવઅહોરત્તં, જાવસેસદિવસંરત્તં) પજ્જુવાસામિ. દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, નકારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

—: પૌષધ પારવાનું સૂત્ર :—

સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો; જેસિં પોસહ-પડિમા, અખંડિઆ જીવિઅંતેવિ (૧) ધન્ના સત્તાહણિજ્જન, સુલસા આણંદ કામદેવાય; જાસ પસંસઇ ભયવં દઢવ્વયત્તં મહાવીરો (૨)

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તેસવિહુ મન વચન કાયાએ કરી મિચ્છા મિ

દુક્કડં, પોસહના **અઢાર દોષમાં** જે કોઈ પાપદોષ લાગ્યો હોય તે સવિહુ૦

—: મન્નહજિણાણં (શ્રાવકનાં ૩૬ કર્તવ્ય) :—

મન્નહ જિણાણમાણું, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં; છવ્વિહ આવરસયમ્મિ, ઉજ્જુત્તો હોઇ પઇ દિવસં **(૧)** પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવોચ્ચ ભાવોચ્ચ; સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ **(૨)** જિણપૂઆ જિણથુણણું, ગુરુથુચ સાહમ્મિઆણ વચ્છલ્લં; વવહારસ્સય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તાય **(૩)** ઉવસમ વિવેગ સંવર, ભાસાસમિઇ છજ્જવકરણાય; ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો **(૪)** સંઘોવરિબહુમાણો, પુત્થયલિહણું પભાવણાતિત્થે; સદ્ધાણ દિચ્ચમેચ્ચં, નિચ્ચં સુગુરૂવએસેણું **(૫)**

—: ગમણાગમણે આલોચન સૂત્ર :—

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ગમણાગમણે આલોઉં? (આલોહેહ) ઇચ્છં આલોએમિ.

ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, એ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, **અષ્ટપ્રવચનમાતા,** શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે ૬ઠી પેરે પાળી નહિ, જે કંઈ ખંડના—વિરાધના હુઇ હોય, તે સવિહુ૦

—: પચ્ચક્ખાણ (પ્રભાતનાં) :—

(૧) મુટ્ઠિસહિઅં—મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ **અન્નત્થણાભોગેણં,** સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

(૨) નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં—ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહં પિ આહારં—અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થ૦થી **ઉપર પ્રમાણે.**

(૩) પોરિસિ, સાઢ્ઢપોરિસિ, પુરિમઢ્ઢ, અવઢ્ઢ–ઉગ્ગએ સૂરે પોરિસિં સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ–અવઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહં પિ આહારં–અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થ૦ સાહસા૦ પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરા૦ સવ્વ૦ વોસિરઇ.

(૪)આયંબિલ, નીવિ,એકલઠાણુ,એકાસણુ,બેઆસણુ–ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ–અવઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં–અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થ૦ સહસા૦ પચ્છન્ન૦ દિસા૦ સાહુ૦ મહત્તરા૦ સવ્વ૦ આયંબિલં **(નીવિગઇઓ,વિગઇઓ)** પચ્ચક્ખાઇ, અન્નત્થ૦ સહસા૦ લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં **પડુચ્ચમક્ખિએણં** પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરા૦ સવ્વ૦ એકાસણું **(એકલઠાણું, બિઆસણું)** પચ્ચક્ખાઇ **તિવિહંપિ** આહારં–અસણું ખાઇમં સાઇમં (હામ ચઉવ્વિહારે–ચઉવ્વિહંપિ આહારં–અસણું પાણું ખાઇમં સાઇમં) અન્નત્થ૦ સહસા૦ સાગારિયાગારેણં **આઉંટણપસારેણં** ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વ૦

પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ૦

(એકલઠાણું હોય તો આઉંટણપસારેણં ન બોલવું૦ આયંબિલ હોય તો પડુચ્ચમક્ખિએણં ન બોલવું).

(૫) વિગઈ–વિગઈઓ પચ્ચક્ખાઇ અન્નત્થ૦ સહસા૦ લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં પડુચ્ચમક્ખિએણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ૦

(૬) પાણી–પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

તિવિહાર ઉપવાસ–સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં–અસણું ખાઇમં સાઇમં અન્નત્થ૦ સહસા૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વ૦

પાણહાર પોરિસિં (સાઢ્ઢપોરિસિં૦ સૂરે ઉગ્ગએ પુરિમટ્ઠં૦ અવઢ્ઢ૦) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, અન્નત્થ૦ સહસા૦ પચ્છન્ન૦ દિસા૦ સાહુ૦ મહત્તરા૦ સવ્વ૦ પાણસ્સ૦થી **ઉપર પ્રમાણે.**

(ચોથભક્તાદિ હોય તો—ચોથ, છઠ્ઠું, અટ્ઠમ, દસ, બારસ, ચઉદ્દસ, સોલસ, અટ્ઠારસ, વીસ, બાવીસ, ચોવીસ, છવ્વીસ, અટ્ઠાવીસ, તીસ, બત્તીસ, ચોત્તીસ, આ દરેકની સાથે **ભત્તં અબ્ભત્તટ્ઠં** શબ્દ જોડી બોલવું).

(૮) પાણહાર–પાણહાર પોરિસિં૦થી ઉપર પ્રમાણે (છટ્ઠ આદિવાળાને પ્રથમ દિવસ પછી)

(૮) ચઉવ્વિહાર ઉપવાસ–સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં–અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થ૦ સહસા૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વ૦ વોસિરઇ૦

—: પચ્ચક્ખાણ (સાંજના) :—

(૧) ચઉવ્વિહાર ઉપવાસ–પારિટ્ઠાવણિયાગારેણં **વિના** સવારની જેમ.

(૨) પાણહાર–પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ અન્નત્થ૦ સહસા૦ મહત્તરા૦ સવ્વ૦ વોસિરઇ.

(૩) ચઉવ્વિહાર–દિવસચરિમં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં–અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થ૦**થી ઉપર પ્રમાણે.**

(૪) તિવિહાર–દિવસચરિમં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં–અસણું ખાઇમં સાઇમં અન્નત્થ૦**થી ઉપર પ્રમાણે.**

(૫) દુવિહાર–દિવસચરિમં પચ્ચક્ખાઈ દુવિહંપિ આહારં–અસણું ખાઇમં અન્નત્થ૦ **થી ઉપર પ્રમાણે.**

—: પચ્ચક્ખાણ (સવાર–સાંજના) :—

(૧) દેસાવગાસિક–દેસાવગાસિઅં ઉવભોગં પરિભોગં પચ્ચક્ખાઇ અન્નત્થ૦**થી ઉપર પ્રમાણે.**

(૨) સંકેત–મુટ્ઠિસહિઅં (ગંઠિસહિયં, વેઢસીસહિયં, આદિ) પચ્ચક્ખાઇ અન્નત્થ૦**થી ઉપર પ્રમાણે.**

(૩) અભિગ્રહ–અભિગ્રહં પચ્ચક્ખાઇ અન્નત્થ૦ **થી ઉપર પ્રમાણે.**

—: પચ્ચક્ખાણ પારવાનો વિધિ :—

પ્રથમ ઇરિયાવહિ૦ ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! ચૈત્યવંદન કરું ? (કરેહ) ઇચ્છં, જગચિન્તામણિ૦ જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોર્હત્૦ ઉવસગ્ગહરં૦ જયવીયરાય૦ ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! સજ્ઝાય કરું ? (કરેહ) ઇચ્છં, નવકાર૦ ધમ્મોમંગલ૦ની પાંચ ગાથા (ગૃહસ્થ–મન્નહજિણાણં૦) ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! મુહપત્તિ પડિલેહું ? (પડિલેહેહ) ઇચ્છં, મુહપત્તિ પડિલેહી ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! પચ્ચક્ખાણ પારું ? (પુણો વિ કાયવ્વો) યથાશક્તિ, ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! પચ્ચક્ખાણ પાર્યું ? (આયારો ન મોત્તવ્વો) તહત્તિ, કહી જમણો હાથ **મુઠીવાળી** ઓઘા (ગૃહસ્થ–ચરવલા) ઉપર સ્થાપી–નવકાર૦ પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર૦ નવકાર૦ (સાધુએ છેવટે ધમ્મોમંગલ૦ની ૧૭ ગાથા બોલવી).

—: પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર :—

(૧) મુઠ્ઠસી–મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવ્વિહાર.

પચ્ચક્ખાણ–ફાસિઅં પાલિઅં સોહિઅં તિરિયં કિટ્ટિયં આરાહિયં જં ચ ન આરાહિયં તસ્સ મિચ્છા મિ દુક્કડં

(૨) નવકારસીથી અવડ્ઢ–ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં (પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરેઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ) મુટ્ઠિસહિઅં

પચ્ચક્ખાણ કર્યું ચઉવ્વિહાર, પચ્ચક્ખાણ–ફાસિઅં૦ **થી ઉપર પ્રમાણે.**

(૩) આયંબિલ થી બેઆસણું–ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં (પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ, અવઢ્ઢ) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવ્વિહાર, આયંબિલ–એકાસણું (આયંબિલ–એકલઠાણું, નીવિ–એકાસણું, નીવિ–એકલઠાણું, એકલઠાણું, એકાસણું, બેઆસણું) પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ–ફાસિઅં૦ **થી ઉપર પ્રમાણે.**

(૪) ઉપવાસથી સોળ ઉપવાસ–સૂરે ઉગ્ગએ ઉપવાસ (ચોથભક્ત, છઠ્ઠભક્ત, અટ્ઠમભક્ત, વિ૦) કર્યો તિવિહાર,

પાણહાર–પોરિસિં (સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પરિમુઢ્ઢ, અવઢ્ઢ) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ–ફાસિઅં૦ **થી ઉપર પ્રમાણે.**

(૫) પાણહાર–પાણહાર–પોરિસિં૦ **થી ઉપર પ્રમાણે.**

–:વસ્તુનો કાળ વિગેરે:–

ન ચાળેલો આટો	મિશ્ર	
શ્રા૦ ભા૦ માં	૫ દિન	૫
આ૦ કા૦ ,,	૪ દિન	છી
મા૦ પો૦ ,,	૩ દિન	અ
મ૦ ફા૦ ,,	૫, પ્રહર	ચિ
ચૈ૦ વૈ૦ ,,	૪ ,,	ત્ત
જે૦ અ૦ ,,	૩ ,,	

પ્રવ્રજ્યા ?
પુદ્ગલના ધર્મોમાંથી મનને ખસેડી આત્માના ધર્મોમાં જોડવું.

ગોમૂત્ર ૨૪ પ્રહર અચિત્ત રહે
ભેંસ૦ ૧૬ ,, ,,
બકરી૦ ૧૨ ,, ,,
ઘેટી, ગધેડી, ઘોડી૦ ૮ ,,
મનુષ્ય૦ અંતર્મુહૂર્ત ,,

(૧) કોઈ પણ માસમાં ચાળેલો આટો અંતર્મુહૂર્ત પછી અચિત્ત થાય. **(૨)** બાજરીનો આટો વહેલો ખોરો થવાનો સંભવ છે, માટે ઘણા દિવસ ન રાખવો. પ્ર૦ સા૦

	પચ્ચક્ખાણનો કોઠો અમદાવાદનો							પચ્ચક્ખાણનો કોઠો મુંબઈનો							પચ્ચક્ખાણનો કોઠો પાલનપુરનો						
વા.	સૂર્યો.	સૂર્યા.	નવકા.	પોરિ.	સાડ્ઢ.	પુરિ.	અવડ્ઢ	સૂર્યો.	સૂર્યા.	નવકા.	પોરિ.	સાડ્ઢ.	પુરિ.	અવડ્ઢ	સૂર્યો.	સૂર્યા.	નવકા.	પોરિ.	સાડ્ઢ.	પુરિ.	અવડ્ઢ
જા. ૧	૭-૨૨	૧૮-૫	૮-૧૦	૧૦-૩	૧૧-૨૩	૧૨-૪૪	૧૫-૨૪	૭-૧૨	૧૮-૧૨	૮-૦	૯-૫૮	૧૧-૨૧	૧૨-૪૩	૧૫-૨૮	૭-૨૪	૬-૪	૮-૧૨	૧૦-૪	૧૧-૨૭	૧૨-૪૭	૩-૨૯
૧૬	૭-૨૫	૧૮-૧૫	૮-૧૩	૧૦-૮	૧૧-૨૯	૧૨-૫૦	૧૫-૩૩	૭-૧૬	૧૮-૨૨	૮-૪	૧૦-૩	૧૧-૨૬	૧૨-૪૯	૧૫-૩૮	૭-૨૬	૬-૧૬	૮-૧૪	૧૦-૯	૧૧-૩૦	૧૨-૫૧	૩-૩૩
ફે. ૧	૭-૨૧	૧૮-૨૭	૮-૯	૧૦-૮	૧૧-૩૨	૧૨-૫૪	૧૫-૪૩	૭-૧૫	૧૮-૩૧	૮-૩	૧૦-૪	૧૧-૨૯	૧૨-૫૩	૧૫-૪૨	૭-૨૩	૬-૨૮	૮-૧૧	૧૦-૯	૧૧-૩૨	૧૨-૫૫	૩-૪૦
૧૬	૭-૧૩	૧૮-૩૭	૮-૧	૧૦-૪	૧૧-૨૯	૧૨-૫૫	૧૫-૫૦	૭-૮	૧૮-૩૯	૭-૫૬	૧૦-૧	૧૧-૨૮	૧૨-૫૩	૧૫-૪૮	૭-૧૫	૬-૩૮	૮-૩	૧૦-૫	૧૧-૩૦	૧૨-૫૫	૩-૪૫
મા. ૧	૭-૪	૧૮-૪૨	૭-૫૨	૯-૫૯	૧૧-૨૬	૧૨-૫૩	૧૫-૫૧	૭-૦	૧૮-૪૪	૭-૪૮	૯-૫૬	૧૧-૨૪	૧૨-૫૨	૧૫-૪૯	૭-૪	૬-૪૩	૭-૫૨	૯-૫૯	૧૧-૨૬	૧૨-૫૪	૩-૪૯
૧૬	૬-૫૦	૧૮-૪૮	૭-૩૮	૯-૫૦	૧૧-૨૦	૧૨-૪૯	૧૫-૫૦	૬-૪૮	૧૮-૪૮	૭-૩૬	૯-૪૮	૧૧-૧૮	૧૨-૪૮	૧૫-૪૮	૬-૫૦	૬-૪૯	૭-૩૮	૯-૫૦	૧૧-૨૦	૧૨-૪૯	૩-૫૦
એ. ૧	૬-૩૫	૧૮-૫૪	૭-૨૩	૯-૩૯	૧૧-૧૨	૧૨-૪૪	૧૫-૫૦	૬-૩૪	૧૮-૫૨	૭-૨૨	૯-૩૮	૧૧-૧૧	૧૨-૪૩	૧૫-૪૮	૬-૩૩	૬-૫૬	૭-૨૧	૯-૩૬	૧૧-૧૦	૧૨-૪૪	૩-૫૦
૧૬	૬-૨૦	૧૯-૦	૭-૮	૯-૩૦	૧૧-૫	૧૨-૩૯	૧૫-૫૦	૬-૨૩	૧૮-૫૫	૭-૧૧	૯-૩૧	૧૧-૫	૧૨-૩૯	૧૫-૪૮	૬-૧૮	૭-૨	૭-૬	૯-૨૭	૧૧-૫	૧૨-૩૯	૩-૫૧
મે ૧	૬-૮	૧૯-૬	૬-૫૬	૯-૨૩	૧૧-૦	૧૨-૩૬	૧૫-૫૨	૬-૧૪	૧૯-૦	૭-૨	૯-૨૪	૧૧-૦	૧૨-૩૫	૧૫-૪૮	૬-૬	૭-૯	૬-૫૪	૯-૨૧	૧૧-૦	૧૨-૩૬	૩-૫૫
૧૬	૬-૦	૧૯-૧૩	૬-૪૮	૯-૧૯	૧૦-૫૮	૧૨-૩૬	૧૫-૫૬	૬-૮	૧૯-૬	૬-૫૬	૯-૨૧	૧૦-૫૮	૧૨-૩૭	૧૫-૫૧	૫-૫૮	૭-૧૬	૬-૪૬	૯-૧૬	૧૦-૫૭	૧૨-૩૫	૩-૫૭
જુ. ૧	૫-૫૫	૧૯-૨૦	૬-૪૩	૯-૧૮	૧૦-૫૮	૧૨-૩૮	૧૬-૧	૬-૫	૧૯-૧૧	૬-૫૩	૯-૨૦	૧૦-૫૮	૧૨-૩૯	૧૫-૫૭	૫-૫૨	૭-૨૪	૬-૪૦	૯-૧૪	૧૦-૫૫	૧૨-૩૮	૪-૧
૧૬	૫-૫૬	૧૯-૨૫	૬-૪૪	૯-૧૯	૧૧-૦	૧૨-૪૦	૧૬-૫	૬-૬	૧૯-૧૬	૬-૫૪	૯-૨૧	૧૧-૦	૧૨-૪૦	૧૫-૫૮	૫-૫૨	૭-૩૦	૬-૪૦	૯-૧૫	૧૦-૫૭	૧૨-૪૧	૪-૫
જુ. ૧	૫-૫૯	૧૯-૨૬	૬-૪૭	૯-૨૧	૧૧-૩	૧૨-૪૩	૧૬-૭	૬-૯	૧૯-૧૮	૬-૫૭	૯-૨૪	૧૧-૪	૧૨-૪૩	૧૬-૨	૫-૫૫	૭-૩૩	૬-૪૩	૯-૧૮	૧૧-૨	૧૨-૪૪	૪-૮
૧૬	૬-૪	૧૯-૨૬	૬-૫૨	૯-૨૫	૧૧-૫	૧૨-૪૫	૧૬-૭	૬-૧૪	૧૯-૧૮	૭-૨	૯-૨૮	૧૧-૬	૧૨-૪૫	૧૬-૨	૬-૧	૭-૩૨	૬-૪૯	૯-૨૨	૧૧-૫	૧૨-૪૫	૪-૯
ઓ. ૧	૬-૧૧	૧૯-૨૧	૬-૫૯	૯-૨૯	૧૧-૮	૧૨-૪૬	૧૬-૫	૬-૧૯	૧૯-૧૪	૭-૭	૯-૩૧	૧૧-૮	૧૨-૪૫	૧૬-૦	૬-૮	૭-૨૫	૬-૫૬	૯-૨૭	૧૧-૭	૧૨-૪૬	૪-૬
૧૬	૬-૧૬	૧૯-૧૨	૭-૪	૯-૩૧	૧૧-૮	૧૨-૪૪	૧૫-૫૮	૬-૨૧	૧૯-૫	૭-૯	૯-૩૨	૧૧-૮	૧૨-૪૩	૧૫-૫૫	૬-૧૪	૭-૧૭	૭-૨	૯-૩૦	૧૧-૮	૧૨-૪૫	૪-૦
સ. ૧	૬-૨૩	૧૮-૫૯	૭-૧૧	૯-૩૨	૧૧-૭	૧૨-૪૦	૧૫-૪૯	૬-૨૪	૧૮-૫૩	૭-૧૨	૯-૩૨	૧૧-૬	૧૨-૪૦	૧૫-૪૫	૬-૨૧	૭-૪	૭-૯	૯-૩૧	૧૧-૬	૧૨-૪૦	૩-૫૦
૧૬	૬-૨૭	૧૮-૪૨	૭-૧૫	૯-૩૨	૧૧-૩	૧૨-૩૫	૧૫-૨૫	૬-૨૭	૧૮-૪૦	૭-૧૫	૯-૩૧	૧૧-૨	૧૨-૩૪	૧૫-૩૪	૬-૨૬	૬-૪૭	૭-૧૪	૯-૩૨	૧૧-૪	૧૨-૩૫	૩-૩૯
ઓ. ૧	૬-૩૩	૧૮-૨૬	૭-૨૧	૯-૩૨	૧૦-૫૯	૧૨-૩૦	૧૫-૧૦	૬-૩૧	૧૮-૨૭	૭-૧૯	૯-૩૦	૧૦-૫૯	૧૨-૨૯	૧૫-૨૩	૬-૩૨	૬-૩૨	૭-૨૦	૯-૩૧	૧૧-૧	૧૨-૩૦	૩-૨૭
૧૬	૬-૩૯	૧૮-૧૩	૭-૨૭	૯-૩૩	૧૦-૫૬	૧૨-૨૬	૧૪-૫૨	૬-૩૩	૧૮-૧૬	૭-૨૧	૯-૩૦	૧૦-૫૩	૧૨-૨૪	૧૫-૧૧	૬-૩૮	૬-૧૭	૭-૨૬	૯-૩૨	૧૦-૫૭	૧૨-૨૫	૩-૧૬
ન. ૧	૬-૪૮	૧૮-૧	૭-૩૬	૯-૩૭	૧૦-૫૮	૧૨-૨૫	૧૪-૪૦	૬-૪૦	૧૮-૫	૭-૨૮	૯-૩૪	૧૦-૫૮	૧૨-૨૩	૧૪-૫૬	૬-૪૬	૬-૨	૭-૩૪	૯-૩૫	૧૧-૧	૧૨-૨૪	૩-૪
૧૬	૬-૫૮	૧૭-૫૫	૭-૪૬	૯-૪૪	૧૧-૨	૧૨-૨૭	૧૪-૩૬	૬-૪૮	૧૮-૦	૭-૩૬	૯-૩૯	૧૧-૦	૧૨-૨૭	૧૪-૫૨	૬-૫૮	૫-૫૩	૭-૪૬	૯-૪૪	૧૧-૪	૧૨-૨૫	૨-૫૮
ડિ. ૧	૭-૯	૧૭-૫૪	૭-૫૭	૯-૫૧	૧૧-૮	૧૨-૩૧	૧૪-૪૧	૬-૫૯	૧૭-૫૯	૭-૪૭	૯-૪૬	૧૧-૫	૧૨-૨૮	૧૪-૫૪	૭-૭	૫-૫૨	૭-૫૫	૯-૫૦	૧૧-૧૦	૧૨-૩૧	૨-૫૭
૧૬	૭-૧૮	૧૭-૫૮	૮-૬	૧૦-૦	૧૧-૧૭	૧૨-૩૮	૧૪-૪૫	૭-૮	૧૮-૩	૭-૫૬	૯-૫૦	૧૧-૧૪	૧૨-૩૫	૧૫-૨૦	૭-૧૭	૫-૫૫	૮-૫	૯-૫૯	૧૧-૧૯	૧૨-૩૯	૩-૬

અમદાવાદની આસપાસના ગામવાળાઓએ સૂર્યોદય તથા નવકારસી વિ.માં ૫-મિનીટ વધારી પચ્ચક્ખાણ ગણવું. તથા ૧-થી ૧૬ અને ૧૬થી-૩૦ તારીખનું અંતરબાકી હિસાબ ગણવો.......

કાળ	ફા૦સુ૦૧૫થી	ફા૦સુ૦૧૫થી	અ૦સુ૦૧૫થી
પાણી	૪, પ્રહર	૫, પ્રહર	૩, પ્રહર
સુખડી	૧, માસ	૨૦, દિન	૧૫, દિન
કાંબળી	૪, ઘડી	૨, ઘડી	૬, ઘડી
પલ્લા	૪	૩	૫

(૧) ફાગણ સુદ ૧૫થી–ભાજીપાલો, નવું પીલેલ તલનું તેલ, બદામ વિના મેવો, ખજુર, ખારેક, ટોપરાની કાચલીઓ (ગોળો ફોડેલ બીજે દિને અભક્ષ) આઠ માસ બંધ. **(૨) આર્દ્રાથી**–કેરી અને કાચી ખાંડ કાર્તક સુદ ૧૪ સુધી બંધ. **(૩) અસાડ સુદ ૧૫થી**–બદામ ચાર માસ બંધ (આખો ફોડેલ બીજે દિને અભક્ષ)

—: અણાહારી :—

(૧) અગર (૨) અફીણ (૩) નિંબપંચાંગ (૪) આસન (૫) તગરગંઠોડાં (૬) એળીઓ૦ ઘણા દિન ન વાપરવો (૭) હળદર (૮) અંબર (૯) પાનની જડ (૧૦) અતિવિષ કળી (૧૧) ગોમૂત્ર (૧૨) ઉપલેટ (૧૩) જવખાર (૧૪) કર્પાસાતુ (૧૫) ગળો (૧૬) કસ્તુરી (૧૭) ગુગળ (૧૮) કડુ (૧૯) દાડમછાળ (૨૦) તમાકુ (૨૧) ચિત્રમૂળક (૨૨) કાથો અથવા ખેરસાર (૨૩) ત્રિફળા (૨૪) કટકડી (૨૫) કુવારનાં મૂળ (૨૬) બહેડાંની છાળ (૨૭) બુચકણ (૨૮) બીયો (૨૯) હીરાબોલ (૩૦) રીંગણી (૩૧) હીંમજ અને હરડે (૩૨) સાજીખાર (૩૩) સુખડ (૩૪) સુરેખાર (૩૫) અફીણ અને કેસરનો લેપ (૩૬) લોબાન (૩૭) દર્ભમૂળ (૩૮) વખમો (૩૯) રક્ષા (૪૦) પુંવાડીયાના બીજ (૪૧) કસ્તુરી સાથે અંબર (૪૨) કેરમૂળ (૪૩) બાવળ છાલ (૪૪) ગોમૂત્ર ત્રિફળા ગોળી (૪૫)

ધમાસો (૪૬) મહુઠ (૪૭) અગરચૂર્ણ (૪૮) અગરલેપ (૪૯) ટંકણખાર (૫૦) આકડાનો ક્ષાર (૫૧) ફટકડીનો ભૂકો દબાવવો (૫૨) સુખડ–લાકડીયોગધકલેપ.

(ઉપરની ઔષધિ કયા રોગ ઉપર કામ આવે તેનો નંબર)

પેશાબ બંધ કરે, ૨ ગોળો નાશક, ૨૫ સોજો નાશક, ૭,૧૬
ક્ષીણતા નાશક, ૮ રક્તપિત્ત ,, ૨૮ પેટદુખાવો ,, ૩૮
કંપવાયુ ,, ૮ મૂર્ચ્છા ,, ૪૭ બેભાન ,, ૮,૪૭
અજીર્ણ ,, ૨૬ સુતિકાદોષ ,, ૩૦ ચળ ,, ૬૬,૩૯
દંતરોગ ,, ૨૪ પવન છુટ કરે, ૩૨ અરૂચી ,, ૭,૬૪
મુખગરમી ,, ૨૪ ગેસ નાશક, ૩૨ મુખરોગ ,, ૩૨
બરોળ ,, ૨૫ કોલેરા ,, ૪૬ અસ્થિસંધાનક, ૬૭
ઉંઘલાવે, ૨ આર્તવશુદ્ધિ કરે, ૮ વાઈનાશક, ૨,૨૦,૪૭
દમ નાશક, ૩૦ વંધ્ય આર્તવબંધક,૨૯ ગોળો ,, ૬૬,૬૩,૩૨
શ્વાસ ,, ૬૩ મગજને હિતકારી,૩૬ દાદર ,, ૩,૭,૪૦,૫૨
વાત રોગ ,, ૬૩ ધાતુલોહી અટકાવે,૫૬ દાહ ,, ૬૪,૬૫,૪૫
આંચકી ,, ૬૬ શૂળનાશક,૬૩,૩૨,૪૬ પ્રદર ,, ૬૪,૬૫,૩૭
ભેદક ૬૮ અતિસાર ,, ૬૯,૨૬,૨૯ કમળો ,, ૬૫,૬૮,૩૬
મુખ શોધક, ૨૨ પ્રમેહ ,, ૭,૬૫,૬૮ ચર્મરોગ ,, ૭,૨૫,૪૬
મસાનાશક, ૬૩,૬૫,૪૭,૪૬ તૃષાનાશક, ૭,૬૨,૬૪,૨૭,૪૫
રક્તદોષ ,, ૩,૬૬,૨૨,૪૬ હૃદય ,, ૬૫,૬૬,૬૭,૨૩,૩૬
મસ્તક દુઃખ ,, ૫,૨૭,૩૫ ખાંસી ,, ૬૯,૨૨,૨૩,૨૬,૪૨,૪૩
ઝાડા બંધ કરે, ૨,૬૦,૪૯ પિત્ત ,, ૩,૯,૬૪,૬૫,૬૮,૨૩,૨૫,૩૩
આંખને હિતકારી, ૨૩,૩૬ શક્તિદાયક, ૪,૮,૬૫,૬૬,૬૭,૨૩,૩૭
પરસેવો લાવે, ૨,૪,૨૪,૪૮ મલશોધક,૬,૬૬,૬૩,૬૮,૨૩,૨૫,૪૪,૪૯
સ્ફૂર્તિદાયક, ૪,૮,૬૬,૨૩ વાયુનાશક, ૪,૫,૯,૬૬,૬૨,૬૩,૬૫,૬૬
૬૭,૨૦,૨૩,૩૬,૪૨,૪૯
થંડક માટે, ૬,૩,૨૨,૨૫,૩૩ કફનાશક, ૭,૯,૬૬,૬૩ થી ૬૬,૨૦,૨૩
ક્રોધ નાશક, ૩,૭,૬૬,૬૫,૬૮ ૨૫,૨૬,૨૮,૩૦,૩૨,૪૯,૫૦
પાચક, ૬૬,૬૯,૨૬,૩૦,૩૮

–: આગમનું રહસ્ય :–

(૧) "असढाऽऽइण्णऽऽणुचण्णं गीयऽत्थ अचारियं" ति मज्झत्था; आयरणा वि हु आणु, त्ति वियणओ सुयहु मन्नंति (४६)

દંભ વિનાના પુરૂષોએ આચરેલું તથા શાસ્ત્ર અપેક્ષા તેમજ ગીતાર્થ પુરૂષોએ નિષેધ નહિ કરેલ એવી પ્રણાલિકાઓને પણ ભગવાનની આજ્ઞાતુલ્ય માની મધ્યસ્થ પુરૂષો વિનયપૂર્વક તેનું બહુમાન કરે છે. (ચૈ૦ ભા૦)

(૨) સૂત્ર, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય, વૃત્તિ, પરંપરા, અને અનુભવ,

આ સાતે શાસ્ત્રનાં અંગ કહ્યાં છે, માટે આ સાતથી સત્ય અર્થ પ્રાપ્ત થાય, આ સાતથી અવિરૂદ્ધ માર્ગ તે જિનાજ્ઞા (ઠાણાંગ).

(૩) आणाई तवो आणाई संजमो, तहय दाणमाणाओ; आणारहिओ धम्मो, पलाल पुलव्व पडिहाई (૩૨)

જિનેશ્વરની આજ્ઞાપૂર્વક જે કંઇ કરવું, તે–તપ, તે–સંયમ અને તે–દાન જાણવું.

જિનેશ્વરની આજ્ઞારહિત પોતાની બુદ્ધિથી સારામાં સારૂં કરવામાં આવે તો પણ તે સર્વ ઘાસની જેમ નિરર્થક છે (સં૦સિ૦)

(૪) वीतराग ! सपर्यातः, तवाज्ञापालनं परं;
आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च (૪)

કલિકાળ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંત વીતરાગ સ્તોત્રમાં ફરમાવે છે કે :– હે વીતરાગ ! તારી દ્રવ્યપૂજાથી પણ તારી આજ્ઞાનું પાલન કરવું તે વધારે શ્રેષ્ઠ છે.

કારણ કે :– આજ્ઞાનું પાલન કરવાથી સર્વદુઃખથી મુક્ત થવાય છે. અને આજ્ઞાનું ખંડન કરવાથી સંસારમાં રખડપટ્ટી વધારાય છે.

(૫) આણા ખંડનકારી, જઇ વિ તિકાલં મહાવિભૂઇએ;
પૂએઇ વીયરાયં, સવ્વં પિ નિરત્થયં તસ્સ (૩૩)

ભગવાનની આજ્ઞાને ખંડન કરનારો સવાર બપોર અને સાંજ ત્રણે ટાઈમ ઘણા ધનનો અર્ચ કરીને ભગવાનની પૂજા કરે, તો પણ તેને સર્વ નિષ્ફળ થાય છે.

અથવા સરવાળે આજ્ઞાખંડનનું પાપ વધી જતું હોવાથી દુર્ગતિમાં જઈ અનેક પ્રકારે દુઃખો ભોગવે છે. **(સં૦)**

(૬) જિણાણાએ કુણંતાણં, નૂણં નિવ્વાણકારણું;
સુંદરં પિ સુયુદ્ધીણં, સવ્વં ભવનિબંધણું (૨)

ભગવાનની આજ્ઞાપૂર્વક જે કંઈ પણ કરવામાં આવે તે મોક્ષનું કારણ બને છે, અને ભગવાનની આજ્ઞા વિના પોતાની બુદ્ધિથી સારામાં સારું કરે તો પણ, તે સર્વ સંસારની વૃદ્ધિ કરનાર જ છે.

(૭) પાપ નહિ કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધચારિત્ર પરખો (૬) ધાર૦

અધ્યાત્મજ્ઞાની **આનંદઘનજી** મહારાજ સાહેબે શ્રી અનંતનાથ ભગવાનની સ્તુતિ કરતાં સાફ સાફ શબ્દોમાં જણાવ્યું છે કે :– આજ્ઞાવિરુદ્ધ જે કંઈ બોલવું, તે મોટામાં મોટું પાપ છે. અને શાસ્ત્રને અનુસારે જે કંઈ કરવું, તે મોટામાં મોટો ધર્મ છે.

માટે શાસ્ત્રને અનુસારે જે આત્માઓ ક્રિયા કરે છે તેમનું જ શુદ્ધચારિત્ર છે એમ જાણવું.

(૮) વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો...ધાર૦

તે જ મહાપુરુષ ચોથી ગાથામાં જણાવે છે કે :– પ્રભુની આજ્ઞાને ઠોકરે મારીને જે કંઈ વ્યવહાર કરવો તે સર્વ જૂઠો વ્યવહાર છે.

અને ભગવાનની આજ્ઞાને લક્ષમાં રાખીને તેમની આજ્ઞાને અનુસરીને જે કંઈ વ્યવહાર કરવો તે સર્વ સાચો વ્યવહાર છે.

પ્રભુની આજ્ઞાની અપેક્ષા વિનાનો સર્વ વ્યવહાર સંસારની જ વૃદ્ધિ કરનાર છે.

માટે ભગવાનની આજ્ઞાની અપેક્ષા રાખ્યા વિના જે કંઈ વ્યવહાર થાય છે તેમાં પ્રીતિ ધારણ કરવી નહિ.

(૯) માસે માસે ઉ જા અજ્જા, એગસિત્થેણ પારએ;
કલહે ગિહત્થ માસાહિં, સવ્વં તીઇ નીરત્થયં (૧૩૪)

ગચ્છાચાર૦માં જણાવ્યું છે કે :—માસખમણને પારણે માસખમણ, બે માસીને પારણે બે માસી, ત્રણ માસીને પારણે ત્રણ માસી આદિ કરે, અને પારણામાં એક જ વખત ભાત–કુરી આદિ વાપરનારી સાધ્વી, ભગવાનની આજ્ઞાવિરુદ્ધ થઈ કોઈના મર્મ ઉઘાડે, આળ આપે, શાપ આપે, તેમજ ગાળો બોલીને ઝઘડો કરે, તો તેનું સર્વ તપ–જપ–ચારિત્ર નિષ્ફળ બને છે.

(૧૦) જં અન્નાણિ કમ્મં ખવેઈ, બહુઆહિં વાસકોડીહિં;
તં ણાણી તિહિગુત્તો, ખવેઇ ઉસાસમિત્તેણ (અનુ૦)

ઉગ્ર તપ–જપ આદિ અનેક કષ્ટકારી ક્રિયાઓ ક્રોડો વર્ષ સુધી કરીને અજ્ઞાની આત્મા જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મોને મન વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને રોકનાર જ્ઞાની આત્મા શ્વાસોશ્વાસમાં ક્ષય કરે છે.

(૧૧) કિં બહુણા ઇહ જહ જહ, રાગ દોસા લહું વિલિજ્જંતિ;
તહ તહ પયટ્ટિઅવ્વં, એસા આણા જિણંદાણં (૧૬૫)

૩૦ શ્રીમદ્યશોવિજયજી ગુરુતત્વનિશ્ચયમાં આગમનું રહસ્ય અર્થાત્ ભગવાનની આજ્ઞા કોને કહેવાય તે બતાવે છે કે :— જેમ જેમ રાગ–દ્વેષ અને મોહ ઓછા થાય, તેમ તેમ વર્તવું, એજ–જિનેશ્વર ભગવંતની આજ્ઞા છે.

—: वंदन विचार :—

(१) કોઈ પણ સાધુ–સાધ્વી મહારાજ સામા મળે ત્યારે પ્રથમ નાનામાં નાના એ **मत्थएण वंदामि** કહેવું જોઈએ, જો માથું ન ઝુકે અને અક્કડ રહે તો તેણે પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર **ખોટો** જાણવો, અને તેનું તપ–જપ–સંયમ–વિ૦ સર્વ બાદુબલીની માફક આત્મશુદ્ધિમાં નિષ્ફળ બને છે.

કારણ કે :—અભેદ દૃષ્ટિએ કોઈપણ એક પદની આશાતના કરવાથી પાંચે પરમેષ્ઠિની આશાતના થાય છે, તેવી રીતે કોઈપણ એક પદને નમસ્કાર કરવાથી પાંચે પરમેષ્ઠિને નમસ્કાર થઈ જાય છે.

(૨) દેવવંદનની જેમ દરરોજ **ગુરૂવંદન** કરવું એ પણ એક આવશ્યક છે.

હે આત્મન્! તેં દેવસંબંધી ઘણી યાત્રાઓ કરી અને ઘણા દહેરાસરોમાં જઈ વીતરાગના દર્શન કર્યા, પરંતુ ગુરૂઓ સંબંધી કેટલી યાત્રાઓ કરી? અને કેટલા ઉપાશ્રયમાં જઈ ગુરૂવંદન કર્યું?

વિહારમાં વચ્ચે આવતા જિનમંદિરો જોઈ તું દર્શન કરવા તલપાપડ થાય છે, પરંતુ એ જ માર્ગમાં વચ્ચે આવતા ઉપાશ્રયો જોઈ ગુરૂવંદન કરવા તારૂં રૂવાડું ફરકે છે કે નહિ? ફરકે તો તારો ભાગ્યોદય સમજજે.

(૩) **હે આત્મન્!** શિષ્યને સર્વ પ્રકારની સામગ્રી પૂરી પાડવા તું હરખાય છે. પરંતુ ગુરૂની ભક્તિમાં તારી શક્તિનો સદુપયોગ કરતાં તું કેમ ઉદાસીન બને છે? માટે હવે **જાગ્રત થા** અને મનને સમજાવી દે કે **પહેલા ગુરૂ અને પછી શિષ્ય.**

(૪) **પાંચ કારણે ગુરૂવંદન થાય નહિ.** (૧) ગુરૂ કોઈપણ ધર્મકાર્યના વિચારમાં એકાગ્ર ચિત્તવાળા હોય (૨) સન્મુખ ન હોય (૩) નિદ્રા આદિ પ્રમાદમાં વર્તતા હોય (૪) આહાર કરતા હોય અથવા કરવાના આરંભવાળા હોય અને (૫) સ્થંડિલ જતા હોય ત્યારે ગુરૂવંદન થાય નહિ. **(ગુ૦ ભા૦)**

(૫) વડીલના વિરહમાં દેવવંદનની જેમ સ્થાપનાજીને દરરોજ ગુરૂવંદન કરવું જોઈએ.

દરેક ક્રિયામાં સ્થાપનાજી પાસે ગુરૂની જેમ જ ગુરૂ માની આદેશ માગવા, અને સાક્ષાત્ ગુરૂદેવ જ આજ્ઞા આપે છે તેમ સમજવું.

(૬) ગુરૂ અથવા વડીલથી **સ્વપક્ષે** (પુરૂષથી પુરૂષે અને સ્ત્રીથી સ્ત્રીએ) **સાડાત્રણ હાથ** અને **પરપક્ષે** (સ્ત્રીથી પુરૂષે અને પુરૂષથી સ્ત્રીએ) **તેર હાથ** અવગ્રહ રાખી દૂર રહેવું, પરંતુ જ્યારે જરૂર પડે ત્યારે વડીલની આજ્ઞા મેળવીને અવગ્રહમાં પ્રવેશ કરવો.

(૭) હીણસ્સવિ સુદ્ધપરૂ–વગસ્સ નાણાહિયસ્સ કાયવ્વં;
જણચિત્તગાહણત્થં, કરિંતિ લિંગાવસેસે વિ

શિથિલ આચારવાળો હોય પરંતુ અગાધજ્ઞાની હોય, અને શુદ્ધ દેશના આપતો હોય તો લોક અપવાદ નિવારણ કરવા તેનું વૈયાવચ્ચ, અલ્પજ્ઞાનિ અને ઉગ્ર ક્રિયાવાળાએ કરવું જોઈએ, અન્યથા શાસન હેલના (સાધુઓ ઉપર અભાવ) થાય કે :—આ લોકો ઘર છોડ્યાં પરંતુ પરસ્પર ઈર્ષ્યાવાળા છે. **(૩૪૭ ઉ૦ ભા૦)**

—: સાધુત્વની ભાવના :—

(૧) સમસ્ત જગત (૬ દ્રવ્યાત્મક)ને અનાદિ–અનંત તેમ જ ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વરૂપ જાણીને **મધ્યસ્થભાવ** ધારણ કરે **(૨)** **સર્વજ્ઞ** અને સર્વદર્શી **શ્રી વીતરાગ** ભગવંતોએ ભાખેલ હેય–ઉપાદેય સ્વરૂપી મોક્ષમાર્ગમાં **અવિચલિત શ્રદ્ધા** ધારણ કરે **(૩)** શ્રી જિનેશ્વર ભગવંતોએ ભાખેલ શુદ્ધાત્મસ્વરૂપને નયસ્વરૂપે યથાર્થ જાણી અનાદિ–અનાત્મકભાવને **દૂર કરવા** પ્રયત્ન કરે. **(૪)** નિરંતર પોતાના આત્માની **શુદ્ધિનું** લક્ષ રાખે **(૫)** જગતના સમસ્ત જીવો પ્રત્યે યથાયોગ્ય **મૈત્રી–પ્રમોદ–માધ્યસ્થ** અને **કારુણ્યભાવ** રાખે **(૬)** પાંચ મહાવ્રતોના પાલનમાં સદા **ઉત્સાહી** ચિત્તવાળો રહે **(૭)** પાંચ ઇન્દ્રિયોના વિષયોથી **વિરામ** પામે **(૮)** સાધુના પ્રધાનભાવ

ક્ષમામાં આગળ વધતો રહે (૯) પ્રાપ્ત થયેલા ગુણોમાં ઉત્કર્ષ **ધરે** નહિ (૧૦) માયા તેમ જ અજ્ઞાનયુક્ત વાણી–વર્તનમાં **વિલાસ** તજે (૧૧) સર્વ પ્રકારના પરિગ્રહમાં સંસારનો **મોહ** જાણે (૧૨) રાગના બંધનો **તોડવાનો** પ્રયત્ન કરે (૧૩) કોઈ પણ ભાવમાં **દ્વેષ** ધારણ કરે નહિ (૧૪) ચતુર્વિધ શ્રીસંઘ પ્રત્યે **ભક્તિભાવ** ધારણ કરે (૧૫) અરિહંત પરમાત્માની **આજ્ઞા** વિચારે (૧૬) સિદ્ધ પરમાત્માનું **ધ્યાન** ધરે (૧૭) વડિલોનો **વિનય–વૈયાવચ્ચ** કરે (૧૮) ગુણી પુરૂષોનું **બહુમાન** કરે (૧૯) આત્માર્થમાં જાગ્રત રહી **પરપરિવાદનો** વિશેષ પ્રકારે ત્યાગ કરે. (૨૦) જગતના સર્વ જીવોને **કર્માધીન** જાણે (૨૧) ઉત્તમ જીવો પ્રત્યે **ભાવકરૂણા** લાવી તેમને **ધર્મોપદેશ** આપી ધર્મમાર્ગમાં પ્રવર્તાવે (૨૨) આશ્રિતોનું સદા **હિત** ચિન્તવે (૨૩) શરીરનું **મમત્વ** ત્યાગે (૨૪) અનુકૂલ-પ્રતિકૂલ પરિષહોને **સહન** કરતાં શિખે (૨૫) **નિયાણું વર્જે** (૨૬) નિરંતર દોષોનું **પ્રાયશ્ચિત** કરે (૨૭) ઉપસર્ગ કાળે પણ **ધર્મને** મૂકે નહિ.

—: હિતશિક્ષા :—

(૧) ફક્ત વેશ પહેરવાથી આપણું કામ સમાપ્ત થતું નથી, પરંતુ જીવનને સંસ્કારથી સુશોભિત બનાવવાનું છે.

(૨) ગુરુની આજ્ઞાનું પાલન કરવું.

ચારિત્રદાતા ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોટાકોટીએ કરી, કરતાં કોટી ઉપાય (૧)
છઠ્ઠઠ્ઠમ દશમ દુવાલસેહિં, માસદ્ધ માસખમણેહિં;
અકરંતા ગુરુવયણું, અણંતસંસારિઆ ભણિયા (૨)

(૩) ગુરુ મહારાજનો ઠપકો મળે એવું કાર્ય મન–વચન અને કાયાથી કરવું નહિ.

(૪) વડીલોનો વિનય સાચવવો અને સામું બોલવું નહીં.

(૫) કોઈ વખત લઘુ [સાધુ–સાધ્વી] બોલી જાય તો પણ સહન કરતાં શીખી લેવું.

(૬) આગંતુક [મહેમાન] સાધુ–સાધ્વી સાથે લેવા–દેવાનો તથા ભક્તિ અને વંદનનો વ્યવહાર ગુરુની આજ્ઞા પૂર્વક કરવો.

(૭) ઉન્માર્ગે જતા શિષ્યને ગુરૂ અટકાવે અને હિતવચન કહે, ઉન્માર્ગે જતા ગુરૂને શિષ્ય અટકાવે અને હિતવચન એકાન્તમાં વિનયપૂર્વક કહે, તેવી રીતે સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકામાં પરસ્પર જાણવું, જેમકે એક શ્રાવિકા પણ ઉન્માર્ગે જતા ધુરંધર આચાર્યને પણ હિતવચન કહી શકે છે.

(૮) પરસ્પર સંપ રાખવો, અને હળીમળીને રહેવું, સ્વભાવ ચીડીયો રાખવો નહીં, ઈર્ષ્યા અને નિન્દાનો સદંતર ત્યાગ કરવો.

(૯) "ઇચ્છામિ ખમાસમણો વંદિઉં"

હે ક્ષમાશ્રમણ ! હું આપને વંદન કરવાને ઇચ્છું છું, આમાં 'ખમા' એટલે 'ક્ષમા' રાખવી એ સાધુનું મુખ્ય કર્તવ્ય બતાવ્યું છે,

(૧૦) વૈયાવચ્ચ કરવામાં કાયર ન બનવું, કારણ કે મહાન પુણ્યનો ઉદય હોય તોજ ભક્તિનો લાભ મળે, અભ્યંતર ભક્તિ તેજ કહેવાય કે જે ગુરૂનું ચિત્ત પ્રસન્ન રાખવું અથવા ગુરૂની આજ્ઞાનું પાલન કરવું.

(૧૧) નવરા બેસી રહેવું નહીં, પરંતુ ભણવું, અર્થ વિચારવા, વાંચવું, સ્વાધ્યાય કરવો, જાપ જપવો, ધ્યાન કરવું, અગર સેવા–ભક્તિ કરવી.

(૧૨) જ્ઞાનાવરણીયના ઉદયે જ્ઞાન ઓછું હશે તો ચાલશે, શરીરની શક્તિના અભાવે તપશ્ચર્યા ઓછી કરશો તો પણ ચાલશે, બેઠા બેઠા ક્રિયા કરશો તોપણ ચાલશે, પરંતુ "વ્યવહારશુદ્ધિ" પહેલી જોઈશે, કારણ કે એક વખત પણ ફક્ત વ્યવહાર બગાડ્યો તો પણ લોકો સદ્ગાયને માટે શંકાની દૃષ્ટિએ જોશે–આંગળી કરશે,

અને દેવ–ગુરૂ–ધર્મની નિન્દા કરી પાપના ભાગી બનશે, તેમાં નિમિત્ત આપણે બનીશું.

(૧૩) પ્રથમ વ્યવહાર બગડે, પછી મન બગડે, પછી કાયા બગડે, પરંતુ વ્યવહાર બગડતો અટકાવીને વ્યવહારશુદ્ધિ રાખવામાં આવે તો મન બગડે નહિ, તથા મન બગડ્યું હોય તોપણ બગડતું અટકી જાય, અને કાયાથી તો સચોટ બચી જવાય.

(૧૪) વ્યાખ્યાન ચાલતું હોય તો બનતાં સુધી વ્યાખ્યાન વખતે જ વંદન કરવા સાધ્વી ભગવંતોએ જવું, તેમ જ એકાકી જવું નહીં.

(૧૫) સાધુઓએ રસ્તામાં બહેનો અને સાધ્વીઓ સાથે વાત ચીત કરવી નહીં તેમજ પચ્ચક્ખાણ પણ આપવું નહીં, સાધ્વીઓએ રસ્તામાં પુરૂષો અને સાધુઓ સાથે વાતચીત કરવી નહીં તેમ જ પચ્ચક્ખાણ આપવું કે લેવું નહીં.

(૧૬) સાધુઓ સાથે સાધ્વીઓએ અને સાધ્વીઓ સાથે સાધુઓએ વસ્તુઓ લેવા–દેવા તથા વાતો કરવાનો ઉચિત વ્યવહાર રાખવો.

(૧૭) સાધુઓએ જ્યારે સાધુઓને કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓના સુખશાતાના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિ.

અને સાધ્વીને કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધુઓ અને શ્રાવકોના સુખશાતાના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિ.

સાધ્વીઓએ જ્યારે સાધ્વીઓને કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધુઓ તથા શ્રાવકોના સુખશાતાના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિ.

અને સાધુઓને કાગળ લખવો હોય ત્યારે તેમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓના સમાચાર લખવાની પદ્ધતિ રાખવી નહિ.

(૧૮) મલીન વ્યવહારવાળા સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનો ઘણો પરિચય રાખવો નહીં, ઉચિત જાણવું, ત્યાંથી ખસી જવું, છેવટે ગામ છોડી દેવું.

(૧૯) આપણા નિમિત્તે કોઈ અધર્મ પામે-પાપકર્મ બાંધે કે પતિત થતું હોય તો આપણી પ્રવૃત્તિ બદલાવવી જોઈએ, જેમ કે-ગામ છોડવું, તેવા સ્થાને જવું નહીં, સંસર્ગમાં ન આવવું, દૂર ખસી જવું.

(૨૦) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રી **સંયમની શુદ્ધિ** અને **આત્મગુણ** (દર્શન-જ્ઞાન અને ચારિત્ર) **ની વૃદ્ધિ** થાય તે પ્રમાણે વર્તવું.

—: શિષ્ય-ગુરુની પ્રશ્નોત્તરી :—

(૧) ઇચ્છા૦ સંદિ૦ ભગવન્? લાભ **(૨)** કહં લહશું? જહા ગહિયં પૂવ્વસાહૂહિં **(૩)** , આવરિસઆએ? જસ્સન્નેગો **(૪)** સજ્જતરનું ઘર? અમુક વ્યક્તિનું **(૫)** ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ? છંદેણં, ગુરુ-કામમાં હોય તો **પ્રતિક્ષસ્વ** અથવા **ત્રિવિધેન** કહે **(૬)** આણુજ્જાણહ મે મિઉગ્ગહં? આણુજ્જાણામિ **(૭)** વઇક્કંતો? તહત્તિ **(૮)** જત્તા-બે? તુજ્ઝંપિ વટ્ટએ? **(૯)** જવ-ય-બે? એવં **(૧૦)** **દેવસિઅં** વઇક્કમં? અહમવિ ખામેમિ તુમં **(૧૧)** સ્વામિ સાતા છેજી? દેવગુરુ પસાયે **(૧૨)** ભાત-પાણીનો લાભ દેજ્જો? વર્તમાન જોગ **(૧૩)** ઇરિયાવહિયં પડિક્કમામિ? પડિક્કમેહ **(૧૪)** પડિલેહઉં? પડિલેહેહ **(૧૫)** સંદિસાહઉં? સંદિસાવેહ **(૧૬)** ઠાઉં? ઠાએહ **(૧૭)** કરું? કરેહ **(૧૮)** બહુપડિપુન્ના પોરિસિ? તહત્તિ **(૧૯)** પ્રમાર્જું? પમજ્જેહ **(૨૦)** પડિલેહણા પડિલેહવાવોજી? પડિલેહેહ **(૨૧)** આલોઉં? આલોએહ **(૨૨)** ઇ૦ સં૦ ભ૦? પડિક્કમેહ **(૨૩)** ખામેઉં? ખામેહ **(૨૪)** ઇ૦ ભ૦ ૫૦ **પક્ષિય** તપ પ્રસાદ કરશોજી? ચોથભત્તેણં૦ (છટ્ઠ-

ભત્તેણં૰ અટ્ઠમભત્તેણં૰) (૨૫) પક્ખિઅં પડિક્કમું ? પડિક્કમેહ, પુનઃ શિષ્ય–સમ્મં પડિક્કમામિ (૨૬) પક્ખિઅસૂત્ર કહું ? કહેહ (૨૭) પક્ખિઅખામણાં ખામું ? ખામેહ (૨૮) ભગવન્ શુદ્ધા વસહિ ? તહત્તિ (૨૯) વસહિ પવેઉં ? પવેએહ (૩૦) પારું ? પુણો વિ કાયવ્વો, પુનઃ શિષ્ય–યથા શક્તિ (૩૧) પાર્યું ? આયારો ન મોત્તવ્વો ? પુનઃ શિષ્ય–તહત્તિ (૩૨) આદેશ દેશો૰–આપશો૰ ? બોલો–બોલજ્જે (૩૩) બહુવેલ કરશું ? કરજ્જે (૩૪) વાયણા લેશું ? લેજ્જે (૩૫) સજ્ઝાયમાં છું ? હો.

–: શિષ્યની માગણી :–

(૧) નંદિસૂત્ર સંભળાવો૰ ? (૨) મમ મુંડાવેહ ? (૩) મમ પચ્ચાવેહ ? (૪) મમ વેસં સમર્પેહ ? (૫) આલાપક ઉચ્ચરાવો૰ ? (૬) મમ નામ ઠવણું કરેહ ? (૭) ૪૦ ભ૰ ૫૦ પચ્ચ૰ આ૰ દેશો૰ ? (૮) હિતશિક્ષા પ્રસાદ કરાવો૰ ?

–: ગુરૂ વાકય :–

(૧) મિચ્છામિ દુક્કડં (૨) મત્થએણ વંદામિ (૩) તુમ્હેહિં સમં (૪) અહમવિ વંદાવેમિ ચેઇઆઇ (૫) આયરિય સંતિયં.

–: ગુરુની આશિષ–આજ્ઞાનો સ્વીકાર :–

(૧) નિત્થારગ પારગા હોહ ! ઇચ્છામો અણુસટ્ઠિં–તહત્તિ (૨) યથાશક્તિ તપ કરી પહોંચાડવો ! પઇટ્ઠિઓ—તહત્તિ (૩) સુગ્ગરીયં કરેહ ! ઇચ્છં.

–: સાધુચર્યા :–

(૧) એક પ્રહર બાકી રહે ત્યારે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી જાગ્રત થવું, નિદ્રા એ આત્મગુણનો ઘાત કરનાર સર્વઘાતી પ્રકૃતિ છે, માટે નિદ્રાને ઘટાડતા જવું.

આહાર ને ઉંઘ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે, તેમજ આહાર વધારવાથી ઉંઘપણ વધે છે.

(૨) જે જગ્યાએ ઉંઘ્યા હોઈએ કે રાઇપ્રતિક્રમણ કર્યું હોય, તે જગ્યાનો સ્વામી શય્યાતર થાય, પરંતુ એક જગ્યાએ ઉંઘ્યા અને બીજી જગ્યાએ રાઇપ્રતિક્રમણ કર્યું હોય તો બન્ને જગ્યાઓના બન્ને સ્વામી શય્યાતર થાય.

(૩) દરેક ક્રિયા પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ કરવી.

(૪) ક્રિયા કરતાં સ્થાપનાજી મસ્તક ઉપર અને પગથી નીચાણમાં રાખવા નહિ.

(૫) સ્થાપનાજી ઉપર રેશમી રૂમાલો તેમજ આકર્ષણ ભરેલા સુતરાઉ રૂમાલો રાખવા તે ઓઘારૂપ છે.

(૬) विभूसा वत्तिअं भिक्खू, कम्मं बंधई चिक्कणं;
संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे (६-१६)

કામળી, સંથારીયા, ઓઘારીયા આદિને ડીઝાઇનો પાડી રંગ-બેરંગી ભરત ભરવું તેમજ કપડાની ટાપટીપ અને શરીરની શોભા કરનાર સાધુ-સાધ્વી ચીકણાં કર્મ બાંધે છે તથા અત્યંતદીર્ઘ અને ભયંકર એવા સંસારસમુદ્રમાં ખુડે છે (દ૦ વૈ૦)

(૭) દરેક ક્રિયામાં વચ્ચે બીજી વાતો કરાય નહિ.

(૮) खेदोद्वेग क्षेपोत्थान-भ्रान्त्यन्यमुदृरुगासंगैः;
युक्तानि हि चित्तानि, प्रयन्वतो वर्जयेन्मतिमान् (३)

(૧) ખેદ-થાક, પ્રેમનો અભાવ, પૂર્વક્રિયાના દુઃખથી ઉત્તર ક્રિયાના અભાવ રૂપ દુઃખ, માર્ગથી થાકેલા માણસની માફક ઉદાસ **(૨) ઉદ્વેગ**-વેઠ, " કષ્ટવાળી ક્રિયાઓ છે " એવા જ્ઞાનથી અનુત્સાહ, ક્રિયા કરે તો પણ આનંદ ન આવે **(૩) ક્ષેપ**-એક ક્રિયા કરતાં બીજી ક્રિયામાં ચિત્ત જવું **(૪) ઉત્થાન**-અકરેલ મન, ઉતાવળીઓ સ્વભાવ **(૫) ભ્રાન્તિ**-સૂત્ર બોલ્યા કે નહિ તે યાદ ન રહેવું, એક

સૂત્રમાં બીજા સૂત્રની ભ્રાન્તિ થવી (૬) **અન્યમુદ્દ**–ચાલુ ક્રિયાને તિરસ્કારી અન્યક્રિયામાં હર્ષ ધારણ કરે (૭) **રોગ**–વિશિષ્ટ સમજ વિનાની ક્રિયા (૮) **આસંગ**–એક જ ક્રિયામાં આસક્ત "ઇદમેવ સુંદરં" ઇતિ. **આ આઠ દોષવાળી ક્રિયા આત્મશુદ્ધિ કરનાર થતી નથી.** માટે ચિત્તના આ આઠ દોષ વર્જવા લાયક છે (ષો૦ વિ૦)

(૯) કાઉસ્સગ્ગમાં જીભ અને હોઠ તેમજ આંગળી પણ હલાવવી જોઈએ નહિ.

(૧૦) કાઉસ્સગ્ગમાં સંખ્યા ગણવા ભ્રકુટિ અથવા આંગળી ફેરવવામાં આવે તો 'ભમુહંગુલી' નામનો દોષ લાગે અને હું હું કરે તો 'મુક' નામનો દોષ લાગે તથા વાંદરાની જેમ આડુંઅવળું જોયા કરે અને હોઠ હલાવે તો 'પ્રેક્ષ્ય' નામનો દોષ લાગે.

(૧૧) એવમાઇએહિં આગારેહિં–આ વાક્યમાં આદિશબ્દથી બીજા પણ અગારો બતાવે છે ૧–ઉજ્જેહિ–આગ–વિ૦ અગ્નિનો ઉપદ્રવ હોય ૨–પંચેન્દ્રિય જીવોની આડ પડતી હોય તથા છેદન–ભેદન થતું હોય ૩–રાજભય, ચોરભય કે ભીંત પડવાનો ભય હોય ૪– સ્વ–પરને સર્પાદિ ડંસનો ભય હોય તેમજ ડંસ દીધો હોય આદિ૦ આ ઉપર બતાવેલા કારણો વડે કાઉસ્સગ્ગમાં **(પાર્યા–વિના)** એક સ્થાનથી બીજે સ્થાને જતાં તોપણ કાઉસ્સગ્ગનો **ભંગ થાય નહિ** અને ત્યાં જઈ અધૂરો રહેલો કાઉસ્સગ્ગ પૂર્ણ કરે.

(૧૨) કાઉસ્સગ્ગમાં છીંક, બગાસું, ઓડકાર કે ખાંસી આવે તો મુખ આડી મુહપત્તિ કે વસ્ત્ર રાખવું જોઈએ, અને તેમ કરતાં કાઉસ્સગ્ગનો **ભંગ થાય નહિ.**

(૧૩) કાઉસ્સગ્ગ પૂર્ણ ગણીને **નમોઽરિહંતાણં** કહ્યા **પછી** જ હાથ ઊંચા લેવા (હલાવવા) જોઇએ.

(૧૪) કાઉસ્સગ્ગમાં **છીંક** આવે તો અથવા કોઇ **થોય** ભૂલે તો કાઉસ્સગ્ગ પારીને જ બોલાય (ભૂલ કહાય) પરંતુ **હુંકારા કરવા નહિ,** તેમ **પાર્યા વિના બોલાય પણ નહિ.**

(૧૫) કાઉસ્સગ્ગ જેટલો જેટલો કરવાનો હોય તેનાથી વધારે કે ઓછો કરવામાં આવે તો **અવિધિ દોષ લાગે.**

(૧૬) દેરાસરમાં કાઉસ્સગ્ગ કરતાં **પ્રભુ ઉપર દૃષ્ટિ રાખવી** અને ઉપાશ્રયમાં કાઉસ્સગ્ગ કરતાં **નાસિકા ઉપર** અથવા **સ્થાપનાજી ઉપર** દૃષ્ટિ રાખવી.

(૧૭)ઇરિયાવહિથી ભરહેસર૦ની સજ્ઝાય સુધી ક્રિયા કરી સ્વાધ્યાય અથવા ધ્યાન કરવું.

(૧૮) રાત્રિમાં શિયલભંગ સંબંધી સ્વપ્ન (કુસ્વપ્ન) આવેલ હોય તો સાગરવરગંભીરા સુધી. નહિ તો (અથવા દુઃસ્વપ્ન આવેલ હોય તો) ચંદેસુનિમ્મલયરા સુધી ચાર લોગસ્સનો કુસુમિણુ૦ નો કાઉસ્સગ્ગ કરવો **(વ્ય૦ ભા૦)**

(૧૯) કુસ્વપ્ન–રાગથી (મોહ–માયા–લોભથી) આવે. **દુઃસ્વપ્ન**–દ્વેષથી (ક્રોધ–માન–ઇર્ષ્યા–ખેદથી) આવે.

(૨૦) કુસુમિણુ૦નો કાઉસ્સગ્ગ કર્યા પછી **ઉંઘાય નહિ,** જો ઉંઘે **તો** ફરીથી કુસુમિણુ૦નો કાઉસ્સગ્ગ કરવો જોઈએ.

(૨૧) સવારના પ્રતિક્રમણમાં તપચિન્તવણીના કાઉસ્સગ્ગમાં તપનું ચિન્તવન કરવું જોઈએ.

(૨૨) તપ ચિન્તવવાની રીત—ભગવાન મહાવીરે છમાસી તપ કર્યો હતો, હે ચેતન ! તે તપ તું કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, એક દિવસ ન્યૂન છમાસી કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, તેવી રીતે એકેક દિવસ વધતાં ૨૯ દિવસ ન્યૂન છમાસી કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, તેવી રીતે પાંચ–ચાર–ત્રણ

અને બે માસમાં પણ ચિન્તવન કરવું, પછી માસખમણ કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી,

એક દિવસ ન્યૂન માસખમણ કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી. તેવી રીતે એકેક દિવસ વધતાં–૧૩–દિવસ ન્યૂન માસખમણ કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, પછી ૩૪ ભક્ત કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, પછી બે બે ભક્ત ઓછા કરતાં ચાર ભક્ત કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, પછી આયંબિલ કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, તેવી રીતે નીવિ–એકાસણું–બેઆસણું–અવડ્ઢ–પુરીમડ્ઢ–સાડ્ઢપોરિસિ–પોરિસિ કરીશ ? શક્તિ નથી–પરિણામ નથી, છેવટે નવકારસી કરીશ ? શક્તિ છે–પરિણામ છે, કહી કાઉસ્સગ્ગ પારે.

પોતે પૂર્વે કોઇ વખત પણ જ્યાં સુધી તપ કર્યો ન હોય ત્યાં સુધી શક્તિ નથી એમ ચિન્તવવું અને વધારેમાં વધારે જે તપ કર્યો હોય ત્યાંથી શક્તિ છે એમ ચિન્તવવું, તથા જ્યાં સુધી તપ કરવો ન હોય ત્યાં સુધી પરિણામ નથી એમ ચિન્તવવું અને જે તપ કરવો હોય ત્યાં પરિણામ છે એમ ચિન્તવીને કાઉસ્સગ્ગ પારે.

તપ ચિન્તવવાની ચતુર્ભંગી

(૧) પૂર્વે જે તપ કરેલ ન હોય અને આજે પણ કરવો ન હોય તો, શક્તિ નથી પરિણામ નથી. **(૨)** પૂર્વે જે તપ કરેલ ન હોય પરંતુ આજે કરવો હોય તો, શક્તિ નથી–પરિણામ છે **(૩)** પૂર્વે જે તપ કરેલ હોય પરંતુ આજે કરવો ન હોય તો શક્તિ છે–પરિણામ નથી **(૪)** પૂર્વે જે તપ કરેલ હોય, અને આજે પણ કરવો હોય તો, શક્તિ છે–પરિણામ છે. **(બીજે કે ચોથે ભાંગે કાઉસ્સગ્ગ પારે)**

(૨૩) સવારના પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણ આવડતું હોય તો કરવું જોઇએ, પણ ધારવું નહિ.

(૨૪) પચ્ચક્ખાણ લેતાં પચ્ચક્ખામિ અને વોસિરામિ બોલવું, પચ્ચક્ખાણ આપતાં પચ્ચક્ખાઈ અને વોસિરઈ બોલવું, અને પચ્ચક્ખાણ બીજાને આપતાં અને સાથે પોતે લેતાં પચ્ચક્ખાઈ–પચ્ચક્ખામિ અને વોસિરઈ–વોસિરામિ એમ બંને બોલવું.

(૨૫) કોઈ પણ આત્માએ પચ્ચક્ખાણ માગતી વખતે ચૌવિહાર ઉપવાસ સિવાય સવારના દરેક પચ્ચક્ખાણમાં સાથે **મુઠ્ઠસી** બોલવાનું પણ ભૂલવું જોઈએ નહિ.

કારણ કે :—મુઠ્ઠી સાથે ન હોય તો પચ્ચક્ખાણનો ટાઈમ થઈ ગયા પછી વિરતિનો લાભ મળે નહિ, અને **મુઠ્ઠસી** સાથે લેતાં પચ્ચક્ખાણ ઉપરાંત ગમે તેટલો ટાઈમ થઈ જાય તો પણ **વિરતિ** (તપ)નો લાભ મળે.

(૨૬)દરેક પચ્ચક્ખાણ પારતાં **મુઠીવાળીને** પચ્ચક્ખાણ પારવું જોઇએ, મુઠી વાળ્યા વિના **સીધો હાથનો પંજો** રાખી પચ્ચક્ખાણ પારવામાં આવે તો પચ્ચક્ખાણનો **ભંગ થાય.**

(૨૭) અપવાદ કારણે રાઇયપ્રતિક્રમણ રાત્રિના બાર વાગ્યાથી દિવસના બાર વાગ્યા સુધી થાય.

(૨૮) સાંજનું પ્રતિક્રમણ જેવી રીતે ઊભા થઈને અને જેટલો ટાઈમ લગાડીને કરીએ છીએ, તેવી રીતે સવારનું પ્રતિક્રમણ પણ કરવું.

(૨૯) ભૂયાંસો ભૂરિલોકસ્ય, ચમત્કારકરા નરાઃ;
રંજયન્તિ સ્વચિત્તં યે, ભૂતલે તે તુ પંચષડ્ (૧)

જગતને દેખાડનારા ઘણા માણસો હોય છે, પરંતુ પોતાના **આત્માને માટે** જ્ઞાન–ધ્યાન અને ક્રિયામાં ઉદ્યમ કરનાર આ પૃથ્વી ઉપર ગણ્યા ગાંઠ્યા જ હોય છે.

(૩૦) આયંબિલ છટ્ઠ–અટ્ઠમ–અટ્ઠાઇ આદિ ઘણા તપો કર્યા પરંતુ **લાલસા** અને **આંધાકર્મી** આદિ કેટલા દોષો છોડ્યા ?

ઉપદેશ ઘણો આપ્યો પણ **પોતાના આત્માને** કેટલો સમજાવ્યો ? ભણ્યા ઘણું પણ **જીવનમાં** કેટલું ઊતાર્યું ? ઉગ્રવિહારી બન્યા પણ **ઇર્યાસમિતિનું પાલન** કેટલું કર્યું ? ધ્યાન કરતાં શિખ્યા પણ પ્રતિકૂલ સંયોગોમાં **સમતા કેટલી રાખી ?** મિચ્છામિદુક્કડંનો પડકાર કરનારા ! આપણા આત્માને પૂછ્યું કે **તારૂં મિચ્છામિદુક્કડં** કુંભારવાળુ છે ? કે ચંદનબાળા જેવું છે ?

(૩૧) એતે એ અણાદિસા અંધારે ઉગ્ગએ વિ હુ ન દિસે મુહ રય નિસિજ્જ ચોલે કપ્પતિગ દુપટ્ટ થુઇ સૂરો (૨૭૦)

પ્રભાત સમયે, પ્રભાત પછી, પરસ્પર મુખ દેખાયે, હાથની રેખા દેખાય ત્યારે પડિલેહણ કરવું. આ બધા મતાંતરો ખોટા છે, કારણકે–અંધારામાં ઉપાશ્રય હોય તો સૂર્યોદયે પણ ન દેખાય તેથી ભદ્રબાહુસ્વામી જણાવે છે કે વિશાલ લોચન–હાલમાં પ્રતિક્રમણ કરીને તરત મુહપત્તિ-રજોહરણ-નીસેટીયું–ઓઘારીયું–ચોલપટ્ટો-કપડો–કાંબળી –કાંબળીનું પડ–સંથારો અને ઉત્તરપટ્ટો, આ દશ વસ્ત્રનું પડિલેહણ કર્યા પછી સૂર્યોદય થાય તેવી રીતે પ્રતિક્રમણ અને પડિલેહણ શરૂ કરે **(ઓ૦ નિ૦)**

અથવા સૂર્યોદય પહેલા–૧૫–મીનીટે પ્રતિક્રમણ પુરૂં થઈ જાય તેવી રીતે છરિયાવહિ–અંધકારથી પ્રતિક્રમણ શરૂ કરે.

અને સૂર્યોદય પહેલા–૧૫–મીનીટે પડિલેહણ શરૂ કરે. પરંતુ ઉપાશ્રયમાં સૂર્યનો પ્રકાશ તરત ન આવતો હોય તો કીડી–માંકણ–જુ આદિ–વસ્ત્રમાં દેખાય તેવું અજવાળું થાય ત્યારે પડિલેહણ કરવું.

પડિલેહણમાં જુ નીકળે તો કપડામાં અને માંકણ નીકળે તો લકડામાં, અકાળે ન મરે તેવી રીતે સુરક્ષિત–એકાન્ત અને છાયા-વાળી જગ્યામાં મુકવા.

(૩૨) ૫૦ બોલથી–મુહપત્તિ **૨૦ બોલથી**–ડાંડો, દંડાસન, ચરવલી, દોરા, કંદોરો, ઠવણી, ઓઘાની–દશી અને દોરી. **૨૫ બોલથી** –ઓઘારીયું, પાટો, નિસેટીયું. વગેરે બાકીનાં વસ્ત્રો.

પડિલેહણ કરેલા વસ્ત્રો, પડિલેહણ નહિ કરેલા વસ્ત્રો સાથે **ભેગા થાય તો** ફરી દરેકનું પડિલેહણ કરવું જોઈએ.

કામળીનું પડ જુદું કરીને બન્નેનું **જુદું જુદું** પડિલેહણ કરવું જોઈએ. કામળીના જોટાને પણ **સીંગળ** કરીને પડિલેહણ કરવું જોઈએ.

(૩૩) દેવદર્શન, આહાર, નિહાર, વિહાર, માત્રુ, અને વિદ્યા-આ **છ કારણે** ઉપાશ્રય બહાર જવાય.

(૩૪) ઉત્સર્ગમાર્ગે આહાર–નિહાર અને વિહાર **ત્રીજા** પહોરમાં બતાવેલ છે.

(૩૫) સૂર્યોદય **પછી** વિહાર કરવો તે હિતકારી છે. સૂર્યોદય **પહેલાં** વિહાર કરવામાં ઇર્યાસમિતિનું પાલન થાય નહિ, સૂર્યાસ્ત **પછી** વિહાર કરવામાં ઇર્યાસમિતિનું પાલન થાય નહિ, જ્યાં જયણા નથી ત્યાં મિથ્યાત્વ હોય છે.

(૩૬) કારણ વિના **પહેલા** પહોરમાં ગૌચરી અને સ્થંડિલ જવામાં અને વિહાર કરવામાં **વધારે દોષ,** બીજા પહોરમાં ઓછો દોષ, **ત્રીજા** પહોરમાં **શુદ્ધિ વધારે** અને ચોથા પહોરમાં પણ દોષ લાગે.

થંડા પહોરમાં જીવોનો ઉપદ્રવ વધારે હોય છે, તેમજ **કાળ વખતે** અપ્કાયના જીવોની પણ વિરાધના થાય, માટે બને ત્યાં સુધી **કાળ વખતે બહાર નીકળવું નહિ.**

(૩૭) ગાઢ કારણે **કાળ વખતે** અને **વર્ષાદ વખતે** ખૂલ્લા આકાશમાં લઈ ગયેલા કાંબળી–તરપણી–કાચલી વિગેરે એક બાજુ ધીરે ધીરે મુકી દેવાં જોઈએ, અને પોતાની મેળે સુકાઇ જાય ત્યાર પછી જ તે ઉપયોગમાં લઇ શકાય, અને કાળ વખતે લઇ ગયેલ કાંબળીની ૪૮ મિનિટ પછી ઘડી વાળી શકાય, તેના પહેલા ઘડી વાળે તો અપ્કાય અને ત્રસકાયની વિરાધના થવાનો સંભવ છે.

કાળ વખતે ખૂલ્લા આકાશમાં કપડાં સુકાવાય નહિ. સુકવેલા કપડાઓના છેડાઓથી વાયુ વડે ઝાપટ લાગે નહિ તે ધ્યાનમાં રાખવું. તડકામાં કપડાં સુકવાય નહિ.

(૩૮) વર્ષાદ વરસતો હોય ત્યારે સાધુ વ્યાખ્યાને **જાય તો** દોષ–વિરાધના થાય અને શ્રાવક **ન જાય તો** દોષ–આરાધનાથી ચુકે.

(૩૯) પાણી પડિલેહા નહા નહસિહા; ભમુહા અહરોટ્ઠા ઉત્તરોટ્ઠા (કલ્પ–૨૭૬)

હાથ, હાથની રેખા, નખ, નખના અગ્રભાગ, ભ્રુકુટિ, દાઢિ, મુછ, આ સાત જગ્યાએ **પાણી તરત સુકાતું નથી.** માટે એક ચુનાના પાણીમાંથી બીજા ચુનાના પાણીમાં (એઠા હાથ ધોઇ સાફ લુછી તરત ચોકખા પાણીમાં) હાથ નાખવા જોઇએ નહિ.

તે પ્રમાણે કાચલીના સાંધામાં પણ પાણી તરત સુકાતું ન હોવાથી કાચલી પણ એક પાણીમાંથી બીજા પાણીમાં તરત નાખવી નહિ.

(૪૦) સ્ત્રી પિયર નર સાસરે, સંયમીએ સ્થિરવાર; આટલાં હોય અળખામણાં, કરે ઘણું સ્થિરવાસ (૧) વહેતાં પાણી નિર્મળાં, બાંધ્યાં ગંદાં હોય; સાધુતો ફરતા ભલા, ડાઘ ન લાગે કોય (૨)

(૪૧) છેલ્લા કોટિનો માર્ગ **ખેતરનો,** તે માર્ગે વધુમાં વધુ દોષ
તેનાથી સારો માર્ગ **કેડીનો,** તે માર્ગે તેનાથી અલ્પ દોષ
,, **રેલ્વેનો,** ,,
,, **ગાડાનો,** ,,
,, **સડક વિનાનો મોટરનો,** ,,
,, **કાચી સડકનો** ,,
,, **ડામરની સડકનો,** ,,

(૪૨) ઇટવાનીભૂમિ-૧૦૨ આંગળ અચિત્ત | મળમૂત્રની-,,-૧૫-,,-,,
નિભાડાની ,, ૭૨ ,, ,, | ઘરની -,,-૧૦-,,-,,
ચૂલાની ,,-૩૨ ,, ,, | શેરીની -,,-૭-,,-,,
ઢોરબાંધવાની ,,-૨૧ ,, ,, | રાજમાર્ગની,,-૫-,,-,,

(૪૩) નવકલ્પી વિહારનું પાલન કરવું જોઈએ, **ચોમાસાના** ચાર માસનો એક અને **શેષકાળમાં** દર માસે એકેક થઈને આઠ, એમ એક વર્ષમાં નવ વિહારતો ઓછામાં ઓછા કરવા જોઈએ, પરંતુ રોગ, જંઘાબળ ક્ષીણતા, વિદ્યાભ્યાસ અને વર્ષાદ આદિના કારણે, ચારિત્ર ને દુષણ **લગાડયા વિના** જીંદગી સુધી પણ એક જગ્યાએ રહી શકે, પરંતુ છેવટે **ખૂણા બદલાવીને પણ ભગવાનની આજ્ઞાનું પાલન કરવું** જોઈએ, નહિતર આજ્ઞાલંગનો દોષ લાગે (કલ્પ૦)

(૪૪) વાસાવાસં પજ્જોસવિયાણં કપ્પઇ નિગ્ગંથાણ વા નિગ્ગંથીણ વા સવ્વઓ સમંતા સક્કોસં જોયણં ઉગ્ગહં ઓગિણ્હિત્તાણં ચિટ્ઠિઉં અહાલંદ મવિ ઓગ્ગહે (કલ્પ૦ ૨૪૨)

ચોમાસામાં પાંચ ગાઉ સુધી ચારે (દિશા–વિદિશા) તરફ અવગ્રહ રાખીને રહેવું કલ્પે. એટલે ચોમાસામાં ચારે દિશા–વિદિશા તરફ **અઢીગાઉ** સુધી જઈ શકાય અને પાછા આવી શકાય એટલે પાંચ ગાઉ થાય તથા ત્યાં સુધીમાં જ્યાં મુહપત્તિનું પડિલેહણ કર્યું હોય અથવા સાંભોગિક સાધુઓ હોય તો રહી શકાય, પરંતુ મુહપત્તિનું પડિલેહણ કર્યું ન હોય અને બીજા સાંભોગિક સાધુઓ પણ ન હોય તો ત્યાં રાત્રિ રહી શકાય નહિ.

(૪૫) વાસાવાસં પજ્જોસવિયાણં કપ્પઇ નિગ્ગંથાણ વા નિગ્ગંથીણ વા (ગિલાણહેઉં) જાવ ચત્તારિ પંચ જોયણાઇં ગંતું પડિનિયત્તએ, અંતરા વિ સે કપ્પઇ વત્થએ, નો સે કપ્પઇ તં રયણિં તત્થેવ ઉવાયણા વિત્તએ (કલ્પ૦૨૯૫)

ચોમાસુ રહેલા સાધુ-સાધ્વીઓને રોગાદિ કારણે ૨૦–ગાઉ સુધી જવું અને આવવું કલ્પે, કામ પતી ગયા પછી ત્યાં **રાત્રિ** રહેવાય નહિ, અશક્તિના કારણે માર્ગમાં વચ્ચે રાત્રિ રહી શકાય.

(४६) मासिअे खुरमुंडे, अद्धमासिअे कत्तरिमुंडे, संवच्छरीअे वा थेरकप्पे (कल्प० २९०)

બાલ, ગ્લાન, અશક્તિ આદિના કારણે અસ્ત્રાથી મુંડન કરાવનારે દર માસે મુંડન કરાવવું કલ્પે.

ગુમડા આદિના કારણે કાતરથી કપાવનારે દર પખવાડીયે વાળ કપાવવા કલ્પે, પરંતુ પ્રાયશ્ચિત લઇ લેવું, **निशीथ०)**

લોચ–ચાર માસે. છ માસે, કારણે ન બને તો છેવટે દર વર્ષે સંવચ્છરી પ્રતિક્રમણ પહેલા કરાવવો કલ્પે.

(४७) ચોમાસામાં પોરિસિ ભણાવીને કાજો લેવો જોઇએ.

(४८) ચોમાસા પછી પાંચ ગાઉમાં બે માસ સુધી કારણ વિના વસ્ત્ર–પાત્ર આદિ લેવા કલ્પે નહિ **(नि० चू० उ० १०)**

(४९) अति सागारिके अप्रमार्जितयोः, पादयोः संयमो भवति; तावेव प्रमृज्यमानयोः, असागारिके संयमो भवति (१)

દરેક ગામમાં પ્રવેશ કરતાં અને નિકળતાં જ્યાં હદ શરૂ થાય ત્યાં, અથવા **સચિત્ત–અચિત્ત પૃથ્વીના સંગમનો જ્યાં સંભવ હોય ત્યાં,** ગૃહસ્થો ન દેખે તેવી રીતે પગ પૂજે તેમાં સંયમ છે, અને ગૃહસ્થોની દૃષ્ટિ પડતી હોય તો પગ પૂજે નહિ તેમાં સંયમ છે, અથવા ગૃહસ્થો દેખતા હોય તો તેમની દૃષ્ટિ ચૂકાવીને તેઓ ન દેખે તેવી રીતે પગ પૂજવા, નહિ તો પૂજવા નહિ.

(५०) સાધ્વીઓએ વિહારમાં સાથે પોટલા માટે પુરૂષજાતિને ન રાખવી અને સાધુઓએ વિહારમાં સાથે પોટલા માટે સ્ત્રી જાતિને ન રાખવી, અશકયે કોઈ ગામમાં તેમ જ બન્યું તો સાથે ચાલવું નહિ.

(५१) પગ છૂટો કરવાને બાને કે તીર્થયાત્રાના બાને સમુદાયમાંથી છૂટા પડી અનેક પ્રકારના દોષોનું સેવન કરીને સ્વતંત્ર વિહાર કરવો તે યોગ્ય નથી કારણ કે :-**સંયમયાત્રા** તે મોટામાં મોટી તીર્થયાત્રા છે.

(૫૨) વિહારમાં બનતા સુધી માણસ લેવો નહિ, તેમ સ્પેશિયલ પણ રાખવો નહિ, પોતે જેટલી ઉપધિ ઉપાડી શકે તેટલી જ રાખવી જેથી માણસ લેવો પડે નહિ, માણસ લેવામાં ઘણા દોષોનો સંભવ છે.

(૧) માણસ રસ્તામાં સ્થંડિલ જાય અને શૌચ ન કરે તો જ્ઞાનની આશાતના થાય **(૨)** બીડી પીએ, જ્યાં ત્યાં કુંડાં નાખે જેથી જીવોનો ઘાત થાય **(૩)** પગરખાંથી કીડી આદિ જીવો મરી જાય અને વનસ્પતિ ઉપર ચાલે તેથી જીવોનો કચ્ચરઘાણ નીકળી જાય **(૪)** ચા–પાણી કરાવવામાં ત્રસ–સ્થાવર અનેક જીવોનો નાશ થાય **(૫)** માણસની પરતંત્રતા **(૬)** માણસ ન મળે તો જરૂરી કામ અટકી જાય **(૭)** સવારે–બપોરે–સાંજે કોઇ પણ ટાઇમે સ્વતંત્ર વિહાર કરી શકાય નહિ **(૮)** કોઇ વખત માણસ નિમિત્તે કષાય પણ થઇ જાય **(૯)** ગામમાં એક બે ઘર હોય અને વિહારવાળુ ગામ હોય તો આવકોને મુશ્કેલી, સાધુઓ ઉપર અભાવ પણ થઈ જાય અને બોધિ દુર્લભ બને, **આ અનુભવની વાત છે.** વળી દેવદ્રવ્યમાંથી ઉધારે લઇને પણ પૈસા આપે અને પછી ન ભરાયતો મહાન દોષ, તેમ જ વ્યાજ ભક્ષણનો પણ દોષ લાગે.

(૫૩) ન વા લભેજ્જા નિઉણં સહાયં, ગુણાહિઅં વા ગુણઓ સમં વા; ઇક્કો વિ પાવાઇં વિવજ્જયંતો, વિહરિજ્જ કામેસુ અસજ્જમાણો (૨૮)

દૈવી સહાયથી મહાવિદેહ ક્ષેત્રમાં ગયેલા **યક્ષા** સાધ્વીજીને **શ્રીસીમંધર સ્વામીએ** આપેલી ચાર ચૂલિકામાંથી દશવૈકાલિકની બીજી ચૂલિકામાં ફરમાવ્યું છે કે :–પોતાથી **અધિક ગુણી,** તે ન હોય તો **સમાન ગુણી,** તે પણ ન મળે તો અઢાર **પાપસ્થાનકો** ને છોડતો અને કામ **(પર ઇચ્છા)**ને વર્જતો એટલે એ બન્નેમાં **ન લેપાતો** અપવાદ કારણે એકાકી વિહાર કરે.

(५४) दो जोयण वंकेणं, थलेणं परिहरई ओडियामग्गं; सढ जोयण घट्टेणं, जोयण लेवेण उवरि दो गाउ (१) सढ जोयणवंकेणं थलेण लेवोवरिं य वज्जई; अधजोयण लेवेणं, संघट्टेणेग जोयणेणं (२) एक जोयण थलेणं, संघट्टेणद्ध जोयणेण मुणी; लेवं वज्जइ य तहा, घट्टं अद्धजोयण थलेण (३)

८ गाउ फरीने स्थळमार्गे जवातुं होय तो नाव मार्गे जवुं नहि.
१० ,, ,, संघट्टमार्गे ,, ,, ,, ,, ,, ,, ,,
४ ,, ,, लेपमार्गे ,, ,, ,, ,, ,, ,, ,,
२ ,, ,, लेपोपरिमार्गे ,, ,, ,, ,, ,, ,, ,,
अन्यथा नावमार्गे जाय.

१० गाउ फरीने स्थळमार्गे जवातुं होय तो लेपोपरि मार्गे जवुं नहि.
४ ,, ,, संघट्टमार्गे ,, ,, ,, ,, ,,
२ ,, ,, लेप मार्गे ,, ,, ,, ,, ,, ,,
अन्यथा लेपोपरि मार्गे जाय (लेपोपरि = नाभि उपर पाणी)

४ गाउ फरीने स्थळमार्गे जवातुं होय तो लेप मार्गे जवुं नहि.
२ ,, ,, संघट्टमार्गे ,, ,, ,, ,, ,, ,,
अन्यथा लेप मार्गे जाय. (लेप = नाभि सुधी पाणी)

२ गाउ फरीने स्थळमार्गे जवातुं होय तो संघट्टमार्गे जवुं नहि.
अन्यथा संघट्टमार्गे जाय (संघट्ट = अर्धजंघा सुधी पाणी)
जंघा = ढींचण नीचेनो भाग. **(गच्छा० १३२ वृत्ति)**

(५५) शेषकाळे दर मासे संघट्ट त्रण (आवक-जावक-छ) वखतथी वधु न उतराय.

वर्षाकाळे दर मासे संघट्ट सात (आवक-जावक-चौद) वखतथी वधु न उतराय. **(कल्प० २४६ वृत्ति)**

(५६) एगं पायं जले किच्चा, एगं पायं थले किच्चा (कल्प० २४५)

નદી ઉતરતાં ધીમે ધીમે પગ જલમાં મૂકે, પછી એક પગ ઉપાડી પાણી ઉપર અદ્ધર રાખે, પાણી નીતરી ગયા પછી તે પગ **ધીમે ધીમે** જલમાં આગળ મૂકે, અને બીજો પગ ઉપાડી પાણી ઉપર અદ્ધર રાખે, **પાણી નીતરી ગયા પછી** તે પગ ધીમે ધીમે જલમાં આગળ મૂકે, તેવી રીતે નદી ઉતરે, પરંતુ પાણી ડોળીને ઉતરે નહિ.

સામે કાંઠે જઈ નદી ઉતરતાં જે કાંઇ અવિધિ દોષ લાગ્યો હોય તે બદલ પ્રાયશ્ચિતનાં ઇરિયાવહિયા કરે.

નદી ઉપર પુલ હોય તો ફરીને પુલમાર્ગે જવું તે હિતકારી છે.

(૫૭) અણાવાયમસંલોએ, પરસ્સણ્ણવઘાઇએ; સમે અજ્ઝુસિરે યાવિ, અચિરકાલકયંમિ અ (૩૧૩) વિત્થિણ્ણે દૂરમોગાઢે, નાસણ્ણે બિલવજ્જિએ; તસપાણબીયરહિએ, ઉચ્ચારાઈણિ વોસિરે (૩૧૪) એગ દુગ તિગ ચઉક્ક પંચગ, છસત્તટ્ઠ નવગદસગેહિં; સંજોગા કાયવ્વા, ભંગ સહસ્સં ચઉવ્વીસં (૩૧૫).

(૧) અનાપાત-અસંલોક-સ્ત્રી-પુરૂષ-નપુંસક આવતું ન હોય અને દેખતું પણ ન હોય **(૨) અનુપઘાત**-આત્મા-સંયમ અને શાસનનો ઉપઘાત-હેલના ન થાય **(૩) સમ**-સમાનભૂમિ **(૪) તૃણાદિ અછન્ન**-ઘાસઆદિથી રહિતભૂમિ **(૫) અચિરકાલ કૃત**-ઘણા કાળથી અગ્નિ આદિ વડે અચિત્ત થયેલ ભૂમિ (જ્યાં એક વર્ષ ગામ વસ્યું હોય ત્યાં બાર વર્ષ સુધી ભૂમિ અચિત્ત રહે.) **૬) વિસ્તૃત**-જઘન્યથી ચારે તરફ તિર્ચ્છિ એક હાથ સુધી શુદ્ધભૂમિ **(૭) નીચે અચિત્ત કરાયેલ**-જઘન્યથી નીચે (ઉંડાઇમાં) ચાર આંગળ અચિત્ત ભૂમિ **(૮) અનજ્ઝુસ**-દ્રવ્યથી ગામની નજીક સ્થંડિલ એસે નહિ, ભાવથી વેગ આવ્યા પહેલાજ સ્થંડિલ જાય **(વેગ ધારણ કરતાં**-સંયમઘાત, આત્મઘાત, શાસનહેલના થાય, **ચક્ષુ રોકતાં**-ચક્ષુની હાનિ, શૂળ આદિ અનેક રોગો થાય) માટે સ્થંડિ-

લની શંકા થતાં જ જવું યોગ્ય છે **(૯) બિલાદિ વર્જિત**–દર, ફાટ, ખોપરી અને ઢીખાળા વિનાની ભૂમિ **(૧૦) ત્રસ–સ્થાવર બીજરહિત**–ત્રસ અને સ્થાવર જીવો તથા બીજ વિનાની ભૂમિ. આ **દશદોષરહિત** સ્થંડિલનો **૧૦૨૪**મો ભાંગો શુદ્ધ છે.

અને એક આદિથી **દશદોષ**ના સંયોગ વડે ઉત્પન્ન થયેલા **૧૦૨૩** ભાંગા અશુદ્ધ થાય છે, તે લાવવાની રીત નીચે પ્રમાણે છે.

ઉભયમુહું રાસિદુગં હેટ્ઠિલ્લાણંતરેણ ભય પઢમં;
લદ્ધહરાસિ વિભત્તે તસ્સુવરિ ગુણિત્તુ સંજોગા (૧)

બે બાજુ મુખરાખી ઉપર નીચે સંખ્યા ગોઠવવી

૧—૨—૩—૪—૫—૬—૭—૮—૯—૧૦
૧૦—૯—૮—૭—૬—૫—૪—૩—૨—૧

એક ઉપર જે સંખ્યા છે તે એક સંયોગી ૧૦ ભાંગા જાણવા. (એક સંયોગી ભાંગા લાવવા ઉપરની કરણગાથા ઉપયોગમાં આવતી નથી.)

એક સંયોગી જે ભાંગા (૧૦) આવ્યા, તેને નીચેની રાશિમાં (૧) ની અનંતર સંખ્યા (૨) વડે ભાગવાથી જે (૫) આવે તેને જે **સંખ્યા** (૨) વડે ભાગ્યા તે **સંખ્યા** (૨)ની ઉપરની **સંખ્યા** (૯)થી ગુણવા વડે જે સંખ્યા (૪૫) આવે તે **બેસંયોગી** (૪૫) ભાંગા જાણવા. જેમકે :—

૧–૨	૧–૭	૨–૪	૨–૯	૩–૭	૪–૬	૫–૬	૬–૭	૭–૯
૧–૩	૧–૮	૨–૫	૨–૧૦	૩–૮	૪–૭	૫–૭	૬–૮	૭–૧૦
૧–૪	૧–૯	૨–૬	૩–૪	૩–૯	૪–૮	૫–૮	૬–૯	૮–૯
૧–૫	૧–૧૦	૨–૭	૩–૫	૩–૧૦	૪–૯	૫–૯	૬–૧૦	૮–૧૦
૧–૬	૨–૩	૨–૮	૩–૬	૪–૫	૪–૧૦	૫–૧૦	૭–૮	૯–૧૦

તેવી રીતે ત્રણ આદિ સંયોગના ભાંગા લાવવા

બે સંયોગી જે ભાંગા (૪૫) આવ્યા, તને નીચેની રાશિમાં (૨)ની અનંતર **સંખ્યા** (૩) વડે ભાગવાથી જે સંખ્યા (૧૫) આવે તેને જે **સંખ્યા** (૩)થી ભાગ્યા તે **સંખ્યા** (૩)ની ઉપરની સંખ્યા (૮)થી ગુણવાવડે જે સંખ્યા (૧૨૦) આવે, તે **ત્રણ સંયોગી** (૧૨૦) ભાંગા જાણવા, જેમકે :–

૧–૨–૩	૧–૪–૮	૧–૯–૧૦	૨–૫–૯	૩–૪–૧૦	૪–૫–૭	૫–૬–૧૦
૧–૨–૪	૧–૪–૯	૨–૩–૪	૨–૫–૧૦	૩–૫–૬	૪–૫–૮	૫–૭–૮
૧–૨–૫	૧–૪–૧૦	૨–૩–૫	૨–૬–૭	૩–૫–૭	૪–૫–૯	૫–૭–૯
૧–૨–૬	૧–૫–૬	૨–૩–૬	૨–૬–૮	૩–૫–૮	૪–૫–૧૦	૫–૭–૧૦
૧–૨–૭	૧–૫–૭	૨–૩–૭	૨–૬–૯	૩–૫–૯	૪–૬–૭	૫–૮–૯
૧–૨–૮	૧–૫–૮	૨–૩–૮	૨–૬–૧૦	૩–૫–૧૦	૪–૬–૮	૫–૮–૧૦
૧–૨–૯	૧–૫–૯	૨–૩–૯	૨–૭–૮	૩–૬–૭	૪–૬–૯	૫–૯–૧૦
૧–૨–૧૦	૧–૫–૧૦	૨–૩–૧૦	૨–૭–૯	૩–૬–૮	૪–૬–૧૦	૬–૭–૮
૧–૩–૪	૧–૬–૭	૨–૪–૫	૨–૭–૧૦	૩–૬–૯	૪–૭–૮	૬–૭–૯
૧–૩–૫	૧–૬–૮	૨–૪–૬	૨–૮–૯	૩–૬–૧૦	૪–૭–૯	૬–૭–૧૦
૧–૩–૬	૧–૬–૯	૨–૪–૭	૨–૮–૧૦	૩–૭–૮	૪–૭–૧૦	૬–૮–૯
૧–૩–૭	૧–૬–૧૦	૨–૪–૮	૨–૯–૧૦	૩–૭–૯	૪–૮–૯	૬–૮–૧૦
૧–૩–૮	૧–૭–૮	૨–૪–૯	૩–૪–૫	૩–૭–૧૦	૪–૮–૧૦	૬–૯–૧૦
૧–૩–૯	૧–૭–૯	૨–૪–૧૦	૩–૪–૬	૩–૮–૯	૪–૯–૧૦	૭–૮–૯
૧–૩–૧૦	૧–૭–૧૦	૨–૫–૬	૩–૪–૭	૩–૮–૧૦	૫–૬–૭	૭–૮–૧૦
૧–૪–૫	૧–૮–૯	૨–૫–૭	૩–૪–૮	૩–૯–૧૦	૫–૬–૮	૭–૯–૧૦
૧–૪–૬	૧–૮–૧૦	૨–૫–૮	૩–૪–૯	૪–૫–૬	૫–૬–૯	૮–૯–૧૦
૧–૪–૭						

તેવી રીતે ચાર આદિ સંયોગના ભાંગા બુદ્ધિથી કાઢવા અને કેટલા આવશે તે નીચે બતાવેલ છે.

સંયોગી	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
ભાંગા	૧૦	૪૫	૧૨૦	૨૧૦	૨૫૨	૨૧૦	૧૨૦	૪૫	૧૦	૧

અશુદ્ધ એક આદિથી દશ સંયોગીકુલ ૧૦૨૩ ભાંગા અશુદ્ધ જાણવા અને શુદ્ધ દશ સંયોગી એક ભાંગો શુદ્ધ જાણવો, સર્વ મળીને ૧૦૨૪ ભાંગા સ્થંડિલના થયા. (ઓ૦ નિ૦)

(૫૮) અજુગલિઆ અતુરંતા વિકહારહિઆ વયંતિ પઢમં તુ;નિસિદત્તુ ઉગલગહણં આવણં વચ્ચમાસજ્જ(૩૧૨)

સમર્થ ઘણીરહિત, ધીમે ધીમે, વાતો કર્યા વિના, મૌન પણે સ્થંડિલભૂમિને પ્રાપ્ત કરીને નીચે બેસી સ્થંડિલને અનુરૂપ પત્થર, ઇંટ આદિના ટુકડા લઇ બંબેરી છાયામાં બેસે, તડકો હોય અને છાયા ન હોય તો સ્થંડિલ ઉપર પોતાની છાયા કરી બે ઘડી સુધી પોતે ત્યાં બેસી રહે, જેથી કરમીયા હોય તો સ્વયં પરિણામ પામી જાય, નહીતો તડકાને લઇને તરત મરી જાય. (ઓ૦ નિ૦)

(૫૯) દિસિપવણ ગામ સૂરિય છાયાએઁ, પમજ્જિજઊણ તિખુત્તો; જસ્સોગહોત્તિ કાઊણ, વોસિરે આયમેજ્જવા (૩૧૬)

દિવસે પૂર્વ અને ઉત્તર દિશા સામે અને રાત્રે પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશા સામે તેમજ પવન, ગામ, અને સૂર્ય સામે પુંઠ કર્યા વિના છાયામાં ત્રણવાર ચક્ષુથી બરોબર જોઇને "**અણુજાણહ જસ્સુગ્ગહો**" (જેની જગ્યા છે તે, **મને આજ્ઞા આપો**) કહી સ્થંડિલ કરી શુદ્ધિ કરી ત્રણવાર "વોસિરે" કહી વોસિરાવે. (ઓ૦ નિ૦)

(૬૦) દવ્વઓ ચક્ખુસા પેહે, જુગમિત્તં તુ ખેત્તઓ; કાલઓ જાવ રીએજ્જા, ઉવઉત્તે ય ભાવઓ (૭૭૧)

આહાર-નિહાર અને વિહાર વિગેરેમાં રસ્તે ચાલતાં **દ્રવ્યથી** ચક્ષુવડે દેખે, **ક્ષેત્રથી** સાડાત્રણ હાથ સુધી દૃષ્ટિ રાખે, **કાળથી** ચાલવાના સમયે આડુંઅવળું ન જોતાં સ્થિર દૃષ્ટિ રાખે, અને **ભાવથી** નિરીક્ષણ કરવાના ઉપયોગમાં તત્પર બને, વાતો કરવી નહિ, સ્વાધ્યાય કરવો નહિ, તેમજ ઝડપથી ચાલવું નહિ, અને સમશ્રેણીએ ચાલવું નહિ. (૫૦)

નીચી નજરે ચાલતાં, ત્રણ ગુણ મોટા થાય;
કાંટો ટળે, દયા પળે, પગ પણ નવિ ખરડાય (૧)

(૬૧) કાગળ અથવા કપડું જે દિવસે પરઠવવાનું હોય, તે જ દિવસે તેના ટુકડા કરવા, પરંતુ પહેલેથી ટુકડા કરી બે-ચાર દિવસ પડી રાખવા નહિ, કારણ કે તેમાં જીવો પેસી જવાનો સંભવ છે.

(૬૨) ભીની જગ્યા ઉપર માતુ-પાણી પરઠવતાં જીવોની ઉત્પત્તિ થાય, માટે એક જ જગ્યાએ ટોળવું નહિ, તેમ જ પરઠવતાં અવાજ ન થાય તેવી રીતે નીચા નમીને જીવજંતુ ન હોય ત્યાં ધીમે ધીમે પરઠવવું, પરંતુ દૂર ઉભા ઉભા કે માળ ઉપરથી કે ઓટલા ઉપરથી ફેંકવું નહિ, તેમજ રસ્તા વચ્ચે પણ ન પરઠવવું.

(૬૩) જગતમાં નિરર્થક વસ્તુનો ત્યાગ તો બધાય કરે છે, પરંતુ સંયમી આત્માની પ્રવૃત્તિ જયણાવાળી હોવાથી લોકોત્તર ફળ આપે છે અર્થાત્ કર્મની નિર્જરા થાય છે.

(૬૪) બનતાં સુધી વધારે ઉપધિ રાખવી નહિ, અને હોય તેમાં પણ મૂર્છા રાખવી નહિ, છતાં જો ઉપધિ વધી ગઈ હોય તો પોતાની વસ્તુ આઠ માસથી વધારે વખત તો એક જગ્યાએ રાખવી જ નહિ.

(૬૫) ઘણ ગજિજય હયકુલ્લએ, વિજ્જુદુગ્ગિજ્જ ગૂઢલિય-યાએ; અજ્જા અવારિઆએ, ધત્થીરજ્જં ન તં ગચ્છં (૬૫) જત્થ સમુદ્દેશકાળે સાહૂણ મંડલીઈ અજ્જાએ; ગોઅમ! હવંતિ પાએ, ધત્થીરજ્જં ન તં ગચ્છં (૬૬).

મેઘની ગર્જના, ઘોડાના પેટમાં રહેલ વાયુ, અને વીજળીની માફક દુર્ધ્યાન્ય અને ગૂઢ હૃદયવાળી સાધ્વીઓ પોતાની ઇચ્છા પ્રમાણે જે ગચ્છમાં આવ-જા-કરે, છતાં કોઈ પણ સાધુ નિષેધ ન કરી શકે તો, તે ગચ્છ નહિ, પણ સ્ત્રી રાજ્ય જાણવું.

ભોજન મંડળીના સમયે જે ગચ્છમાં સાધ્વીઓ આવ-જા-કરે, તો, તે ગચ્છ નહિ પણ સ્ત્રી રાજ્ય જાણવું. (ગચ્છા૦)

(૬૬) સીસોવિ વેરિઓ સોઉ, જો ગુરું ન વિ બોહએ;
પમાયમઽરાધત્થં સમાયારી વિરાહયં (૧૮)

કષાય, નિંદા, ઇર્ષ્યા, આદિ રૂપ મદિરાથી ભાન ભૂલેલા તેમજ સમાચારીનું ઉલ્લંઘન કરનાર, ગુરુને પણ બોધ આપી સન્માર્ગે સ્થાપન ન કરે તો, તે શિષ્ય નહિ પણ શત્રુ જાણવો. (ગચ્છા૦)

(૬૭) તુમ્હારિસાવિ મુણિવર !, પમાયવસગા હવંતિ જઇ પુરિષા; તેણઽન્નો કો અમ્હં, આલંબણ હુજ્જ સંસારે ! (૧૯)

પ્રમાદી ગુરૂને બોધ કેવી રીતે આપવો ? તે કહે છે.

એકાન્તમાં ગુરુને શિષ્ય કહે, હે ગુરુદેવ ! **આપના સરખા ઉત્તમ આત્માઓ** પણ પ્રમાદી બનશે તો, **મંદભાગી** અને **આળસુ** એવા **અમોને** આ ભયંકર સંસારમાંથી **આપ વિના** બીજો કોણ પાર ઉતારશે ? (ગચ્છા૦)

(૬૮) જઇ ન તરસિ ધારેઉં, મૂલગુણભરં સઉત્તરગુણં ચ;
મુત્તૂણ તો તિભૂમી, સુસાવગત્તં વરાગતરં (ઉ૦મા૦૫૦૧)

મૂલગુણ અને ઉત્તરગુણથી યુક્ત સાધુપણું પાલન કરવાને જે સાધુ સમર્થ ન હોય, તે સાધુ—**જન્મભૂમિ, દીક્ષાભૂમિ** અને **વિહાર ભૂમિ** આ ત્રણ ભૂમિ મૂકીને અન્ય પ્રદેશમાં સુશ્રાવકપણું પાળે તે અત્યંત શ્રેષ્ઠ છે.

(૬૯) अच्चणुरत्तो जो पुण, न सुयई बहुसो वि पन्नविज्जंतो, संविग्गपक्खियत्तं, करिज्ज लब्भिहिसि तेण पहं (૫૨૨) सुद्धे सुसाहुधम्मं, कहेइ निंदई य नियमाचारं; सुतवस्सिआणं पुरओ, होइ सव्वोमरायणीओ (૫૨૫) वंदई नवि वंदावेई, किइकम्मं कुणइ कारवे नेय; अत्तट्ठा नवि दिक्खइ, देइ सुसाहूण बोहेउं (૫૨૬) सावज्जजोगपरिवज्जणाओ, सव्वुत्तमो जइधम्मो; बीओ सावगधम्मो, तओ संविग्गपक्खपहो (ઉ૦ માળ ૫૨૯)

જે સાધુ ચરણસિત્તરી અને કરણ સિત્તરી ગુણનું પાલન કરવાને સમર્થ ન હોય તેને ગીતાર્થો ઘણી હિતશિક્ષા આપવા છતાં, સાધુ વેશમાં ગાઢ આસક્ત હોય એટલે સાધુવેશ છોડવાની ઇચ્છા ન હોય તો તેણે **संविज्ञपाक्षिकनो** માર્ગ સ્વીકાર કરવો, તેમ કરવાથી તે મોક્ષનો માર્ગ પામે છે.

संविज्ञपाक्षिकनो आचार બતાવતાં કહે છે કે :– શુદ્ધ સાધુમાર્ગ બીજાને બતાવે, પોતાના શિથિલઆચારની નિન્દા કરે, આજના દીક્ષિત સાધુથી પણ પોતાને લઘુ માને, **પોતે** સાધુઓને વંદન કરે પરંતુ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા કોઈ પાસે પોતાને વંદાવે નહિ, પોતે સાધુઓની સેવા કરે પરંતુ કોઈ સાધુ પાસે પોતાની સેવા કરાવે નહિ, કોઈને પોતાનો શિષ્યો બનાવે નહિ પરંતુ પ્રતિબોધ પમાડીને સુસાધુઓની પાસે મોકલે.

મુક્ત થવાના ત્રણ માર્ગ–તેમાં પ્રથમ સાધુધર્મ, બીજો શ્રાવકધર્મ, અને ત્રીજો संविज्ञपाक्षिकधर्म.

(૭૦) શક્ય હોય ત્યાં સુધી એક વખત ખાવાથી ચાલે તો બે વખત ખાવું નહિ, એક વખત ખાવાથી **ન ચાલે તો** બે વખત ખાવું. બે વખત ખાવાથી **ચાલે તો** ત્રણ વખત ખાવું નહિ,

બે વખત ખાવાથી **ન ચાલે તો** ત્રણ વખત ખાવું, તે પ્રમાણે આગળ જાણવું.

(७१) સવારથી સાંજ સુધી ઢોરની જેમ મોકળે મોઢે ખાવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે, પાણી પણ ઠાંસી ઠાંસીને પીવું નહિ. (ભોજન કરતાં પ્રથમ પાણી પીતાં અગ્નિમંદ થાય, વચ્ચે પાણી પીતાં રસાયન જેમ પુષ્ટિ કરે, અને અંતે **ઘણું પાણી** પીતાં વિષ જેમ નુકશાન કરે.)

(७२) પારણા અને અત્તરવાયણામાં અજ્ઞાનીની જેમ મન લલચાવવું જોઈએ નહિ તોજ ખરા તપસ્વી બનાય, તેમજ પારણા અને અત્તરવાયણાની ખબર ગૃહસ્થને ન પડવા દેવી, જો ખબર પડે તો અનેક દોષો ઉપજે.

ખરા તપસ્વીને પારણામાં અને અત્તરવાયણામાં **આનંદ** (તાલાવેલી) ન હોય, તેને મન તો બન્નેમાં વિભાવદશા **(પરાધીનતા)** હોય, તે બન્નેનો વિચાર સરખો પણ પોતાને ન આવે.

(७३) ત્રણ ટાઈમ ખાવાનો રીવાજ સાધુનો નથી, પરંતુ સાધુને તો ૭ કારણે ભોજન કરવાનું જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું છે.

वेयणे वेयावच्चे इरियट्ठाएय संजमट्ठाए;
तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए (६६२)

(૧) ક્ષુધા સહન ન થાય ત્યારે (૨) વૈયાવચ્ચ કરવા માટે (૩) ઈર્યાસમિતિનું પાલન કરવા માટે (૪) સંયમનું પાલન કરવા માટે (૫) દ્રવ્યપ્રાણ ટકાવવા માટે (૬) સંકલ્પ-વિકલ્પ દૂર કરી શુભવિચાર કરવા માટે,આ ૭ કારણોમાંથી કોઈપણ કારણે ભોજન કરવું કલ્પે. (पिं० नि०)

(७४) आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु;
पाणिदया तवहेउं, सरीरवोच्छेअणट्ठाए (६६६)

(૧), તાવ વખતે (૨) રાજા, સ્વજન, દેવ, મનુષ્ય, તિર્યંચે કરેલ ઉપસર્ગ સહન કરવા (૩) શિયલનું પાલન કરવા (૪) વર્ષા, ધુમસ અને જીવોના ઉપદ્રવ વખતે જીવ રક્ષા માટે (૫) તપ કરવા માટે (૬) અન્ત સમયે શરીર છોડવા માટે, આ છ કારણે ભોજન કરવાનો નિષેધ કરેલ છે. **(પિંઠ નિ૦)**

(૭૫) સુરસુર કે ચબચબ જેવા શબ્દો ભોજન કરતાં ન થાય, તે ધ્યાનમાં રાખવું, તેમ જ પ્રવાહી વસ્તુના **સબડકા** પણ લેવા નહિ.

(૭૬) આયંબિલ, નીવી, એકાસણું અને બેઆસણું વિ૦ ૪૮, મિનિટમાં પતાવી દેવું જોઈએ. આ શાસ્ત્રીય નિયમ છે. આ નિયમનું પાલન થાય તો જ દરરોજ એકાસણું કરનારને મહિને ૨૯ ઉપવાસનું ફળ મળે, અને દરરોજ બેઆસણું કરનારને મહિને ૨૮ ઉપવાસનું ફળ મળે.

બીજું કારણ :— એઠી કરેલી વસ્તુ અગર પાણી એક જ જગ્યાએ ૪૮ મિનિટથી વધારે ટાઈમ હલાવ્યા વિના પડી રહે તો **સમુર્ચ્છિમ મનુષ્યાદિ** જીવોની ઉત્પત્તિ થઈ જાય, માટે **૪૮ મિનિટમાં** પતાવી દેવું જોઈએ.

(૭૭) જે પાત્રથી પાણી પીધું હોય, તે પાત્રને સાફ કર્યા વિના ફરી તેમાં પાણી લેવામાં આવે તો **આખા ઘડાનું પાણી** એઠું થવાનો સંભવ છે—તેથી બે ઘડી પછી સચિત્ત થઈ જાય.

કારણ કે :—એઠા પાત્રમાં પાણી લેતાં કોઈ વખત પાત્રમાંથી **છાંટા ઉછળી** ફરી પાછા તે ઘડામાં જાય છે, તેથી આખા ઘડાનું પાણી એઠું થઇ જાય **(આ અનુભવની વાત છે)** માટે એક વખત પાણી પીધા પછી તે જ પાત્રમાં ફરી પાણી લેવું હોય તો તે પાત્રને **વસ્ત્રથી બરોબર લુછીને** કોરું કરી દેવું જોઈએ અને પછી જ તેમાં ફરી પાણી લેવું જોઇએ.

(૭૮) ખિત્તઇયં ભુંજઇ, કાલાઇયં તહેવ અવિદિન્નં;
ગિણ્હઇ અનુઇયસૂરે, અસણાઇ અહવ ઉવગરણં (૩૬૨)

સાથે લીધેલ આહાર-પાણી એ ગાઉથી વધારે આગળ જઈ વાપરે તો **ક્ષેત્રાતિક્રાન્ત દોષ,** પહેલા પહોરમાં લાવેલ આહાર-પાણી ત્રીજા પહોર પછી વાપરે તો—**કાલાતિક્રાન્ત દોષ,** કોઈ એ નહિ આપેલ કોઈ પણ વસ્તુ ગ્રહણ કરે તો **અદત્તાદાનદોષ,** સૂર્યોદય પહેલા આહાર-પાણી-ઉપધિ વિગેરે ગ્રહણ કરે તો—**અનુદિતસૂર ગ્રહણ દોષ,** જેટલી ભૂખ-તૃષા હોય તેના કરતાં વધારે ખાવા-પીવામાં—**પ્રમાણાતિક્રાન્ત દોષ** લાગે. (ઉ૦ મા૦) તેમ જ દિવસે વહોરેલી દવા આદિ પણ રાત્રિ ગયા પછી બીજે દિવસે વાપરવામાં આવે તો—**રાત્રિભોજનનો દોષ લાગે** માટે **અસન્નિહિ સંચયસ્સ** દવા આદિ ખાવાની વસ્તુ વહોરેલી સાધુ **રાત્રે રાખે નહિ** તેમ પડિક્કમણમાં જણાવેલ છે.

પહેલો પહોર પુરો થયા પહેલા પોરિસિ ભણાવીને લાવેલા પણ આહાર-પાણી ત્રીજા પહોર પછી વાપરવામાં આવેતો **કાલાતિક્રાન્ત** દોષ લાગે.

ઉગ્ઘાડા (ભણાવવાની) પોરિસિ ૭ ઘડીએ (બે કલાક ચોવીસ મિનિટે) થાય.

પહેલો પહોર પૂરો થાય ત્યારે પોરિસિનું પચ્ચક્ખાણ થાય, બીજો પહોર પૂરો થાય ત્યારે સાઢપોરિસિનું પચ્ચક્ખાણ થાય, બીજો પહોર પૂરો થાય ત્યારે પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ થાય, અને ત્રીજો પહોર પૂરો થાય ત્યારે અવઢ્ઢનું પચ્ચક્ખાણ થાય.

(૭૯) એવા મુખે બોલવાથી **જ્ઞાનાવરણીય** કર્મ બંધાય.

(૮૦) સાધુઓએ સૂચના આપી હોય કે ન આપી હોય, પરંતુ ગૃહસ્થો, સાધુઓના માટે રસોઇપણ જે કંઇ બનાવે તે **આધાકર્મી** કહેવાય.

(૮૧) પિંડં સિજ્જં ચ વત્થં ચ, ચઉત્થં પત્તમેવ ય;
અકપ્પિયં ન ઇચ્છિજ્જા, પડિગાહિજ્જ કપ્પિયં (૬-૪૮)

આહાર–પાણી, વસ્ત્ર, પાત્ર અને વસતિ (રહેઠાણ) અકલ્પનીય ગ્રહણ કરે નહિ, પરંતુ નિર્દોષ કલ્પે તેવું ગ્રહણ કરે. (૬૦ બૈ૦)

(૮૨) તં હોઇ સઇંગાલં જં, આહારેઇ મુચ્છિઓ સંતો;
તં પુણ હોઇ સધૂમં, જં આહારેઇ નિંદંતો (પિંડનિ૦૬૫૫)

નિર્દોષ આહારને પણ રાગ–દ્વેષ, વખાણ કે નિન્દા કરતો તેમજ આહાર આપનારના વખાણ કે નિન્દા કરતો ખાય તો **ચારિત્રને કોલસા અને ધુમાડા જેવું બનાવે છે.**

(૮૩) અશનાદિ આહાર જેવી રીતે આલોવવામાં આવે છે તેવા રીતે **પાણી–ઔષધ** આદિને પણ **આલોવવા જોઈએ.**

(૮૪) ગૃહસ્થની રજાથી ખાસ કારણે મુનિ બનતે પણ પાણી વહોરી શકે.

(૮૫) અણાહારી વસ્તુ પણ ખાસ કારણ વિના લેવી નહિ.

(૮૬) ચા, તમાકુ, છીંકણી આદિનું વ્યસન રાખવું નહિ.

(૮૭) સૂર્યાસ્ત પહેલા બે ઘડી (૪૮ મિનિટ)માં ભોજન–પાણી વાપરનારને રાત્રિભોજનનો દોષ (અતિચાર) લાગે છે, માટે પેથડ શા મંત્રીની માફક સાંજે બે ઘડી પહેલા આહાર–પાણી **વાપરવાનું બંધ કરી** પચ્ચક્ખાણ કરી લેવું જોઇએ.

અહ્નો મુખેઽવસાને ચ, યૌ દ્વૌ દ્વૌ ઘટિકે ત્યજેત્;
નિશાભોજનદોષજ્ઞો, અશ્નાત્યસૌ પુણ્યભાજનમ્ (વ્યા૦૨૬)

રાત્રિ ભોજનના દોષને જાણનારો જે આત્મા દિવસની આદિમાં અને અંતમાં **બે બે ઘડીમાં** ખાતો–પીતો નથી તે પુન્યશાળી બને છે. (ઉ૦ પ્રા૦)

આજે દરેક તપસ્વી આત્માઓ દિવસના આરંભમાં બે ઘડીનો ત્યાગ કરે છે, પરંતુ દિવસના અંતમાં બે ઘડીનો ત્યાગ કરનારા ભાગ્યે જ જોવા મળશે, કેટલાકને આ વચનનો ખ્યાલ પણ નહીં હોય, માટે દિવસના અંતે બે ઘડીમાં ખાવા–પીવાનું છોડવા લક્ષ રાખવું.

(૯૮) रयणी भोयणे जे दोसा, ते दोसा अंधयारंमि; जे दोसा अंधयारंमि, ते दोसा संकडम्मि मुहे (व्या–२१७)

અંધારામાં અને સાંકડા મુખવાળા પાત્રમાં ભોજન કરવામાં કે પાણી પીવામાં આવે તો પણ રાત્રિભોજનનો દોષ લાગે. **(ઉ૦પ્રા૦)**

(૯૯) ગરમ પાણી ઠંડુ કરતાં વરાળ નીકળે ત્યારે વાયુકાય આદિના જીવો મરણ પામે છે તે ધ્યાનમાં રાખવું.

(૯૦) બે રાત્રિ પછી દહિ અભક્ષ્ય થાય છે, માટે ગઇ કાલનું મેળવેલું હોય તો જ લેવાય, એટલે **સવારે મેળવેલું ૧૬ પહોર પછી** અભક્ષ્ય થાય, અને **સાંજે મેળવેલું ૧૨ પહોર પછી** અભક્ષ્ય થાય **(ત૦ બિ૦)**

(૯૧) શિખંડ–પુરી તથા ગરમ નહિ કરેલા (કાચા) દૂધ–દહી અને આગ સાથે ઘઉંના રોટલા–રોટલી–પુરી અને બાખરા પણ ખવાય નહિ. કારણ કે :–કઠોળ દળવાની ઘંટી જુદી ન હોવાથી ઘંટીમાં કઠોળનો આટો ઘઉંના આટા સાથે ભેળસેળ થાય છે.

આજે કેટલીક જગ્યાએ છાશડીના સ્વાદની ખાતર પોતાનું મન મનાવા પૂરતું દહી ગરમ કરવામાં આવે છે, પરંતુ તે પોતાના આત્માને **છેતરવા** બરોબર છે, માટે તે **બરાબર ગરમ** કરેલું હોય તો જ કઠોળ સાથે વાપરી શકાય.

(૯૨) ચોમાસામાં કે શેપકાળમાં બજારની તૈયાર લાવેલી બુરૂ વાપરવી, તેના કરતાં ઘેર દળેલી સાકર કે મોરસ અથવા તો આખા મોરસ વાપરવી શ્રેષ્ઠ છે.

(૯૩) सयणासणवत्थं वा, भत्तपाणं च संजए; अदितस्स ण कुप्पिज्जा, पच्चक्खे वि दीसओ (द० वै०)

વસ્ત્ર, ભોજન, પાણી, વિ૦ હોવા છતાં તેમ જ પોતે નજરે દેખવા છતાં ગૃહસ્થો ન આપે તો તેમના ઉપર **ક્રોધ કરવો નહિ.** તથા તેમની **નિન્દા** પણ કરવી નહિ, પરંતુ પોતાને **લાભાંતરાય**

કર્મનો ઉદય છે તેમ માનવું. તથા **તપોવૃદ્ધિ** થશે, એમ માની મનને સમભાવમાં રાખવું.

અને ગૃહસ્થો આપે તો રાજી થવું નહિ, પરંતુ **સંયમપુષ્ટિ** થશે એમ માનવું.

(૯૪) तत्थ से नो कप्पई अदक्खुवइत्तएणं (કલ્પ૦ ૨૫૨) શ્રદ્ધાળુ શ્રાવકને ત્યાં **અજાણી** (હશે કે નહિ? એવી અનિશ્ચિત) વસ્તુ માગવી નહિ, અનેક દોષોનું કારણ હોવાથી, પરંતુ કારણે કૃપણને ત્યાં માગવામાં વાંધો નહિ.

(૯૫) ગોચરી–પાણી દૂર લેવા જવાથી તથા જ્યાં સાધુ–સાધ્વી ઓછા જતા હોય ત્યાં જવાથી ઘણા કર્મોની નિર્જરા થાય.

(૯૬) षट्कायदयावानपि संयतो दुर्लभं करोति बोधम्;
आहारे नीहारे जुगुप्सिते पिण्डग्रहणे च (१)

ક્રિયાપાત્ર અને દયાળુ સાધુ પણ આહાર અને નીહારમાં **ઉપયોગ ન રાખે** તથા **અયોગ્ય** આહાર ગ્રહણ કરે તો બોધિબીજને દુર્લભ બનાવે છે, માટે અયોગ્ય આહાર ગ્રહણ ન કરવામાં અને આહાર વાપરવામાં તેમજ સ્થંડિલ જવામાં ઘણો જ **ઉપયોગ** રાખવો જોઇએ.

(૯૭) આટો, પુરી અને મિઠાઇ વિગેરે ૨૦–૨૦ અને ૧૫ દિવસ પહેલાની હોય તો અનુક્રમે કાર્તિક–ફાગણ અને અષાડ ચોમાસામાં લેવાય નહિ, તો **બીસ્કીટ** આદિ બન્નેનું મહિનાઓ અને વર્ષો પહેલાનું હોય છે, તો તે કેમ લેવાય? **ન જ લેવાય.**

(૯૮) કોઇ પણ વસ્તુનો આગમથી અથવા અનુભવથી **નિર્જીવ** નો નિશ્ચય ન થાય ત્યાં સુધી તે વસ્તુનો **ઉપયોગ** સંયમીને થાય નહિ, તૈયાર ખડીયાની **સાહી** સચિત્તનો સંભવ હોવાથી અને અચિત્તની ખાત્રી ન હોવાથી **સ્પર્શ પણ થાય નહિ** તો પછી વાપરવાનું તો પૂછવું જ શું, **બોલપેનમાં** પણ વિચારવા જેવું છે.

(૯૯) કેવલીની દૃષ્ટિએ શુદ્ધ રહેલી વસ્તુમાં પણ અમાયાવી છદ્મસ્થ સાધુને શ્રુત અનુસારે વિચાર કરતાં અશુદ્ધની શંકા આવે તો તે વ્યવહારમાં **અશુદ્ધ જ** ગણાય.

અને કેવલીની દૃષ્ટિએ અશુદ્ધ રહેલી વસ્તુ પણ શ્રુત અનુસારે વિચાર કરતાં શુદ્ધ જણાય તો તે વ્યવહારમાં શુદ્ધ જ કહેવાય.

કેવલી સ્વયં ગોચરી જાય તો અશુદ્ધ લાવે નહિ, પરંતુ અમાયાવી છદ્મસ્થ શિષ્યોએ ઉપયોગ પૂર્વક શ્રુતને અનુસારે શુદ્ધ જાણીને લાવેલી ગોચરીને કેવલીઓ કેવલ જ્ઞાન વડે **અશુદ્ધ દેખે** તો પણ વાપરે, જો ન વાપરે તો શાસ્ત્રો અપ્રમાણ થાય. અને વ્યવહાર નષ્ટ થાય.

(૧૦૦) मा कुणउ जइ तिगिच्छं, अहियासेउंण जइ तरई सम्मं; अहियासिंतस्स पुणो, जइ से जोगा न हायंति

સંયમી ઉત્સર્ગમાર્ગે **દવા કરાવે નહિ,** પરંતુ મન સમાધિમાં ન રહે અને આવશ્યક અનુષ્ઠાનોમાં શિથિલતા આવે તો **અપવાદ માર્ગે અનિચ્છાએ દવા કરાવે. (ઉ૦ મ૦ ૩૪૬)**

(૧૦૧) आउस्स न वीसासो, कज्जस्स बहूणि अंतराया‌णि; तम्हा साहूणं, वट्टमाणजोगेण ववहारो (૧)

કોઇ પણ કાર્યમાં, આવીશ—નહિ આવું, આપીશ—નહિ આપું, જઇશ—નહિ જઉં, વિ૦ જકારપૂર્વક **(નિશ્ચયવાણી)** બોલવું નહિ, કારણ કે :—આયુષ્યનો ભરોસો નથી, ક્ષણે ક્ષણે વિચારો બદલાયા કરે છે, અને કાર્યો પણ ઘણા વિઘ્નવાળાં છે, માટે સાધુઓએ **"વર્તમાન યોગ"** (જેવો સમય) એમ બોલી વ્યવહાર ચલાવવો.

(૧૦૨) ગૃહસ્થને આવો, જાઓ, બેસો એમ કહેવાય નહિ, પક્ષીને ઉડાડાય નહિ, જાનવરને કદાય નહિ **(૬૦ વૈ૦)**

(૧૦૩) દેશાટન, વ્યાપાર, ઉદ્ઘાટન આદિ સંસારી બાબતો માટે સાધુઓએ **મુહૂર્ત** જોવાં નહિ.

(૧૦૪) જ્ઞાનપૂજા કરનારને જ્ઞાનની પૂજા કરવાનો નિષેધ કરી ગુરુપૂજા કરાવવી નહિ, નહિ તો નિષેધ કરનારને જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

(૧૦૫) સાધુ-સાધ્વીએ પોતાની પાસે રહેલ-જામ, ઓઘાની જુની દશી-વિ. કોઇ પણ વસ્તુ ગૃહસ્થને આપવાનો વ્યવહાર રાખવો નહિ, તેમાં પણ **ગુરુદ્રવ્યથી** લાવેલી તેમ જ **ધર્મલાભ** આપેલી વસ્તુ ગૃહસ્થને ન અપાય તે લક્ષમાં રાખવું, અન્યથા આપનાર અને લેનાર બંને દોષના ભાગી બને.

(૧૦૬) દેરાસરમાં ભમતી હોય તો **ત્રણ પ્રદક્ષિણા** આપ્યા પછી જ ચૈત્યવંદન કરવું, ચૈત્યવંદન કરતાં વચ્ચે કોઇને પચ્ચક્ખાણ **આપવું નહિ** અને પોતે પણ ચૈત્યવંદન કરતાં વચ્ચે પચ્ચક્ખાણ **લેવું નહિ.**

(૧૦૭) કોઇને **આડ ન પડે** તેવી રીતે આપણે સ્તુતિ-ચૈત્યવંદન કરવું જોઇએ, પરંતુ આપણે સ્તુતિ-ચૈત્યવંદન કરતા હોઇએ ત્યારે બીજો કોઈ આપણને આડ પાડે તો આપણે **કંઈ પણ બોલવું નહિ.** અને મનથી જરા પણ **દુર્ભાવ ન થવા દેવો,** અને આડ પડે તે વખતે **આંખો બંધ કરી** હૃદયમાં ભગવાનને ધારણ કરી સ્તુતિ-ચૈત્યવંદનમાં લીનજ બની રહેવું—પણ ધ્યાન તોડવું નહિ.

(૧૦૮) સાધુ અને સ્ત્રી વચ્ચે બે પુરુષ હોય ત્યાં સુધી સંઘટ્ટાનો દોષ સાધુને લાગે, ત્રણ પુરુષથી સંઘટ્ટાનો દોષ સાધુને લાગે **નહિ.** તેવી રીતે સાધ્વી અને પુરુષ વચ્ચે બે સ્ત્રી હોય ત્યાં સુધી સંઘટ્ટાનો દોષ સાધ્વીને લાગે, ત્રણ સ્ત્રીથી સંઘટ્ટાનો દોષ સાધ્વીને લાગે નહિ.

(૧૦૯) દેરાસરમાં **મેલ** ઉતારાય નહિ, **ધોવાય** નહિ, **પરસેવો** લુછાય નહિ, કપડાની **ટાપટીપ** થાય નહિ, **આડું અવળું** જોવાય નહિ, અને કામળીની **ઘડી** પણ કરાય નહિ.

(૧૧૦) પૂજનમાં વાપ્ત સાથે સ્પેશ્યલ બોલવું યોગ્ય નથી, વાયુકાય આદિની વિરાધના થતી હોવાથી.

(૧૧૧) દેરાસરમાં ચૈત્યવંદન કરતાં **જિનમુદ્રા યોગમુદ્રા** અને **મુક્તાશુક્તિમુદ્રા** આ ત્રણ મુદ્રાઓ સાચવવી જોઇએ, બીજી નવ ત્રિકો **ચૈ૦ ભા૦** માંથી જોઇ લેવી.

જિનમુદ્રા

યોગમુદ્રા

મુક્તાશુક્તિ મુદ્રા

જિનમુદ્રા—બે પગની વચ્ચે **આગળ** ચાર આંગળ અને **પાછળ** ચાર આંગળથી કંઈક ઓછું અંતર રાખવું.

આ મુદ્રાથી—ખમાસમણ, ઇરિયાવહિ, તસ્સઉત્તરિ, અન્નત્થ, લોગસ્સ, અરિહંતચેઇઆણું, કાઉસ્સગ્ગ, નમોર્હત્ અને સ્તુતિ બોલાય.

યોગમુદ્રા—બે જાનુ ભૂમિ ઉપર સ્થાપન કરી (**જીવાભિગમે**–જમણો જાનુ ભૂમિ ઉપર સ્થાપન કરી અને ડાબો જાનુ ઊભો રાખી, **જ્ઞાતાસૂત્રે**–પર્યંકાસને બેસી, **તેજજ આસ ઇન્દ્ર માટે–કલ્પસૂત્રે**–જમણો જાનુ ભૂમિ ઉપર સ્થાપન કરી અને ડાબો જાનુ પૃથ્વીથી થોડો અદ્ધર રાખી) કમળના ડોડાની જેમ બંને હાથની કોણીઓ પેટ ઉપર રાખી બંને હાથની આંગળીઓ પરસ્પર અંતરિત કરવી પરંતુ તેમાં **જમણા** હાથનો અંગુઠો ઉપર આવવો જોઇએ.

આ મુદ્રાથી—ચૈત્યવંદન, જંકિંચિ, નમુત્થુણં, ખમાસમણ, નમોર્હત્, સ્તવન, અને જયવીયરાયની છેલ્લી ત્રણ ગાથા બોલાય.

મુક્તાશુક્તિ મુદ્રા—બંને જાનુ યોગમુદ્રાની માફક રાખી કમળના ડોડાની જેમ બંને હાથની કોણીઓ પેટ ઉપર રાખી બંને હાથના પંજા (હથેલીઓ) છીપની માફક વચ્ચેથી ઉન્નત રાખી

આંગળીઓ પરસ્પર અંતરિત કર્યા વિના સામ-સામી ભેગી કરી લલાટ પાસે અંજલી રાખવી.

સ્ત્રીઓએ રતનાદિક અવયવો જેમ પ્રગટ ન દેખાય તેમ મુદ્રા કરવી, એટલા જ માટે સ્ત્રીઓને ઊંચા-લલાટ દેશે હાથ લગાડવા કહ્યા નથી.

આ મુદ્રાથી—જત્તવંતિ, જાવંત અને જયવીયરાયની પહેલી બે ગાથા બોલાય.

(૧૧૨) સન્નાતો આગતો ચરમપોરિસિં જાણિઊણ ઓગાહં; પડિલેહણમપ્પત્તં નાઊણ કરેઇ સજ્ઝાયં (૬૬૬)

સ્થંડિલથી આવીને ચોથો પહોર થઇ ગયો જાણીને પડિલેહણ શરૂ કરે, ચોથા પહોરની વાર હોય તો સ્વાધ્યાય કરે **(ઓઘનિ૦)**

(૧૧૩) દાંડી અને દશીઓ મળીને રજોહરણ **બત્રીસ** આંગળનો જોઇએ. અને મુહપત્તિ એક બાજુ કોનારીવાળી તથા એક વેંત અને ચાર આંગળ **સમચોરસ** જોઇએ.

(૧૧૪) કોઇ પણ વસ્તુ લેતાં અને મુકતાં ચક્ષુથી દેખી ઓઘો અથવા ચરવળીથી **પૂજીને** પછી લેવી અને મુકવી.

(૧૧૫) જત્થ ય ગોયમ પંચણ્હ, કહવિ સૂણાણ ઇક્કમવિ હુજ્જા; તં ગચ્છં તિવિહેણં, વોસિરિય વજ્જજ અન્નત્થ (૧૦૧)

હે ગૌતમ! ચુલો, ઘંટી, ખંડણી, સાવરણી, અને પાણીયારૂં આ **પાંચ** વધસ્થાનમાંથી કોઇ પણ એક **વધસ્થાન** જે ગચ્છમાં હોય તે ગચ્છને **ત્રિવિધે** વોસિરાવીને બીજા સુવિહિત ગચ્છમાં સાધુ જાય. (ગચ્છા૦)

(૧૧૬) પંચસૂના ગૃહસ્થસ્ય, ચુલ્લી પેષણ્યુપસ્કર; કંડની વારિકુંભશ્ચ, બધ્યતે યાસ્તુ વાહયન્ (૧)

ગૃહસ્થને ત્યાં (૧) ચુલો (૨) ઘંટી (૩) ખંડણી (૪) સાવરણી (૫) પાણીયારૂં આ. પાંચ **વધસ્થાન** હોય છે, તેને ચલાવતાં જીવ કર્મથી બંધાય છે.

(११७) अज्जुरीपत्तमुंजेण, जो पमज्जे उवस्सयं;
नो दया तस्य जीवेसु, सम्मं जाणाहि गोयमा! (गच्छा० ७६)

ભગવાન મહાવીર ગૌતમસ્વામીને કહે છે કે હે ગૌતમ! જે સાધુ-સાધ્વી **મુંજ** કે **અજ્જુરીની** સાવરણીથી ઉપાશ્રયમાં કાજો લે છે, તે સાધુ-સાધ્વીઓને જીવો ઉપર **દયા નથી** એમ તું જાણ.

(११८) માત્રાની કુંડી પૂજવા **ઉનનીજ** ચરવળી ખાસ જુદી રાખવી, ઝાંટાની ચરવલી કડક હોવાથી જીવહિંસા થવાનો સંભવ છે.

માત્રાની કુંડી દરેકે **જુદી** રાખવી કારણ કે :—એક જ કુંડી હોય તો વારંવાર વપરાતી કુંડી સુકાતી ન હોવાથી **સમુર્ચ્છિમ** જીવો ઉત્પન્ન થાય.

તેમ જ દરેકે જુદી કુંડી રાખેલી હોય તોપણ વર્ષાદ આદિના ટાઈમમાં કુંડી એ ઘડીમાં **સંપૂર્ણ** સુકાતિ નથી. માટે તેમાં થોડી રેતી નાખી હલાવીને પછી જ મુકવી.

હવે કુંડી મુકવાની જગ્યા પણ **પથરવાળી** હોય તો ત્યાં ઈંટ મુકી અથવા રેતીનો ઢગલો કરી તેના ઉપર કુંડી મુકવી, નહિ તો **કીનારી** ન સુકાવાથી તેમજ પથ્થર ઉપર માત્રાનો **છાંટો** પડ્યો રહેવાથી જીવોની ઉત્પત્તિ થાય.

કુંડી નીચે **વસ્ત્ર ન મુકવું,** કારણ કે :—વસ્ત્રની નીચે **જીવો** પેસી જાય, અને કુંડી મુકતાં **મરી** પણ જાય.

(११९) બળખા, થુક, શ્લેષ્મ આદિના માટે બેળીયું ખાસ રાખવું અને ખાસ **ઉપયોગ** કરવો, પરંતુ **જ્યાં ત્યાં થુકવું નહિ,** જો જ્યાં ત્યાં થુકવામાં આવે તો અંતર્મુહૂર્ત પછી સમુર્ચ્છિમ મનુષ્યો અને બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને નાશનો પ્રસંગ આવે, અને મક્ષિકા વગેરે ચાંટીને મરી પણ જાય.

(१२०) ४८ મિનિટને મુહૂર્ત કહેવાય, અને બે સમયથી માંડીને ४८ મિનિટમાં એક સમય ઓછો હોય ત્યાં સુધી તેને અંતર્મુહૂર્ત કહેવાય.

(૧૨૧) પગલુછણીયા ઉપર પગ ઘસાય નહિ તથા તેના ઉપર ચલાય પણ નહિં, તેમ જ **ચટ્ટાઈનો** પણ ઉપયોગ કરાય નહિં **(૬૦૫૦)**

(૧૨૨) ખાંસી, છીંક, બગાસું, આદિ આવે ત્યારે મુખ આગળ **મુહપત્તિ કે વસ્ત્ર** રાખવું જોઇએ, જેથી વાયુકાય અને ત્રસકાય આદિ જીવોની વિરાધના થતી **અટકી જાય.**

(૧૨૩) ચકલીઓ જીવડાં ખાય અને પછી પાણીમાં ચાંચ નાખી પાણી પીએ, તેથી પાણી અકલ્પ્ય બનવાનો સંભવ છે, માટે ઠંડુ કરવામાં આવતા પાણી ઉપર **વસ્ત્ર** ઢાંકવું યોગ્ય છે.

બપોરે પડિલેહણ કર્યા પછી પાણી ગળવું જોઈએ, પાણી ગળીને તરત જ ગલણું નીચોવવું નહીં પરંતુ છાયામાં સુકવી દેવું (ચુનો નાખવાનું પાણી પણ ગળવું જ જોઇએ.)

(૧૨૪) બહુ મોટા અવાજે હસવું અને **દાંતથી** ચાવીને **નખ** તોડવા આ કુટેવ છે, તેથી તે કુટેવને છોડી દેવી.

(૧૨૫) રાત્રે **દોરી** બાંધી રાખવી નહિં, ગૃહસ્થોએ બાંધેલી હોય તો તે દોરી ઉપર રાત્રે **કપડાં નાખવાં નહિ,** તેમ તેના ઉપરથી **લેવાં પણ નહિ.**

(૧૨૬) સૂર્યોદય **પહેલા** અને સૂર્યાસ્ત **પછી** દહેરાસર **જવાય નહી.**

(૧૨૭) સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા, તથા વાડામાં સ્થંડીલ બનતાં સુધી જવું નહિ (જવાય તો **પ્રાયશ્ચિત્ત** લઇ લેવું)

(૧૨૮) એમેવ પાસવણે બારસ ચઉવીસઙ્ગ તુ પેહિત્તા; કાલસ્સવિ તિન્નિભવે સૂરો અત્થમુવયાઇ (૬૩૪) જઇ પુણ નિવ્વાઘાએ આવાસં તો કરેંતિ સવ્વેવિ; સઝ્ઝાઇ કહણ વાઘાયતાએ પચ્છા ગુરૂ ઠંતિ (૬૩૫)

સ્થંડિલ અને માત્રુ પરઠવવા માટે ચોવીસ ભૂમિ અને કાલ ગ્રહણની ત્રણ ભૂમિનું પડિલેહણ સૂર્યાસ્ત સુધીમાં કરી લેવું, હવે

સૂર્યાસ્ત પછીનું કર્તવ્ય બતાવતાં કહે છે કે :—ગુરૂ મહારાજ વ્યાઘાત વિનાના હોય તો સર્વ જણ માંડલીમાં પ્રતિક્રમણ કરે, પરંતુ શ્રાવકને ધર્મનું કથન કરવા વડે ગુરૂ મહારાજ વ્યાઘાતવાળા હોય તો ગુરૂ મહારાજ પાછળથી માંડલીમાં આવી પ્રતિક્રમણ કરે **(ઓ૦નિ૦)**

(૧૨૯) અપવાદ કારણે દેવસિ–પક્ખિ–ચૌમાસિ અને સંવચ્છરી પ્રતિક્રમણ દિવસના બાર વાગ્યાથી રાત્રિના બાર વાગ્યા સુધી થાય.

(૧૩૦) સંવચ્છરીનો **અટ્ઠમ,** ચૌમાસીનો **છટ્ઠ,** અને પક્ખિનો **ચૌથભક્ત** (ઉપવાસ) કરવો જોઈએ, શક્તિ ન હોય તો આયંબિલ આદિ કરીને પણ આગળ અથવા પાછળ તપ પુરો કરી આપવો જોઇએ, નહિ તો **આજ્ઞાભંગ** દોષ લાગે **(કલ્પ૦)**

(૧૩૧) સાયં સયં ગાસદ્ધં, તિન્નેવ સયા હવન્તિ પક્ખન્તે; પંચસયા ચઉમાસે, અટ્ઠસહસ્સં ચ વરિસંમિ(૧)

પહેલા અને છેલ્લા તીર્થંકરના દરેક સાધુઓને આખા દિવસમાં દોષ લાગે કે ન લાગે તો પણ સાંજે પ્રતિક્રમણમાં **૧૦૦ ઊસોઊસ** (ચાર લોગસ્સ, સંદેસુનિમ્મલયરા સુધી)ના કાઉસ્સગ્ગનું **પ્રાયશ્ચિત્ત** દરરોજ કરવાનું, તેવી રીતે દરરોજ રાત્રિના પ્રતિક્રમણમાં **૫૦ ઊસોઊસ,** દર પખવાડિયે પક્ખિપ્રતિક્રમણમાં **૩૦૦ ઊસોઊસ,** દર ચૌમાસિએ ચૌમાસિ પ્રતિક્રમણમાં **૫૦૦ ઊસોઊસ,** અને દર વર્ષે સંવચ્છરી પ્રતિક્રમણમાં **૧૦૦૮ ઊસોઊસના** કાઉસ્સગ્ગનું **પ્રાયશ્ચિત્ત** આવે.

(૧૩૨) ચાલુ પ્રતિક્રમણમાં માત્રુ કરવા જનારે અતિચાર, પક્ખિસૂત્ર, સ્તવન વિ૦ જે કોઇ પણ **સૂત્ર અધુરાં રહ્યાં હોય** તે અધ્યાય સૂત્રો મનમાં **બોલી જવાં** જોઇએ, ન બોલવામાં આવે તે પ્રતિક્રમણ **અધુરૂં** રહે.

(૧૩૩) પ્રતિક્રમણ કર્યા પછીથી ત્રણ સ્તુતિ (નમોસ્તુ૦ વિશાલલોચન૦) સુધી માત્રુ કરવા ન જવું પડે તેનો ઉપયોગ રાખો

માત્રાની શંકાનું નિવારણ પ્રથમથી જ કરી લેવું અથવા **પાણી ઓછું પીવું.**

(૧૩૪) સાધુઓએ શ્રાવિકાઓને અને સાધ્વીઓએ શ્રાવકોને પ્રતિક્રમણ કરાવવું તે વ્યવહારનું **ઉલ્લંઘન** કરનાર છે, ભવિષ્યમાં **અનર્થ કરનાર છે,** આત્મગુણ **ઘાતક છે,** ઉન્માર્ગ **પ્રવર્તક છે,** માટે તેનાથી દૂર રહેવું.

(૧૩૫) સાંજે પ્રતિક્રમણ કર્યા પછી **સ્વાધ્યાય** અથવા **ધ્યાન** કરવું.

(૧૩૬) સૂર્યની ગેરહાજરી જ્યાં સુધી હોય ત્યાં સુધી તો અવશ્ય દંડાસણથી ભૂમિ બરોબર પૂજીને જ પગલાં મૂકવાં જોઇએ, સૂર્યની હાજરીમાં પણ જ્યાં સુધી અંધારું હોય ત્યાં સુધી દંડાસણથી ભૂમિ પૂજીને જ ચાલવું જોઈએ.

(૧૩૭) દંડાસણની સોટી **નરમ** રાખવાથી કાજો લેતાં દંડાસણ વળી જાય, તેથી કાજો બરાબર લઈ શકાય નહિ, ચાલતાં પણ સારી રીતે ભૂમિ પૂજાય નહિ, માટે સોટી **કડક** રાખવી.

(૧૩૮) છ ઘડી રાત્રિ ગયા બાદ સંથારા પોરિસિ ભણાવવી અને **એક પહોર** રાત્રિ ગયા પછી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી નિદ્રા લેવી.

(૧૩૯) અણુજ્જાણહ સંથારં, બાહુવહાણેણં વામપાસેણં; કુક્કુડીપાયપસારેણં, અતરંત પમજ્જએ ભૂમિં (૨૦૫)

હે ભગવંત ! છ ઘડી રાત્રિ ગઇ છે, માટે સંથારો કરવાની આજ્ઞા આપો, વળી **ડાબા હાથનું ઓશિકું** અને **ડાબા પડખે ઉંઘવું**, ડાબા પડખે ઉંઘતાં વડીલો સામે **પુંઠ ન થાય** તે ખાસ ધ્યાનમાં રાખવું, તેમ જ કુકડીની જેમ ટુંટીયું વાળીને પગ રાખવા, પરંતુ તેવી રીતે પગ રાખવાને સમર્થ નહોય તો **ભૂમિનું પ્રમાર્જન** કરીને પગ લાંબા કરે **(ઓઘનિ૦)**

(૧૪૦) સંકોએ સંડાસં ઉવ્વટ્ટંતે ય કાયપડિલેહા;
દવ્વાઈ ઉવઓગં ણિસ્સાસ નિરુંભણાલોયં (૨૦૬)

પગ સંકોચવા કે પહોળા કરવા હોય તથા પડખું ફેરવવું હોય ત્યારે સાંધાઓ, શરીર તથા ભૂમિનું **પ્રમાર્જન** કરે, અને જયત થાય ત્યારે દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે યથા–**દ્રવ્યથી** દીક્ષિત કે ગૃહસ્થ, **ક્ષેત્રથી** મેડા ઉપર કે બોંયતળીએ, **કાળથી** રાત્રિ કે દિવસ, **ભાવથી** માત્રાદિથી પીડિત કે નહિ, એમ વિચાર કરવા છતાં ઊંઘ ન ઉડે તો શ્વાસને રોકવા નાસિકા દઢ પકડે, ત્યાર બાદ નિદ્રા ગયે છતે દ્વારનું નિરીક્ષણ કરે **(ઓ૦ નિ૦)**

(૧૪૧) રાત્રે દીવો રાખવાથી ત્રસ તથા સ્થાવર જીવોનો **કચ્ચરઘાણ** નીકળે છે, માટે ડંડાસણ **રૂપી દીવાનો** ઉપયોગ કરી ધીમે ધીમે ચાલવામાં આવે તો દીવાની જરૂર પડે નહિ.

અંધ માણસો **વગર દીવે વગર આંખે** ગામમાં ફરે છે, તે કેવી રીતે ફરતા હશે ?

આપણને પણ ચારિત્ર પ્રત્યે **સાચો પ્રેમ** જાગે તો દીવા વિના પણ કામ ચલાવી શકાય.

અથવા સંથારાની જગ્યા બહલી નાખવી (સંથારો દ્વાર પાસે રાખવો) જેથી થાંભલા આડા આવે નહિ, અને દરવાજો શોધવા માટે ફાંફાં પણ મારવાં પડે નહિ.

(૧૪૨) અવિહિ કયા વરમ કયં,અસૂયવયણં વયંતિ સમયન્નૂ;
પાયચ્છિત્તં જમ્હા અકએ, ગુરુયં કએ લહુ યં (૧)

"અવિધિથી કરવું તેના કરતાં ન કરવું સારું" આ ઉત્સૂત્ર વચન છે, કારણ કે :–સર્વથા ન કરનારને **મોટો દોષ છે.** મહાન હાનિ છે અને અવિધિથી કરનારને **અલ્પદોષ** (અલ્પ પ્રાયશ્ચિત્ત) છે, અલ્પહાનિ છે.

(૧૪૩) તીર્થોચ્છેદ ભિયા હન્ત ? અશુદ્ધસ્યૈવ ચાદરે;
સૂત્રક્રિયાવિલોપઃ સ્યાદ્, ગતાનુગતિકત્વતઃ (૧૩)

માર્ગનો લોપ થઇ જવાના ભયથી **અશુદ્ધજ ક્રિયા** ચલાવવામાં આવે તો પરંપરાએ સૂત્રાનુસારિ ક્રિયાનો **લોપ થઈ જાય,** માટે વિધિનો આદર કરવો અને શક્ય હોય ત્યાં અવિધિને દૂર કરવી.

વળી જ્યાં અશક્ય હોય ત્યાં પણ અવિધિ દૂર કરવાનું લક્ષ રાખવું પરંતુ માર્ગ લોપ થઇ જવાના ખોટા ભયથી અશુદ્ધક્રિયા ચલાવવાની ખોટી હિંમત કરવી નહિ. **(અ૦સા૦સદનુષ્ઠાન)**

(૧૪૪) જૈનશાસનમાં **કેટલું** કર્યું તેની કિંમત ઓછી છે, પરંતુ **કેવી રીતે** કર્યું તેની કિંમત વધારે છે, આગળ વધતાં કેવી રીતે કર્યું તેની જેટલી કિંમત છે તેના કરતાં **સરવાળે** કેટલું વધ્યું તેની કિંમત વધારે છે.

(૧૪૫) પોતાની **દ્રવ્ય ક્રિયા** વખાણવી નહિ, પરંતુ **ભાવ ક્રિયા જ** વખાણવી, **બીજાની દ્રવ્ય ક્રિયા** વખોડવી નહિ, પરંતુ અંતરમાં વખાણવી અને તેને આગળ વધારવા ભાવક્રિયા સમજાવવી.

(૧૪૬) બીજા ધર્મ ન પામે તેનો વાંધો નહિ, પરંતુ આપણા નિમિત્તે દેવ-ગુરૂ અને ધર્મની **હેલના** (નિન્દા) **થાય** કે બીજા લોકો **અધર્મ પામે,** તેવું **વર્તનતો** મન-વચન અને કાયાથી **નજ કરવું.**

—: અસ્વાધ્યાય :—

(૧) માનસિક સ્વાધ્યાયનો નિષેધ કોઇપણ જગ્યાએ કર્યો નથી, તેથી અંતરાય-સુવાવડ આદિમાં પણ મનમાં નમસ્કાર મહા-મંત્રનું સ્મરણ સ્વાધ્યાય અને પ્રભુનું ધ્યાન આદિ કરી શકાય. **अनुप्रेक्षा तु न कदाचनापि प्रतिषिद्धयते-इति. (પ્ર૦ ૧૪૭૦)**

(૨) અશુદ્ધિ વચ્ચે રાજમાર્ગ હોય તો સ્વાધ્યાય થઈ શકે.

(૩) દરરોજ સવારે સૂર્યોદય પહેલા અને પછી ૨૪-૨૪-મિનિટ, બપોરે મધ્યાહ્ન પહેલા અને પછી ૨૪-૨૪ મિનિટ, સાંજે સૂર્યાસ્ત પહેલા અને પછી ૨૪-૨૪ મિનિટ, અને મધ્ય રાત્રિના પહેલા અને પછી ૨૪-૨૪ મિનિટ અસ્વાધ્યાય.

(૪) સુદ એકમ-બીજ અને ત્રીજની રાત્રે પ્રથમ પ્રહરે ઉત્તરાધ્યયન આદિનો અસ્વાધ્યાય.

(૫) અસ્વાધ્યાય સિવાય રાત્રિ અને દિવસના પ્રથમ અને છેલ્લે પ્રહરે ભણાય તે કાલિક.

અસ્વાધ્યાય તથા કાલવેળા છોડીને જે ભણાય તે ઉત્કાલિક.

(૬) ત્રણ ચોમાસી ચૌદશના મધ્યાહ્ન (મતાંતરે-પ્રતિક્રમણ કર્યા પછી)થી એકમ સુધી **અને** પાક્ષિક ચૌદશના મધ્યાહ્ન (મતાંતરે પક્ષિપ્રતિક્રમણ કર્યા પછી)થી આખા રાત્રિ સુધી અસ્વાધ્યાય. **(ઉ૦પ્રા૦વ્યા૦૨૫૭).**

(૯) આસો અને ચૈત્ર સુદ-૫-ના મધ્યાહ્નથી વદ-૬-સુધી અસ્વાધ્યાય.

(૮) ઊગતો ચંદ્ર ગ્રહણ થાય તો ૪-પ્રહર રાત્રિના અને ૪ પ્રહર બીજા દિવસના મળી આઠ પ્રહર અસ્વાધ્યાય.

(૯) પ્રભાત કાલે ચંદ્રમા, ગ્રહણ સહિત આથમે તો પછીનો દિવસ અને રાત્રિના આઠ તથા બીજા દિવસના ૪ પ્રહાર મળી ૧૨ પ્રહર અસ્વાધ્યાય.

(૧૦) સૂર્ય, ગ્રહણ સહિત આથમે તો ૪ પ્રહર રાત્રિના અને આગામી દિવસ રાત્રિના ૮ પ્રહર મળી ૧૨ પ્રહર અસ્વાધ્યાય.

(૧૧) ઉગતો સૂર્ય, ગ્રહણ થાય અને ગ્રહણ સહિત આથમે તો તે દિવસ અને રાત્રિ તથા બીજો દિવસ અને રાત્રિ મળી ૧૬ પ્રહર અસ્વાધ્યાય.

(૧૨) આર્દ્રાથી સ્વાતિ નક્ષત્ર સુધી મેઘગર્જના, વીજળી અને વર્ષાદની અસ્વાધ્યાય ગણાય નહિ.

(૧૩) અકાલે મેઘગર્જના, ગંધર્વનગર, વીજળી, દિગ્દાહ, થાય તો ૨ પ્રહર અસ્વાધ્યાય.

(૧૪) ભુરૂભુદાકારે (જે વર્ષાદથી પરપોટા થાય તે) નિરંતર ૮ મુહૂર્તથી વધારે જ્યાં સુધી વર્ષાદ વર્ષે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) ધુંવાર પડે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૬) ધરતીકંપ થાય તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૧૭) હોળીપર્વમાં જ્યાં સુધી રજ શાન્ત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૮) કરૂણ રૂદન અને ઝઘડા સંભળાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૯)પશુવધ થાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૨૦) ઈંધુ કુટે તો ૬-પ્રહર અસ્વાધ્યાય.

(૨૧) બીલાડીએ ઉંદરને માર્યો હોય તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૨૨) યુદ્ધ શાન્ત થયા પછી ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૨૩) પુત્ર પુત્રી જન્મે ૧૬ દિવસ સુતક, જુદા જમતા હોય તો બીજાના ઘરના પાણીથી પૂજા થાય.

(૨૪) જેટલા માસનો ગર્ભ પડે તેટલા દિવસનું સુતક.

(૨૫) પ્રસવવાળી સ્ત્રી ૬ માસ દર્શન ન કરે અને ૪૦ દિવસ પૂજા ન કરે તથા સાધુને વહોરાવે નહિ, અને ૮ દિવસ અસ્વાધ્યાય.

(૨૬) પશુ જંગલમાં જન્મે તો ૬ દિવસ અને ઘેર જન્મે તો ૨-દિવસ સુતક.

(૨૭) ભેંસનું ૧૫ દિવસ પછી, બકરીનું ૮ દિવસ પછી, અને ગાય-ઉંટડીનું ૧૦ દિવસ પછી દુધ કલ્પે.

(૨૮) જેને ઘેર મરણ થાય ત્યાં જમનારા ૧૨ દિવસ પૂજા ન કરે, અને સાધુ વહોરે નહિ. ગોત્રીયોને ૫ દિવસનું સુતક.

(૨૯) મૃતકને સ્પર્શ કરનાર ૩ દિવસ પૂજા ન કરે, વાચિક સ્વાધ્યાય ૨ દિન ન કરે, ગોત્રીઓને ૫ દિવસનું સુતક, પરસ્પર સ્પર્શ કરનાર-૨ દિવસ પૂજા ન કરે, પરસ્પર પણ ન અડયા હોય તો સ્નાન કરીને પૂજા થાય.

(૩૦) જન્મે તે દિવસે મરે અથવા દેશાંતરે મરે તો ૬ દિવસનું સુતક.

(૩૧) આઠ વર્ષ સુધીનું મરણ પામે તો ૮ દિવસનું સુતક, દોરનું મૃતક જ્યાં સુધી પડયું હોય ત્યાં સુધી સુતક, પરંતુ ગાયના મરણનું ૬ દિન સુતક.

(૩૨) દાસ–દાસી જન્મે કે મરે તો ૩ દિવસનું સુતક.

(૩૩) શય્યાતર, મુખી, આદિ મરે તો ૮ પ્રહર અસ્વાધ્યાય.

(૩૪) ગાયને જરાયુ લાગ્યું હોય ત્યાં સુધી અસ્વાધ્યાય, અને પછ્યા પછી ૩ પ્રહર અસ્વાધ્યાય.

(૩૫) ૬૦૦ હાથની અંદર મનુષ્યનું કલેવર પડ્યું હોય ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૩૬) સ્ત્રીને ઋતુના ત્રણ દિવસ સુધી અસ્વાધ્યાય. ચાર દિવસ પ્રતિક્રમણ ન કરે, પાંચ દિવસ પૂજા ન કરે. રોગાદિ કારણે પાંચ દિવસ પછી પણ રૂધિર આવે તો ફક્ત પૂજા ન કરે.

—: સાધુ કાળધર્મ વિધિ :—

સાધુ–સાધ્વી કાળ કરે કે તરત જ મૃતકના માથાની જગ્યાએ જમીનમાં લોટાની ખીલી મારવી.

કાળ કર્યા પહેલા સંથારાની ઉપધિ હોય તે દૂર લઇ લેવી પરંતુ જીવ ગયો ત્યાં સુધી રહી ગઇ હોય તો અચિત્ત પાણી હોય તો શ્રાવક પાસે ભીંજવી નંખાવવી, ગરમ વસ્ત્રોને ગોમૂત્ર છાંટી શુદ્ધ કરાવવા, અચિત્ત પાણી ન હોય તો સુતરાઉ વસ્ત્રોને પણ ગોમૂત્ર છાંટે તો પણ ચાલે. મૃતક લઇ ગયા પછી જીર્ણ પાત્ર–કાચલી–વસ્ત્રો આદિ પરઠવી દેવાં, દરેક સાધુએ ગોમૂત્રમાં બોળાની બે–ચાર દશીઓ બોળવી.

રાત્રે કાળ કર્યો હોય અને બીજા સાધુઓને પ્રતિક્રમણ આદિ કરવાનું હોય તો સ્થાપનાજી લઈને બીજે સ્થાને અથવા તે સ્થાને મનમાં કરવું અને કોઇના પણ સ્થાપનાજી મૃતક પાસે રાખવા નહિ.

જીવ જાય ત્યારે તરત આચાર્યાદિ પદવીવાળા હોય તો (અથવા માંડવી બનાવવાની હોય તો) તેમના શરીરને અડેલા શ્રાવકો પલાંઠી વાળે, અને સામાન્ય સાધુ હોય તો (અથવા માંડવો બનાવવાની ન હોય તો) પલાંઠી વાળવાની જરૂર નહિ, કારણ કે તેમના શરીરને હાઇડીમાં પધરાવવાનું હોવાથી.

સાધુ ચોગ્ય :–વડીલ સાધુ મૃતક પાસે આવી "વાસક્ષેપ" હાથમાં લઇને બોલે–કોટીગણ, ચાન્દ્રકુલ, વયરીશાખા, આચાર્ય શ્રી ...ઉપાધ્યાય શ્રી...પન્યાસ શ્રી...સ્થવિર શ્રી...મહત્તરા શ્રી..... અમુકના શિષ્ય–શિષ્યા...**મહાપારિટ્ઠાવણીઅ વોસિરણત્થં કરેમિ કાઉસ્સગ્ગં**, અન્નત્થ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ૦ પારી, પ્રગટ નવકાર કહી ત્રણવાર **વોસિરે** કહેતાં ત્રણવાર વાસક્ષેપ નાખવો.

શ્રાવક ચોગ્ય :–જો રાત્રે મૃતક રાખવાનું હોય તો મૃતકના માથાની નીચે જમીન કે થાંભલે ખીલી મારવી અને નિર્ભય માણસે જાગવું પણ સુવું નહિ.

પ્રથમ દાઢી મુખ અને મસ્તકના કેશ કાઢી નખાવે, પછી હાથની છેલ્લી આંગલીના ટેરવાનો છેદ કરે, પછી હાથ–પગની આંગળીઓને ધોળા સુતરથી બાંધ કરે, પછી કથરોટમાં બેસાડીને કાચા પાણીથી સ્નાન કરાવે, પછી નવાં વસ્ત્રોથી શરીર લુંછીને કેસર–સુખડ–બરાસથી વિલેપન કરી નવાં વસ્ત્રો પહેરાવે—પ્રથમનો ઓઘો લઇ લેવો, સાધુને ચોલપટ્ટો પહેરાવી કંદોરો બાંધે, કપડાને કેશરથી અવળા પાંચ સાથીઆ કરી ઓઢાડે, બીજાં કપડાંને કેસરના છાંટા નાખવા, નનામી ઉપર ઉતરપટ્ટો પાથરવો, અને તેના વચલા ભાગમાં આટાનો એક અવળો સાથીઓ કરવો, અને માંડવી હોય તો બેહકે અવળો સાથીઓ કરવો.

સાધ્વી હોય તો નીચેના વસ્ત્રો સિવાયના ઉપરના ભાગનાં વસ્ત્રોને કેશરના અવળા પાંચ સાથીઆ કરવા, તેમજ સર્વવસ્ત્રોને કેશરના છાંટા નાખવા.

ચાર આંગળ પહોળો પાટો કેડે બાંધવો, પછી નાવના આકારે ચૌદ પડનો લંગોટ પહેરાવે, નાવના આકારે ન હોય તો ચૌદ પડ કરી લંગોટ પહેરાવે, પછી નાનો લેંઘો જાંઘ સુધીનો પહેરાવે, પછી લાંબો લેંઘો પગના કાંડા સુધીનો પહેરાવી કેડે દોરો બાંધીને, એક સાડો ઢીંચણથી નીચે અને પગના કાંડાથી ઉપર સુધીનો પહેરાવે,

તેના ઉપર બીજો સાડા પગના કાંડા સુધી પહેરાવી દોરીથી બાંધવો, પછી કંચવાની જગ્યાએ વસ્ત્રનો પાટો વીંટી ત્રણ કંચવા પહેરાવી એક કપડો ઓઢાડે, પછી સુવાડીને બીજો કપડો ઓઢાડે, અને જમીન પર સુવાડે ત્યાં પણ માથાની જગ્યાએ જમીનમાં ખીલો ઠોકે, પછી મૃતકની જમણી બાજુએ ચરવળી તથા મુહપત્તિ મૂકે અને ડાબી બાજુએ ઝોળીની અંદર ખંડિત પાત્રામાં એક લાડુ મૂકે.

પછી જે વખતે કાળ કર્યો હોય તે વખતનું કયું નક્ષત્ર હતું તે જોવું. (અથવા બ્રાહ્મણને પૂછવું.) રોહિણી વિશાખા પુનર્વસુ અને ત્રણ ઉત્તરા એ ૭ નક્ષત્રમાં ડાભનાં બે પુતળાં કરવાં, જ્યેષ્ઠા આર્દ્રા સ્વાતિ શતભિષા ભરણી અશ્લેષા અને અભિજિત્ આ સાત નક્ષત્રમાં પુતળાં કરવાં નહિ, બાકીનાં ૧૫ નક્ષત્રમાં એકેક પુતળું કરવું, તે પુતળાંના જમણા હાથમાં ચરવળી તથા મુહપત્તિ આપવી, તથા ડાબા હાથની ઝોળીમાં ભાંગેલું પાત્ર લાડુ સહિત મૂકવું, જો બે પુતળાં હોય તો બંનેને તે પ્રમાણે આપવું, પછી પુતળાં આદિ બધી વસ્તુ મૃતકની પાસે મૂકવી. પછી સારો મજબુત ત્રીજો કપડો હોય તે પાથરીને તેની અંદર બધી વસ્તુઓ સહિત મૃતકને સુવાડીને કપડાના બધા છેડા વીંટાવી દે.

ગૃહસ્થ મૃતકને લઇ જાય ત્યારે બીજી વાર વાસક્ષેપ નાખવો, ઉપાશ્રયમાંથી મૃતક બહાર કાઢે ત્યારે પ્રથમ પગ કાઢે, કોઇએ રોવું નહિ. પણ **"જય જય નંદા-જય જય ભદ્દા"** એમ બોલવું અને આગળ બદામો નાણું વિ૦ ઉપાશ્રયથી સ્મશાન સુધી આવકો ઉછાળે, વાંસડાને ચિરાવી માંહે સરાવલાં ઘાલી દીવા-ધૂપ કરવા, શોક સહિત વાજતે ગાજતે મસાણે જઇ શુદ્ધ કરેલ જમીન ઉપર સુખડ વિ૦ની ચિતા કરી માંડવી પધરાવે, ગામ તરફ મસ્તક રાખે, અગ્નિ સંસ્કાર કરી, રક્ષા યોગ્ય સ્થાને પરઠવે, પવિત્ર થઇ ગુરુ પાસે આવી સંતિકરં કે લઘુશાન્તિ અથવા બૃહચ્છાન્તિ સાંભળી અનિત્યતાનો ઉપદેશ સાંભળી અટ્ઠાઇ મહોત્સવ કરે.

सामाननी यादी :—लाडवाना डोयला. दीवीओ वांसनी ४. वाटका ४. देवता. अने कंदुप शे.—२. सुतर शे.—२॥. पदाम शे.—१०. टोपरां मणु ०॥ पुंजणीओ २. साज्मां सामान वांस २. खपाटीओ ने छांणां १५. खोडा डोरनी गाडी. वरास तो—०. केशर तो—०. वासक्षेप तो—०. सोना रूपानां फुल. वळतणु, घी, छूटा पैसा ३. प ना तास. देघडो. बाजरी मणु ५. सूखड, राळ शे.—२. गुलाल शे.—५. नाहुं शे.—१.

अवळा देववंदन :—मृतक लइ गया पछी आखा मकानमां गोमूत्र छांटवुं अने संथारानी जग्या सोनावणुं करेल अचित्त पाणीथी धोई नाखवी, मृतके ज्यां जीव छोड्यो होय त्यां लोटनो अवळो साथीओ करवो. पछी काळ करेलना शिष्य अथवा लघुपर्याय-वाळा साधु अवळो वेष पहेरे अने ओघो जमणा हाथमां राखी अवळो काने द्वारथी आसन तरफ ले. काज्मां लोटनो साथीओ लइ लेवो पछी काज्ना इरियावही करी अवळा देव वांदवा.

प्रथम कल्याणकंदनी एक थोय पछी एक नवकारनो काउस्सग्ग, अन्नत्थ० अरिहंत चेइआणं० जयवीयराय० उवसग्गहरं० नमोऽर्हत्० जावंत० खमा० जावंति० नमुत्थुणं० जंकिंचि० पार्श्वनाथनुं चैत्यवंदन० खमा० लोगस्स० एक लोगस्सनो काउस्सग्ग० अन्नत्थ० तस्सउत्तरी० इरियावही० खमा० अविधि आशातना०

सवळा देववंदन :—सवळो वेष पहेरीने काने लेवा संबंधी इरियावही करवा, पछी सर्व साधु साध्वी कपडो चोलपट्टो मुहपत्ति ओघानी एक दशी अने कंदोरानो छेडो सोनावणी अथवा गोमूत्रमां भोळे. पछी चौमुख बिंब ज्यां पधरावेलां होय त्यां कंकु अने चोखाना पांच साथीआ सवळा करे, धूप-दीप करे, पछी संघ समक्ष आठ थुइओ सवळा देव वांदे, तेमां सर्व ठेकाणे पार्श्वनाथनां चैत्यवंदनो संसारदावा अने स्नातस्यानी स्तुतिओ अने अजित शान्ति स्तवन राग काढ्या विना कहे. देव वांद्या पछी खमा० इच्छा०

सं०भ० क्षुद्रोपद्रव ओहडावणत्थं काउस्सग्ग करु ? इच्छं, क्षुद्रो० करेमि काउस्सग्गं, अन्नत्थ० चार लोगस्सनो काउस्सग्ग सागरवरगंभीरा सुधी करी **एक जणे** पारी नमोर्हत्० सर्वेयक्षांभिका० अने बृहच्छान्ति कहे. पछी सर्व पारे, पछी लोगस्स० अविधि आशातना० पछी **परस्पर वंदन.**

अढार गामथी स्व समाचारीवाळा साधु कालधर्म पाम्याना समाचार आवे तो चतुर्विधसंघ सवळा देव वांदे, साध्वीना समाचार आवे तो साध्वी अने श्राविकाओ देव वांदे.

—: जाणवा आदरवा पाळवानी अष्टभंगी :—

जाणे नहीं	आदरे नहीं	पाळेनहीं	— मिथ्यादृष्टि
जाणे नहीं	,,	पाळे	— ,, नी कष्टक्रिया
जाणे नहीं	आदरे	पाळे नहीं	— ,, पासत्था-दुर्भवी
जाणे नहीं	,,	पाळे	,, अभवी-उत्सूत्रिया
जाणे	आदरे नहीं	पाळे नहीं	अविरति सम्यग्दृष्टि
जाणे	,,	पाळे	अनुत्तरवासीदेव ,,
जाणे	आदरे	पाळे नहीं	संविग्नपाक्षिक ,,
जाणे	,, (स्वीकारवुं)	पाळे	मुनि ,,

—:मोक्ष गमननी मर्यादा :—

१ थी ३२	जघ	८
३३ थी ४८	,,	७
४९ थी ६०	,,	६
६१ थी ७२	,,	५
७३ थी ८४	,,	४
८५ थी ९६	,,	३
९७ थी १०२	,,	२
१०३ थी १०८	,,	१

समय सुधी निरंतर मोक्षे जाय पछी मोक्षे जवामां अवश्य अन्तर पडे.

—: पूर्वो क्या आगममां ? :—

बारमुं अंग दृष्टिवाद तेना पांच विभाग छे. (१) परिकर्म (२) सूत्र (३) पूर्वानुयोग (४) पूर्वगत (५) चूलिका. **पूर्वगतमां**—१४ पूर्वो आवेलां छे.

—: હોરાયંત્ર :—

ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ

દિવસની હોરા

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ

રાત્રિની હોરા

–: ચોઘડીયાં :–

દિવસનાં ચોઘડીયાં

ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ

રાત્રિનાં ચોઘડીયાં

શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

–: કાળ પ્રમાણ :–

નિર્વિભાજ્ય કાળ પ્રમાણ	૧ સમય
અસંખ્ય સમય	૧ આવલી
૨૫૬ આવલી	૧ ક્ષુલ્લકભવ
૧૩૧૫૭૨ ક્ષુલ્લકભવ	૧ મિનિટ

૭૮ $\frac{3}{4}\frac{7}{8}$ શ્વાસોશ્વાસ (પ્રાણ)	૧ મિનિટ
૪૪૪૪ $\frac{3}{3}\frac{4}{3}\frac{4}{3}\frac{4}{3}$ આવલી	૧ પ્રાણ
૧૭ $\frac{1}{3}\frac{3}{3}\frac{5}{3}\frac{4}{3}$ ક્ષુલ્લકભવ	,,
૨૨ $\frac{3}{3}\frac{4}{4}$,,	૧ સેકંડ
૧ $\frac{5}{3}\frac{5}{3}\frac{3}{3}\frac{1}{3}\frac{0}{3}$ શ્વાસોશ્વાસ	,,
૭ પ્રાણ	૧ સ્તોક
૭ સ્તોક	૧ લવ
૩૮ $\frac{1}{2}$ લવ	૧ ઘડી (૬ ક્ષણ)
૭૭ ,,	૧ મુહૂર્ત (૪૮ મિનિટ)
૩૭૭૩ શ્વાસોશ્વાસ	,, ,,
૬૫૫૩૬ ક્ષુલ્લકભવ	,, ,,
૧૬૭૭૭૨૧૬ આવલી	,, ,,
એકસમયન્યૂન મુહૂર્ત	૧ અંતર્મુહૂર્ત (ઉત્કૃષ્ટ)
એ સમય	,, (જઘન્ય)
૩૦ મુહૂર્ત	૧ અહોરાત્ર
૩૦ અહોરાત્રિ	૧ મહિનો
૬૦ અહોરાત્રિ	૧ ઋતુ
૩ ઋતુ	૧ અયન
૨ અયન	૧ વર્ષ
૮૪ લાખ વર્ષ	૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ	૧ પૂર્વ
૭૦ લાખ ૫૬ હજાર ક્રોડવર્ષ	,,
અસંખ્યાતા વર્ષ (પલ્યપ્રરૂપણાએ)	૧ પલ્યોપમ
૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ	૧ સાગરોપમ
૧૦ ,, સાગરોપમ	૧ ઉત્સર્પિણિ
૧૦ ,, ,,	૧ અવસર્પિણિ
૨૦ ,, ,,	૧ કાળચક્ર
અનંતા કાળચક્ર	૧ પુદ્ગલ પરાવર્તન.



ચૈત્ય વડલો આસોપાલવ આંબા પ્રમુખ સ્થાને આવી ચારે દિશામાં સો (૧૦૦) હાથ વસતિ શુદ્ધ કરાવી, નાણ મંડાવી, સવાપાંચ શેર ચોખાના પાંચ સાથીઆ કરાવવા, તેના ઉપર પાંચ શ્રીફળ મૂકવા, ચૌમુખજી પધરાવવા, ચારે બાજુ દીપક અને ધૂપ રાખવો, સવાપાંચ રૂપિયા પ્રભુની પલાંઠીમાં મૂકાવી, શ્રીફળ હાથમાં રાખી, એકસાટી ઉત્તરાસંગ કરી (અખંડ એશ નાખી) નાણની ચારે બાજુ **એકેક નવકાર** ગણતો તથા ગુરૂને **મત્થએણ વંદામિ** કહેતો ત્રણ પ્રદક્ષિણા દે, પછી શ્રીફળ મૂકી, ઉત્તરાસંગ અને સચિત્ત પુષ્પમાળાદિ કાઢી નાખે.

ગુરુ અનુક્રમે પોતાનાં **અંગો શિર-મુખ-હૃદય-નાભી અને અધો ભાગને** જમણા હાથની **અનામિકા** (પૂજા કરવાની) આંગળીથી સ્પર્શ કરતા **આરોહના** (નીચેથી ઉપર જવાના) ક્રમે **ક્ષિ-પ-ઓં-સ્વા-હા** એ મંત્રાક્ષરોને મનથી ઉચ્ચારે, પછી **અવરોહના** (ઉપરથી નીચે ઉતરવાના) ક્રમથી એ જ પાંચ સ્થાનોને અનામિકાથી

સ્પર્શ કરતા હા–સ્વા–ઓં–પ–ક્ષિ એ મંત્રાક્ષરોને મનથી ઉચ્ચારે, પુનઃ આરોહના પૂર્વની માફક કરે, એમ ત્રણ વાર પોતાની આત્મરક્ષા કરીને તેજ પ્રમાણે શિષ્યની પણ આત્મરક્ષા કરે.

ઇરિયાવહિ–કરી, ખમા૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **વસહિ પવેઉં?** (ગુરુ–પવેએો) ઇચ્છં, ખમા૦ ભગવન્! **શુદ્ધાવસહિ** (ગુરુ–તહત્તિ) ખમા૦ ઈ૦ સં૦ ભ૦! મુહપત્તિ પડિલેહઉં? (ગુરુ–પડિલેહેહ) ઇચ્છં, કહી મુહપત્તિ પડિલેહે, ખમા૦ ઇચ્છકારિ ભ૦! તુમ્હે અમ્હં (**પ્રથમ સમ્યક્ત્વ ઉચ્ચરેલ હોય તો ફરી ઉચ્ચરવાની જરૂર નથી**) સમ્યક્ત્વ સામાયિક, સર્વ-વિરતિ–સા૦ (પંચમહવ્વયં રાઈ ભોયણ વેરમણં છટ્ઠં, દેશવિરતિ–સા૦ શ્રુત–સા૦ તીર્થમાળા) આરોવાવણી નંદિકરાવણી વાસનિક્ષેપ કરો! (ગુરુ–કરેમિ) ઇચ્છં, (ગુરુ–વાસ મંત્રે)

–: વાસક્ષેપ મંત્રવાની વિધિ :–

અનામિકા આંગળીથી પહેલાં તો વાસના થાળમાં વચ્ચે ત્રણ ઓંટા દક્ષિણાવર્તના આકારે કરીને, ઉપર સ્વસ્તિક, અને તેની મધ્યમાં ઓં ને આલેખી (૧) પૂર્વથી પશ્ચિમ સુધી (૨) દક્ષિણથી ઉત્તર સુધી (૩) ઇશાનથી નૈઋત્ય સુધી (૪) અને અગ્નિથી વાયવ્ય સુધી, એમ



ચાર-રેખાઓ કરી આઠ-આરાવાળું ચક્ર આલેખે, તેના મધ્યમાં મૂળબીજ હ્રીં ને આલેખી, છેડેથી ત્રણ આંટા દક્ષિણાવર્તના આકારે કરી આવર્તને છેડે ક્રૌં ને આલેખી હ્રીં ની સામે પૂર્વ દિશામાં ઓં હ્રીં નમો અરિહંતાણં ની સ્થાપના મનથી જ મંત્રાક્ષરોનું ચિન્તવન કરતો કરે, પછી તે જ રીતે અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય અને પશ્ચિમમાં અનુક્રમે ઓં હ્રીં નમો સિદ્ધાણં થી ઓં હ્રીં નમો લોએ સવ્વસાહૂણં સુધીનાં ચાર પદોની સ્થાપના ચિન્તવે, વાયવ્યમાં ઓં હ્રીં નમો દંસણસ્સ, ઉત્તરમાં ઓં હ્રીં નમો નાણસ્સ અને ઇશાનમાં ઓં હ્રીં નમો ચારિત્તસ્સ પદની સ્થાપના મનથી જ કરે, પછી આચાર્ય સૂરિમંત્રને, ઉપાધ્યાય પાઠકમંત્રને, અને તે સિવાયના બીજા વર્ધમાનવિદ્યાને સ્મરણ કરતા સાત મુદ્રાઓથી વાસને સ્પર્શ કરે.

-: વર્ધમાનવિદ્યા :-

ઓં નમો અરિહંતાણં, ઓં નમો સિદ્ધાણં, ઓં નમો આયરિયાણં, ઓં નમો ઉવજ્ઝાયાણં, ઓં નમો લોએ સવ્વસાહૂણં, ઓં નમો અરહંતો ભગવંતો

મહઇ મહાવીર વદ્ધમાણુસામિસ્સ, સિજ્ઝઉ મે ભગવઈ મહઇ મહાવિજ્જા, વીરે વીરે મહાવીરે જયવીરે સેણુવીરે વદ્ધમાણુવીરે, જયે વિજયે જયંતે અપરાજિએ અણિહએ, ઓં હ્રીં ઃ ઠઃ ઠઃ સ્વાહા.

સાત–મુદ્રા (૧) પરમેષ્ઠિ (૨) ધેનુ (૩) સૌભાગ્ય (૪) ગરૂડ (૫) પદ્મ (૬) મુદ્દગર (૭) અંજલી મુદ્રા.





વાસ મંત્રી ત્રણ નવકાર પૂર્વક સમ્ય–સા૦ સર્વવિ–સા૦ (પંચ મહવ્વયં રાઇભોયણવેરમણું છટ્ઠું, દેશવિ–સા૦ શ્રુત–સા૦ તીર્થ૦) આરોવાવણી નંદિ પવત્તેહ, પછી નિત્થારગપારગાહોહ–પૂર્વક વાસ મસ્તકે ઠવે, શિષ્ય–તહત્તિ કહે, ખમા૦ ઈચ્છ૦ ભ૦ ! તુમ્હે અમ્હં સમ્ય–સા૦ સર્વવિ–સા૦ (પંચ મહવ્વયં રાઇભોયણવેરમણું છટ્ઠું, દેશવિ–સા૦ શ્રુત–સા૦ તીર્થ૦) આરોવાવણી નંદિકરાવણી વાસનિક્ષેપકરાવણી દેવવંદાવો ? (ગુરુ–વંદાવેમિ) ઈચ્છં, ગુરુ–પોતાને ડાબે પાસે શિષ્યને રાખી દેવવંદાવે, ખમા૦ ઈચ્છા૦ સં૦ ભ૦ ! ચૈત્યવંદન કરું ? ઇચ્છ,

–: ॐ નમ: પાર્શ્વનાથાય સ્તોત્ર :–

ॐ નમ: પાર્શ્વનાથાય, વિશ્વચિન્તામણીયતે; હ્રીં ધરણેન્દ્ર વૈરોટ્યા, પદ્માદેવી યુતાયતે (૧) શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ–ધૃતિ કીર્તિ વિધાયિને; ૐ હ્રીં ક્ષિ વ્યાલ વેતાલ–સર્વાધિ વ્યાધિનાશિને (૨) જયાડજિતાખ્યા વિજયાખ્યા પરાજિતયાન્વિત:; દિશાં પાલૈ ર્મહૈ ર્યક્ષૈ–ર્વિદાદેવીભિરન્વિત: (૩) ॐ અસિઆઉસાય નમ–સ્તત્ર ત્રૈલોક્યનાથતામ્ ; ચતુષ્ષષ્ટિસુરેન્દ્રા સ્તે, ભાસન્તે છત્રચામરૈ: (૪) શ્રી શંખેશ્વરમંડન ! પાર્શ્વજિનપ્રણતકલ્પતરુકલ્પ ! ચૂરય દુષ્ટવ્રાતં પુરય મે વાંછિતં નાથ ! (૫)

જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત૦ અન્નત્થ૦ એક નવકાર કાઉસ્સગ્ગ૦ (ગુરુ–સર્વત્ર સ્તુતિ કહે અને શિષ્ય સાંભળીને પારે) નમોર્હત્૦

અર્હંસ્તનોતુ સ શ્રેયઃ-શ્રિયં યદ્ધ્યાનતો નરૈઃ;
અપ્યૈન્દ્રી સકલાઽઽવૈહિ, રંહસા સહ સૌચ્યત (૧)

લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ એક નવકાર૦

ઓમિતિ મન્ત્રા યચ્છાસનસ્ય, નન્ત્રા સદા યદં ઘ્રિ શ્રયઃ
આક્રીયતે શ્રિયા તે, ભવતો ભવતો જિનાઃ પાન્તુ (૨)

પુક્ખર૦ સુઅસ્સ૦ વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ એક નવકાર૦

નવતત્ત્વયુતા વિપદીક્ષિતા, સ્વવિજ્ઞાનપુષ્પશક્તિમતા;
વરધર્મકીર્તિવિધાનદા-ઽઽસ્યા જૈનગી ર્જયાત (૩)

સિદ્ધાણં૦ શ્રીશાન્તિનાથ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં-વંદણ૦ અન્નત્થ૦ એક લોગસ્સ (સાગરવર-ગંભીરા) નમોર્હત્૦

શ્રી શાન્તઃ શ્રુતશાન્તિઃ, પ્રશાન્તિકોસાવશાન્તિમુપશાન્તિમ
નયતુ સદા યસ્ય પદાઃ, સુશાન્તિદાઃ સન્તુસન્તિ જને (૪)

શ્રીદ્વાદશાઙ્ગી આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ એક નવકાર૦ નમોર્હત્૦

સકલાર્થસિદ્ધિસાધનબીજોપાંગા, સદા સ્ફુરદુપાંગા;
ભવતાદનુપહતમહા તમોઽપહા, દ્વાદશાઙ્ગી વઃ (૫)

શ્રી શ્રુતદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ એક નવકાર૦ નમોર્હત્૦

વદ વદતિ ન વાગ્વાદિનિ ! ભગવતિ ! કઃ ? શ્રુતસરસ્વતિ ગમેચ્છુઃ; રંગત્તરંગમતિવરતરણિ—સ્તુભ્યં નમ ર્હતીહ (૬)

શ્રીશાસનદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં
અન્નત્થ૦ એક નવકાર૦ નમોર્હત્૦

ઉપસર્ગ વલયવિલયનનિરતા, જિનશાસનાવનૈકરતા:;
કુરુતામિહ સમીહિતકૃતે સ્યુ:, શાસનદેવતા ભવતામ્ (૭)

સમસ્ત વૈયાવચ્ચગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં–
અન્નત્થ૦ એક નવકાર૦ નમોર્હત્૦

સંઘેડત્ર યે ગુરુગુણૌઘનિધે સુવૈયાકૃત્યાદિકૃત્ય
કરણૈકનિબદ્ધકક્ષા: ;
તે શાન્તયે સહ ભવન્તુ સુરા: સુરીભિ:,
સદ્દૃષ્ટયો નિખિલવિઘ્નવિઘાતદક્ષા: (૮)

પ્રગટ નવકાર૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦
જાવંત૦ નમોર્હત્૦ સ્તવન.....

ઓમિતિ નમો ભગવઓ, અરિહંત સિદ્ધાડડયરિયઉવજ્ઝાય;
વરસવ્વસાહુમુણિસંઘ ધમ્મતિત્થપવયણસ્સ (૧)
સપ્પણય નમો તહ ભગવઈ, સુયદેવયાઈ સુહયાએ;
સિવસંતિ દેવયાએ, સિવપવયણદેવયાણં ચ (૨)
ઈન્દાગણિજમનેરઈય–વરુણવાઊ કુબેર ઈસાણા;
બ્રમ્હોનાગુત્તિ દસણહમવિ ય સુદિસાણ પાલાણં (૩)
સોમયમવરુણવેસમણ–વાસવાણં તહેવ પંચણ્હં;
તહ લોગપાલયાણં, સૂરાઇગહાણ ય નવણ્હં (૪)
સાહંતરસ સમકૃખં, મજ્ઝમિણં ચેવ ધમ્મણુટ્ઠાણં;
સિદ્ધિમવિઘ્નં ગચ્છઉ, જિણાઈ નવકારઓ ધણિયં (૫)

જયવીયરાય સંપૂર્ણ૦ (પ્રભુ સામે પડદો) બે વાંદણાં૦ (પડદો લેઇ લેવો) ખમા૦ ઈચ્છ૦ ભ૦ ! તુમ્હે અમ્હં સમ્ય–સા૦ સર્વવિ–સા૦ (પંચમહવ્વયં રાઇભોયણવેરમણં

છટ્ઠં, દેશવિ-સા૦ શ્રુત-સા૦ તીર્થ૦) આરોવાવણી નંદિકરાવણી વાસનિક્ષેપકરાવણી દેવવંદાવણી નંદિસૂત્ર સંભળાવણી કાઉસ્સગ્ગ કરાવેહ ? (ગુરુ-કરાવેમિ) ઇચ્છં.

(ગુરૂ-શિષ્ય બંને) ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! સમ્ય-સા૦ સર્વવિ-સા૦ (પંચમહવ્વયં રાઈભોયણવેરમણં છટ્ઠં, દેશવિ-સા૦ શ્રુત-સા૦ તીર્થ૦) આરોવાવણી નંદિકરાવણી વાસનિક્ષેપકરાવણી દેવવંદાવણી નંદિસૂત્ર-સંભળાવણી નંદિસૂત્રકઢાવણી કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, ઇચ્છા૦ સં૦ ભ૦ ! સમ્ય-સા૦ સર્વવિ-સા૦ (પંચ મહવ્વયં રાઇભોયણવેરમણં છટ્ઠં, દેશવિ-સા૦ શ્રુત-સા૦ તીર્થ૦) આરોવાવણી નંદિકરાવણી વાસનિક્ષેપકરાવણી દેવવંદાવણી નંદિસૂત્રસંભળાવણી નંદિસૂત્રકઢાવણી કરેમિ કાઉસ્સગ્ગં૦ અન્નત્થ૦ **ગુરૂ-શિષ્ય બંને** આગરવર ગંભીરા સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ૦ પારી પ્રગટ લોગસ્સ૦ કહે.

ખમા૦ ઇચ્છ૦ ભ૦ ! પસાય કરી **નંદિસૂત્ર સંભળાવોજી** ? (ગુરૂ-સાંભળો)

પછી શિષ્ય-બે હાથ ભેગા કરી અનામિકા આંગળી ઉપર મુહપત્તિ અને અંગુઠા નીચે ઓઘો રાખી અંજલી જોડી માથું નીચે નમાવી ઊભો ઊભો નંદિસૂત્ર સાંભળે.

ગુરૂ-ખમા૦ ઇચ્છા૦ સં૦ ભ૦ ! નંદિસૂત્ર કરૂં ? ઇચ્છં, કહી નવકાર રૂપ નંદિસૂત્ર (અથવા નવકાર પૂર્વક નંદિસૂત્ર) ત્રણવાર સંભળાવે.

પછી ત્રણવાર વાસક્ષેપ કરે અને નિત્થારગ પારગા હોહ કહે, શિષ્ય તહત્તિ કહે.

વડીદીક્ષા હોય તો—નવકારપૂર્વક નંદિસૂત્ર ત્રણવાર સંભળાવે.

નંદિસૂત્ર—નાણું પંચવિહં પન્નત્તં તં જહા—આભિણિબોહિય નાણું, સુયનાણું, ઓહિનાણું, મણપજ્જવનાણું કેવલનાણું, તત્થ ચત્તારિ નાણાઈ ઠપ્પાઈ ઠવણિજ્જાઈ નો ઉદ્દિસિજ્જંતિ, નો સમુદ્દિસિજ્જંતિ, નો અણુન્નવિજ્જંતિ, સુયનાણસ્સ ઉદ્દેસો સમુદ્દેસો અણુન્ના અણુઓગો પવત્તઈ, ઈમં પુણ પટ્ઠવણું.

વડીદીક્ષાવાળા માટે–પહુચ્ચ સુણી... સ્સ, સાહૂણી....સિરિએ, પંચ મહવ્વયં છટ્ઠં રાઇભોયણવેરમણું

વડી દીક્ષાવાળા સિવાય—પહુચ્ચ ભવ્વાએ સમ્મત્ત–સા૦ સર્વવિ–સા૦ દેશવિ–સા૦ શ્રુત–સા૦ તીર્થ૦)

આરોવાવણીયા નંદિ પવત્તેહ, પછી ગુરુ–ત્રણવાર વાસનિક્ષેપ કરે અને નિત્થારગ પારગા હોહ કહે, શિષ્ય–તહત્તિ કહે.

–: લઘુ દીક્ષાવાળા માટે :–

ખમા૦ ઇચ્છ૦ ભ૦ ! **મમ મુંડાવેહ ! મમ પવ્વાવેહ ! મમ વેસં સમપ્પેહ !** (આ પાઠ ત્રણવાર શિષ્ય પાસે ખોલાવી ચરવળો નીચે મુકાવે)

ગુરૂ ઊભા થઈ ઓઘો હાથમાં લઈ, મુહપત્તિ ઓઘાના દોરે બાંધી, એક નવકાર ગણવા પૂર્વક

મુગ્ગહીયં કરેહ એમ કહેતાં શિષ્યની જમણી બાજુએ ઓઘાની દશીઓ આવે તેમ, ઓઘો શિષ્યના હાથમાં જાળવીને નીચે ન પડે તેવી રીતે, પૂર્વ અથવા ઉત્તર દિશા સામુ શિષ્યનું મુખ રાખીને આપે, શિષ્ય–ઇચ્છં, કહી ઓઘો માથે ચઢાવી નાચે, પછી ઇશાન ખુણામાં જઇ આભરણાદિ ઉતારી (પ્રથમ ક્ષૌર ન કરાવ્યું હોય તો) ત્રણ ચપટી લેવાય તેટલા વાળ રાખી હજામત કરાવે, પછી ઠંડા પાણીથી સ્નાન કરી ઇશાન ખુણામાં મુખ રાખી સાધુનો વેશ પહેરે.

–: લઘુ દિક્ષાવાળા સિવાય માટે :–

(૨) સામાયિકના દોષ–૧–સમજ્યા વિના સામાયિક કરે. ૨–યશ કીર્તિની ઇચ્છા રાખે. ૩–ધનની ઇચ્છા કરે. ૪–સામાયિક કર્યાનો ગર્વ કરે. ૫–નિન્દાના ભયથી સામાયિક કરે. ૬–નિયાણું કરે. ૭–ફળનો સંદેહ રાખે. ૮–કષાય યુક્ત ચિત્તે સામાયિક કરે. ૯–ગુરુ અથવા સ્થાપનાનો વિનય કરે નહિ. ૧૦–ભક્તિ પૂર્વક સામાયિક કરે નહિ **(આ દશ મનના)** ૧૧–કુવચન બોલે. ૧૨–વિચાર કર્યા વિના બોલે. ૧૩–બોટું આળ મુકે. ૧૪–શાસ્ત્ર નિરપેક્ષ બોલે. ૧૫–શાસ્ત્રના વચનોને સંક્ષેપ કરીને બોલે. ૧૬–કલહ કરે. ૧૭–ચાર વિકથા કરે. ૧૮–મશ્કરી કરે. ૧૯–સૂત્રનો અશુદ્ધ ઉચ્ચાર કરે. ૨૦–સૂત્રો ઉતાવળથી બોલે **(આ દશ વચનના)** ૨૧–પગ ઉપર પગ ચઢાવે, ઉંચે બેસે ૨૨–આસન વારંવાર ફેરવે, ચપલતા રાખે. ૨૩–હરણની જેમ ચારે દિશામાં જોયા કરે. ૨૪–સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે, ૨૫–બોડીંગણ દઇને બેસે, ૨૬–આળસ મરડે, કમ્બર વાંકી–ચુંકી કરે, ૨૭–ઉદ્ભટપણે બેસે ૨૮–આંગળીયોના ટચાકા ફોડે, ૨૯–ખરજખણે, ૩૦–હાથનો ટેકો દઇને બેસે. ૩૧–બેડાં બેડાં ઝોકાં ખાય, ૩૨–ઠંડી આદિના કારણે આખું શરીર ઢાંકીને બેસે **(આ બાર કાયાના)**

(૩) વંદનના દોષ–૧–અનાદર, ૨–અક્કડ, ૩–ક્રિયા અધુરી રાખી નાશી જવું. ૪–સર્વને એક વંદનાથી વાંદે, ૫–કુદકા મારતો વાંદે, ૬–અંકુશ પેઠે ઉભા રાખી વાંદે, ૭–શરીર હલાવતો વાંદે, ૮–મચ્છ જેમ ઉછળતાં બેસતાં ઉછળતો વાંદે, ૯–દુષ્ટ મનથી વાંદે, ૧૦–હાથ ટેકાવીને વાંદે, ૧૧–મારી સેના કરે છે એ હેતુથી વાંદે, ૧૨–ભયથી વાંદે, ૧૩–મિત્રતાથી વાંદે, ૧૪–ગૌરવ પ્રાપ્તિ હેતુથી વાંદે,

૧૫–વસ્ત્રાદિલાભ હેતુથી વાંદે, ૧૬–છાનું અથવા ઉતાવળથી વાંદે, ૧૭–અવસર વિના વાંદે, ૧૮–રોષમાં વર્તતો વાંદે, ૧૯–તર્જના કરતો વાંદે, ૨૦–વિશ્વાસ બેસાડવા વાંદે, ૨૧–વચનથી હેલના કરતો વાંદે, ૨૨–વચ્ચે વાતો કરતો વાંદે, ૨૩–અંધારામાં દૃષ્ટાદૃષ્ટ વાંદે, ૨૪–લલાટના બે પડખે હાથ લગાડતો વાંદે. ૨૫–ટેક્ષમાની વાંદે, ૨૬–કર ચુકાવવા વાંદે, ૨૭–અહો કાયં આદિ બોલતો લલાટે અને બાહે હાથ ન લગાડતો વાંદે, ૨૮–શબ્દ વાકય આવશ્યકાદિ ઓછાં બોલતો વાંદે, ૨૯–વંદન કર્યા પછી જોસથી "મત્થએણ વંદામિ" બોલે, ૩૦–અપ્રગટ ઉચ્ચાર કરતો વાંદે, ૩૧–જોસથી બોલી વાંદે, ૩૨–બોધો ભમાવતો વાંદે **(૪) જંબુ વિદેહ વિજય–**(ક્ષે૦ સ૦ ૧૫૪ થી ૧૫૭ માં)

(૫) યોગ સંગ્રહ–૧–આચાર્યે શિષ્યની પાસે આલોચના લેવી, ૨–લીધેલી આલોચના–આચાર્ય બીજાને કહે નહિ. ૩–આપત્તિમાં પણ ધર્મમાં દૃઢ રહે. ૪–આલોકની ઇચ્છા વિના ક્રિયા કરે. ૫–ગ્રહણ–આસેવન શિક્ષાનું સેવન કરે. ૬–શરીરની દવા કરાવે નહિ. ૭–તપ કરી બીજાને કહે નહિ. ૮–નિર્લોભ તપ કરે. ૯–નિર્ભયપણે પરિષહો જીતવા. ૧૦–સરલતા ૧૧–સંયમની નિર્મળતા. ૧૨–સમકિતની શુદ્ધિ કરે. ૧૩–સમતામાં રહી ચિત્તની સમાધિ કરે. ૧૪–શુભ આચરણની તત્પરતા. ૧૫–વિનયમાં તત્પર રહે. ૧૬–દીનતા ધારણ કરે નહિ. ૧૭–પરમાં મોહ ત્યાગ ૩૫ સંવેગમાં તત્પર રહે. ૧૮–કપટ રહિત વ્રત ધારણ કરવામાં તત્પર રહે. ૧૯–દરેક કાર્ય શુભ વિધિ પૂર્વક કરે. ૨૦–સંવર ભાવમાં વર્તે. ૨૧–પોતાના દોષોને દૂર કરે. ૨૨–સ્વઇચ્છાથી વિરક્ત ભાવ રાખે. ૨૩–મૂલગુણ પચ્ચક્ખાણ કરે. ૨૪–ઉત્તરગુણ પચ્ચક્ખાણ કરે. ૨૫–દ્રવ્ય અને ભાવ વિષયોનો ત્યાગ કરે. ૨૬–પ્રમાદનો ત્યાગ કરે. ૨૭–ક્ષણે ક્ષણે સમાચારી અનુષ્ઠાનમાં પ્રવર્તે. ૨૮–ધ્યાનમાં સમ્યક્ પ્રકારે વૃત્તિ ધારણ કરે. ૨૯–મૃત્યુ જનક વેદનામાં પણ ગભરાય નહિ. ૩૦–

સંસારિક વસ્તુના સંગનેા ત્યાગ કરે. ૩૧–દોષેાનું પ્રાયશ્ચિત કરે. ૩૨–અન્તિમ ક્ષમા યાચના કરે અને આરાધના કરે. (સમ૦)

–: સંખ્યા ૩૩ :–

(૧) ગુરુની આશાતના–૧–૨–૩–ગુરુની આગળ ચાલે. ઉભેા રહે, એસે. ૪–૫–૬–ગુરુની પડખે ચાલે. ઉભેા રહે–એસે. ૭–૮–૯–ગુરુને અડકીને ચાલે. ઉભેા રહે. એસે ૧૦–ગુરુની પહેલા ભેાજન કરે. ૧૧–ગુરુની પહેલા ઇરિયાવહિ કરે. ૧૨–ગુરુ બેાલાવે ત્યારે જાગતેા હેાય છતાં ઉત્તર આપે નહિ. ૧૩–આવતા શ્રાવકેાને ગુરુ પહેલા પેાતે પેાતાની પાસે બેાલાવે. ૧૪–ગુરુને છેાડી બીજે ગેાચરી આલેાવે. ૧૫–ગુરુ પહેલા બીજાને ગેાચરી બતાવે. ૧૬–આહાર વાપરવા માટે ગુરુ પહેલા બીજાને આમંત્રણ આપે. ૧૭–ગુરુને પુછયા વિના બીજાને આહાર આપે. ૧૮–સ્નિગ્ધ આહાર ગુરુને ન આપતાં પેાતે જ વાપરી જાય. ૧૯–ગુરુ બેાલાવે ત્યારે બહેરાની જેમ શુન્ય એસી રહી ઉત્તર આપે નહિ. ૨૦–ગુરુ બેાલાવે ત્યારે છંછેડાઇ કડવા વચન બેાલે. ૨૧–ગુરુ પાસે જઇ નમ્રતાથી ઉત્તર ન આપતાં આસને બેઠાં બેઠાં જ ઉત્તર આપે. ૨૨–શું છે ? એવું વિનય રહિત ગુરુ સાથે બેાલવું. ૨૩–ગુરુ, કામ માટે બેાલાવે ત્યારે "તમે જ કરેાને" એમ તેાછડાઇથી જવાબ આપે. ૨૪–તમે જ કરેાને "મને જ દેખ્યેા છે" એમ ગુરુને તર્જના કરે. ૨૫–ગુરુને વ્યાખ્યાતા જોઇ અથવા તેમના ભક્તો જોઇ પેાતે નારાજ થાય ૨૬–વ્યાખ્યાનમાં "એમ નથી" "આ અર્થ નથી" એમ બેાલવું. ૨૭–સભાને કહે પછી તમને સમજાવીશ, એવું ડહાપણ કરી, ગુરુની કથા તેાડી પાડે. ૨૮–પેારિસિ વેળા થઇ, ગેાચરી વેળા થઇ, એમ કહી પર્ષદા ભાગી નાખે. ૨૯–સભાને ડહાપણ બતાવવા ગુરુએ કહેલી વાતને પેાતે વિસ્તાર કરી બતાવે. ૩૦–ગુરુના શય્યા–સંથારાદિને પગ લગાડી ખમાવે નહિ. ૩૧–ગુરુના

સંથારા–આસન ઉપર બેસે. ૩૨–ગુરુથી ઉંચા આસને બેસે, ગુરુથી અધિક મૂલ્યવાળાં વસ્ત્રાદિ વાપરે. ૩૩–ગુરુના સમાન આસન રાખે, ગુરુના સમાન વસ્ત્રો પહેરે.

–: સંખ્યા ૩૪ :–

(૧) અતિશય–અદ્‌ભૂતરૂપ–ગંધવાળું તેમજ રોગ–પરસેવો અને મેલ રહિત શરીર, સુગંધીદાર શ્વાસ, દુધ જેવા સફેદ અને નિર્મળ લોહી અને માંસ, આહાર–નિહારની ક્રિયાને ચરમ ચક્ષુવાળા દેખી શકે નહિ. **(આ ચાર જન્મથી હોય)** કોટાકોટી દેવ–મનુષ્ય અને તિર્યંચો એક યોજનામાં સમાય, એક યોજન સુધી દરેકને પોતપોતાની ભાષામાં સમજાય તેવી વાણી, સૂર્ય કરતાં અધિક તેજ સ્ત્રી-મસ્તક પાછળ ભામંડળ હોય–સવાસો યોજન સુધી રોગ, વૈરવિરોધ, મુષક આદિનો ઉપદ્રવ, મારીમરકી, અતિવૃષ્ટિ, વૃષ્ટિનો અભાવ, દુકાળ, અને સ્વ–પર ચક્રનો ભય ન હોય **(આ અગીયાર ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય)** ધર્મચક્ર, ચામર, પાદપીઠ સહિત સિંહાસન, ત્રણછત્ર, રત્નમયધ્વજ, સુવર્ણ કમળ ઉપર ચાલવું, ત્રણ ગઢ (સમવસરણ), ચારમુખે દેશના, ચૈત્યવૃક્ષ, કાંટા ઉંધા થાય, વૃક્ષો નમી જાય, દુંદુભી નાદ, વાયુ અનુકૂલવાય, પક્ષિઓ પ્રદક્ષિણા આપે, સુગંધી જલવૃષ્ટિ, વિવિધ રંગવાળાં પુષ્પની વૃષ્ટિ, કેશ–રોમ દાઢી મુચ્છ નખ વધે નહિ, જઘન્યથી ક્રોડ દેવો સેવા કરે. પાંચે ઇન્દ્રિયોના વિષયોને અનુકૂલ છ ઋતુની વસ્તુ એક જ કાળમાં ફળે **(આ ઓગણીસ ઘાતીકર્મનો ક્ષય થવાથી દેવોએ કરેલા છે)** તેષાં ચ દેહોડદ્‌ભૂત રૂપગન્ધો, નિરામયઃ સ્વેદમલોજ્ઝિતશ્ચ; શ્વાસોડ જ્જગન્ધો રુધિરામિષં તુ, ગોક્ષીરધારાધવલં હ્યવિસ્રમ્ (૫૭) આહાર નીહાર વિધિસ્ત્વદૃશ્ય–શ્ચત્વાર એતેડતિશયાઃ સહોત્થાઃ; ક્ષેત્રે સ્થિતિ યોંજનમાત્રકેડપિ, નૃદેવતિર્યગ્‌જન કોટિકોટેઃ (૫૮) વાણી નૃતિર્યક્ સુરલોકભાષા–સંવાદિની યોજન ગામિની ચ; ભામણ્ડલં ચારુ ચ

મૌલિપૃષ્ઠે, વિડમ્બિતાડમ્બર્તિમણ્ડલશ્રિ (૫૮) સાગ્રે ચ ગવ્યૂતિશતદ્વયે રુજા વૈરતયો માર્યતિવૃષ્ટ્યનૃષ્ટયઃ; દુર્ભિક્ષમન્યચ્ચક્રતો ભયં, સ્યા-ન્નૈત એકાદશ કર્મ ઘાતજાઃ (૬૦) ખે ધર્મચક્રં ચમરાઃ સપાદ–પીઠં મૃગેન્દ્રાસનમુજ્જ્વલં ચ; છત્રત્રયં રત્નમયો ધ્વજોડગ્રિ–ન્યાસે ચ ચામી-કર પંકજાનિ (૬૧) વપ્રત્રયં ચારુ ચતુર્મુખાઙ્ગતા, ચૈત્યદ્રુમોડ ધોવદનાશ્ચ કણ્ટકાઃ; દ્રુમાનતિ ર્દુન્દુભિનાદ ઉચ્ચકૈ–ર્વાતોડનુકૂલઃ શકુનાઃ પ્રદક્ષિણાઃ (૬૨) ગન્ધામ્બુવર્ષં બહુવર્ણ પુષ્પ–વૃષ્ટિઃ કચશ્મ-શ્રુનખાપ્રવૃદ્ધિઃ; ચતુર્વિધામર્ત્યનિકાયકોટિ–ર્જઘન્યભાવાદપિ પાર્શ્વદેશે (૬૩) ઋતુનામિન્દ્રિયાર્થાના–મનુકૂલત્વમિત્યમી; એકોનવિંશતિ ર્દેવ્યો-શ્ચતુસ્ત્રિંશચ્ચ મીલિતાઃ (૬૪) અ૦ ચિ૦

–: સંખ્યા ૩૫:–

(૧) માર્ગાનુસારીના ગુણ ૧–ન્યાયથી ઉપાર્જન કરેલા વૈભવવાળો હોય, ૨–શિષ્ટ પુરૂષોના આચારની પ્રશંસા કરે, ૩–બરોબરીયા કુળ અને સરખા આચારવાળા તેમજ ભિન્ન ગોત્રવાળા સાથે લગ્ન કરનાર, ૪–પાપભીરૂ, ૫–ઉત્તમ લોકાચાર, ઉત્તમ કુલા-ચાર અને ઉત્તમ ધર્માચારનું આચરણ કરે, ૬–નિન્દાનો ત્યાગ કરે, ૭–રહેવાનું મકાન, ઘણા પ્રગટ સ્થાનમાં ન રાખે તેમ ઘણા ગુપ્ત સ્થાનમાં ન રાખે તેમજ સારા પાડોશમાં રાખે વળી ઘણાં દ્વાર ન રાખે, ૮–સદાચારી પુરૂષોની સોબત કરે, ૯–માતા–પિતાદિ વડિલોની સેવા કરે, આજ્ઞા પાળે અને નમસ્કાર કરે, ૧૦–ઉપદ્રવવાળા સ્થાન–ગામનો ત્યાગ કરે, દેવ ગુરૂ અને સાધર્મિકનો જ્યાં મેળાપ થાય તેવા ગામમાં અને તેવા સ્થાનમાં રહે, ૧૧–દેશ–જાતિ–કુલ અને કાલ નિન્દિત કાર્ય કરે નહિ, ૧૨–આવક કરતાં ખર્ચ ઓછો રાખે, ૧૩–પોતાના વૈભવ (જાતિ–અવસ્થા–દેશ–કાળ–વય) ને અનુસારે વેશ પહેરે; ૧૪–વીતરાગની **વાણીને** સાંભળવાની ઈચ્છા રાખે, સાંભળે, સારી રીતે ગ્રહણ કરે, યાદ રાખે, અન્ય અર્થો પણ

વિચારે, વિરોધી અને અવિરોધીનો ભેદ કરે, યથાર્થ અર્થ જાણે, તેમાં વિધિ–નિષેધ કરે, **૧૫**–દરરોજ ધર્મ સાંભળે, **૧૬**–અજીર્ણે ભોજન ત્યાગ કરે, **૧૭**–પથ્યાપથ્યનો વિચાર કરી હિતકારી, તથા પ્રમાણથી યુક્ત અને યોગ્ય સમયે ભોજન કરે, **૧૮**–પરસ્પર એક બીજાને વિરોધ ન આવે એવી રીતે ધર્મ અર્થ અને કામને સાધે. **૧૯**–અતિથિ, દીન અને સાધુનો સત્કાર કરે, **૨૦**–કદાગ્રહી બને નહિ, **૨૧**–ગુણીજનોનું બહુમાન કરે, **૨૨**–વિરૂદ્ધ (હિતનો બાધક) દેશ અને કાળના વ્યવહારનો ત્યાગ કરે, **૨૩**–પોતાની અને બીજાની શક્તિ ઓળખીને કામ કરે, **૨૪**–વ્રતધારી અને જ્ઞાનીઓની પૂજા કરનાર **૨૫**–પોષ્યનું પોષણ કરનાર, **૨૬**–પૂર્વાપરનો વિચાર કરી લાભાલાભ વિચારી કાર્ય કરે, **૨૭**–કર્તવ્યાકર્તવ્યને યથાર્થ જાણે **૨૮**–પોતા પ્રત્યે કરેલા બીજાના ઉપકારને ભૂલે નહિ, **૨૯**–દાન –વિનયાદિ ગુણો વડે લોકોને વલ્લભ હોય, **૩૦**–લજ્જાળુ હોય, **૩૧**–દયાળુ હોય **૩૨**–સ્વભાવ શાન્ત રાખે, **૩૩**–પરોપકાર કરવામાં શૂરવીર હોય, **૩૪**–કામ, ક્રોધ, લોભ માન, મદ અને હર્ષ એ છ અંતરંગ શત્રુઓને હઠાવવામાં તત્પર હોય, **૩૫**–પાંચે ઇન્દ્રિયોના વિષય વિકારને રોકે.

(૨) વાણીના ગુણ–(૧) સંસ્કૃતાદિ લક્ષણવાળી (૨) ઉચ્ચ (૩) અગામડી (૪) મેઘ જેવી ગંભીર (૫) પડઘો પડે તેવી (૬) સરળ (૭) માલકોશાદિ રાગવાળી **(ઇતિ શબ્દાડડશ્રી).**

(૮) બૃહદ્અર્થવાળી (૯) પૂર્વાપર અવિરોધી (૧૦) સિદ્ધાન્તને અનુસરતી (૧૧) શંસય વિનાની (૧૨) બીજાને દુષણ નહિ આપનારી (૧૩) હૃદયગ્રાહ્ય (૧૪) પરસ્પર સાપેક્ષ (૧૫) દેશ–કાળને ઉચિત (૧૬) વિવક્ષિત વસ્તુના સ્વરૂપને અનુસરતી (૧૭) અસંબદ્ધ અને અતિવિસ્તારથી રહિત (૧૮) સ્વવખાણ અને પર નિંદાથી રહિત (૧૯) પ્રતિપાદ્ય વસ્તુની ભૂમિકાને અનુસરતી

(२०) સ્નેહાળ અને મધુર (૨૧) પ્રશંસનીય (૨૨) પરના મર્મને નહિ ઉઘાડનારી (૨૩) ઉદારતાવાળી (૨૪) ધર્મ અને અર્થને જણાવનારી (૨૫) કર્તા-કાલ-લિંગ વચનાદિના દોષથી રહિત (૨૬) વક્તાના માનસિક દોષોથી રહિત (૨૭) આશ્ચર્યકારી (૨૮) ઐશ્વર્યવાળી (૨૯) અતિવિલંબ રહિત (૩૦) અર્થને અનેક રીતે સમજાવનારી (૩૧) વિશેષણોથી વિશિષ્ટ (૩૨) સાહસિક (૩૩) વર્ણપદ વાક્યો વડે સ્પષ્ટ (૩૪) વિવક્ષિત વસ્તુની સિદ્ધિ સુધી પ્રમાણુપાયું જણાવનારી (૩૫) ખેદ નહિ ઉપજાવનારી **(ઇત્યર્થાऽऽશ્રી)**

संस्कारवत्त्व मौदात्य मुपचारपरीतता; मेत्र गम्भी-रत्वोषत्वं, प्रतिनादविधायिता **(६५)** दक्षिणत्व मुपनीत-रागत्वं च महार्थता; अव्याहतत्वं शिष्टत्वं, संशयानामसंभवः **(६६)** निराकृता-न्योत्तरत्वं, हृदयङ्गमतापि च; मिथः साकाङ्क्षता प्रस्तावौचित्यं तत्त्वनिष्ठता **(६७)** अप्रकीर्णप्रस्तुतत्व-मस्वश्लाघान्यनिन्दिता; आलिञ्जत्यमतिस्निग्ध-मधुरत्वं प्रशस्यता **(६८)** अमर्मवेधितौदार्यं, धर्मार्थप्रतिबद्धता; कारकाद्यविपर्यासो, विभ्रमादि वियुक्तता **(६९)** चित्रकृत्वमद्भुतत्वं, तथाऽ नतिविलम्बिता; अनेक जाति वैचित्र्य-मारोपित विशेषता **(७०)** सत्त्वप्रधानता वर्णु-पद वाक्य विविक्तता; अव्युच्छित्तिरखेदित्वं, पञ्चत्रिंशच्च वाग्गुणाः **(७१)** अ० चि०

—: संख्या ३६ :—

(१) श्रावक कर्तव्य-मन्नह जिणाणं०मां **(२) आचार्यना गुण**-पंचिंदिय०मां.

—: संख्या ४५ :—

(१) आगम—११—अंग (पाक्षिक सूत्रमां) १२-उपांग, ६—छेद, ४—मूळसूत्र, १० पयन्ना (संख्या—१२—६—४—१० मां) कुल ४३ थया, ४४—अनुयोगद्वार, ४५—नंदिसूत्र.

--: સંખ્યા ૫૦ :--

(૧) મુહપત્તિના બોલ–૧–દૃષ્ટિ પડિલેહણ–સૂત્ર અર્થ તત્ત્વ કરીસદ્દહું (પ્રથમ મુહપતિના બન્ને છેડા સન્મુખ રાખી "સૂત્ર" બોલે, પછી ડાબા હાથ ઉપર મુહપત્તિ નાખી ડાબા હાથે પકડેલ છેડો જમણા હાથે, અને જમણા હાથે પકડેલ છેડો ડાબા હાથે પકડી મુહપત્તિ સામે જોતાં "અર્થ તત્ત્વ કરી સદ્દહું" બોલે, આ બોલતાં મુહપત્તિનું દૃષ્ટિ પડિલેહણ કરે). ૨–૩–૪–ત્રણ ઉર્ધ્વ પ્રસ્ફોટ–સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરૂં (ડાબા હાથે પકડેલ છેડાને ત્રણ વખત ખંખેરતાં બોલે) ૫–૬–૭ ત્રણ ઉર્ધ્વ પ્રસ્ફોટ–કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં (ડાબા હાથે પકડેલ છેડાને જમણા હાથે પકડી અને જમણા હાથે પકડેલ છેડાને ડાબા હાથે પકડી, જમણા હાથે પકડેલ છેડાને ત્રણ વખત ખંખેરતાં બોલે) ૮ થી ૧૬–નવ અક્ષોડા–સુદેવ–સુગુરુ–સુધર્મ આદરૂં, જ્ઞાન–દર્શન–ચારિત્ર આદરૂં, મનગુપ્તિ–વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં. ૧૭ થી ૨૫–નવ પ્રમાર્જના–કુદેવ–કુગુરુ–કુધર્મ –પરિહરૂં, જ્ઞાનવિરાધના–દર્શનવિરાધના–ચારિત્રવિરાધના પરિહરૂં. મનદંડ–વચનદંડ–કાયદંડ પરિહરૂં. (ડાબા હાથ ઉપર મુહપત્તિ નાખી મુહપત્તિને અર્ધીવાળી કરી અર્ધભાગમાં અર્ધીવાળી જમણા હાથની આંગળીઓની વચ્ચે પકડી ડાબો હાથ સવળો રાખી મુહપત્તિને ભૂજા તરફ ત્રણ ટપ્પે લઇ જતાં "સુદેવ–સુગુરુ–સુધર્મ આદરૂં" બોલે. આ ત્રણ અક્ષોડા અને ભૂજાથી પંજા તરફ ત્રણ ટપ્પે હાથને સ્પર્શીને પ્રમાર્જના કરતાં "કુદેવ–કુગુરુ–કુધર્મ પરિહરૂં" બોલે, આ ત્રણ પ્રમાર્જના–તેવી રીતે જ્ઞાન–દર્શન–ચારિત્ર આદરૂં અને જ્ઞાનવિ૰ દર્શનવિ૰ ચારિત્રવિ૰ પરિહરૂં–તેવી જ રીતે મનગુપ્તિ–વચનગુપ્તિ–કાયગુપ્તિ આદરૂં અને મનદંડ–વચનદંડ–કાયદંડ પરિહરૂં, બોલે અને અક્ષોડા તથા પ્રમાર્જના કરે **આ મુહપત્તિની પચ્ચીસ પડિલેહણા જાણવી.**

હવે શરીરની પચ્ચીસ પડિલેહણા બતાવે છે:–૨૬–૨૭–૨૮, ડાબા હાથની કોણીથી ઉંધા કરેલ પંજા તરફ પૂજતાં "હાસ્ય–રતિ–અરતિ પરિહરૂં" બોલે૦ **૨૯–૩૦–૩૧**–ડાબા હાથની આંગળીઓ વચ્ચે મુહપત્તિ પકડીને જમણા હાથની કોણીથી ઉંધા કરેલા પંજા તરફ પૂજતાં "ભય–શોક દુગંછા પરિહરૂં બોલે૦ **૩૨–૩૩–૩૪**–મુહપત્તિના બે છેડા બે હાથે પકડી લલાટનો મધ્યભાગ અને આજુ–બાજુ એમ ત્રણ ભાગને પૂજતાં "કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–કાપોત લેશ્યા પરિહરૂં" બોલે. **૩૫–૩૬–૩૭**–તેવી રીતે મુખના ત્રણ ભાગને પૂજતાં "રસગારવ–ઋદ્ધિગારવ–શાતાગારવ પરિહરૂં" બોલે૦ **૩૮–૩૯–૪૦**–તેવી રીતે હૃદયના ત્રણ ભાગને પૂજતાં 'માયાશલ્ય–નિયાણશલ્ય–મિથ્યાત્વશલ્ય પરિહરૂં" બોલે૦ **૪૧**–પછી મુહપત્તિવાળીને જમણા હાથમાં મુહપત્તિ રાખી જમણા ખભાને પૂજતાં "ક્રોધ પરિહરૂં" બોલે. **૪૨**–ડાબા હાથમાં મુહપત્તિ રાખી ડાબા ખભાને પૂજતાં "માન પરિહરૂં" બોલે. **૪૩**–ડાબાહાથમાંજ મુહપત્તિ રાખીને જમણા ખભાને પૂજતાં "માયા પરિહરૂં" બોલે. **૪૪**–જમણા હાથમાં મુહપત્તિ રાખીને ડાબા ખભાને પૂજતાં "લોભ પરિહરૂં" બોલે. **૪૫ થી ૫૦**–જમણા હાથમાં મુહપત્તિ અને ઓઘો રાખી ઓઘાથી જમણા પગને પૂજતાં "પૃથ્વીકાય–અપકાય–તેઉકાયની જયણા કરૂં. અને ડાબા પગને પૂજતાં વાયુકાય–વનસ્પતિકાય–ત્રસકાયની જયણા કરૂં. બોલે.

સ્ત્રીઓને–૪૦–બોલ–લલાટના લેશ્યા ૩ હૃદયના શલ્ય ૩, ખભાના ક્રોધાદિ ૪, આ ૧૦ બોલ સિવાય. તેથી તેમને મુહપત્તિના ૨૫, અને શરીરના ૧૫ હોય.

(૨) તપના ભેદ–૧–૨–યાવત્કથિક અને ઇત્વરિક અનશન. ૩–૪–બાહ્ય અને અભ્યંતર ઉનોદરી, ૫ થી ૮, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી વૃત્તિસંક્ષેપ. ૯–કાયક્લેશ, ૧૦–રસત્યાગ, ૧૧–ઇન્દ્રિય–કષાય

અને યોગવિષયક સંલીનતા, ૧૨–સ્ત્રી–પશુ વિ૦થી વર્જિતસ્થાન, ૧૩ થી ૨૨–પ્રાયશ્ચિત્ત (સંખ્યા–૧૦–માં) ૨૩ થી ૨૯–જ્ઞાન–દર્શન –ચારિત્ર–મન–વચન–કાયા અને ઉપચાર વિષયક વિનય, ૩૦ થી ૩૯–આચાર્યાદિનું વૈયાવચ્ચ (સંખ્યા–૧૩૦ માં) ૪૦ થી ૪૪–સ્વાધ્યાય (સંખ્યા–૫–માં) ૪૫–૪૬–આર્ત–રૌદ્રધ્યાનનો ત્યાગ કરે, ૪૭–૪૮–ધર્મ–શુકલધ્યાનનું ચિન્તન કરે, ૪૯–૫૦–બાહ્ય–અભ્યંતર કાયોત્સર્ગ.

–: સંખ્યા ૫૧ :–

(૧) જ્ઞાનના ભેદ:–૨૮–મતિજ્ઞાન, ૧૪–શ્રુતજ્ઞાન, ૬–અવધિ જ્ઞાન, ૨–મન : પર્યાયજ્ઞાન, ૧–કેવળજ્ઞાન (૧–કર્મગ્રન્થ ૪ થી ૮)

–: સંખ્યા ૫૨ :–

(૧) નંદીશ્વરનાં દેરાસર–આઠમા નંદીશ્વરદ્વીપમાં પૂર્વ દિશામાં–વચ્ચે કૃષ્ણવર્ણવાળો અંજનગિરિ, ચાર દિશાએ ચાર વાવમાં શ્વેતવર્ણવાળા ચાર દધિમુખ અને ચારવિદિશામાં રક્ત વર્ણવાળા આઠ રતિકર મળી તેરપર્વત ઉપર તેરમંદિર. તેવી રીતે દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં હોવાથી બાવન દેરાસર થાય.

તે દેરાસરો ચાર દ્વારવાળાં હોય છે, તે ચારે દ્વારોમાં ચાર ચૌમુખજી હોય છે. આગળ જતાં મધ્યમાં ચૌમુખજી બાદક ચારેતરફ ૨૭–૨૭ પ્રતિમા હોય છે એટલે મધ્યમાં ૧૦૮ અને ચારે દ્વારમાં–૧૬ મળી ૧૨૪ શાશ્વતજિન પ્રતિમા એક દેરાસરમાં હોય છે,

(તે પ્રમાણે ૧૫ (૧૩) મા કુંડલ અને ૨૧ (૧૩) મા રૂચક-દ્વીપના ચાર ચાર દેરાસર જાણવા તેથી **૧૨૪** પ્રતિમાવાળાં કુલ ૬૦ દેરાસરો જાણવાં)

(૨) વિનય–તીર્થંકર, સિદ્ધ,કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય, ગણી. આ તેરનો ચાર પ્રકારે વિનય (અનાશાતના, ભક્તિ, બહુમાન, ગુણગાન) કરવો.

(૩) પ્રાકૃત જોડાક્ષર–ક્ક, ક્ખ, ગ્ગ, ગ્ઘ, ઙ્ક, ઙ્ખ, ઙ્ગ, ઙ્ઘ, ચ્ચ, ચ્છ, જ્જ, જ્ઝ, ઞ–ચ, ઞ–છ, ઞ–જ, ઞ–ઝ, ટ્ટ, ટ્ઠ, ડ્ડ, ડ્ઢ, ણ્ટ, ણ્ઠ, ણ્ડ, ણ્ઢ, ણ્ણ, ણ્હ, ત્ત, ત્થ, દ્ધ, ન્ત, ન્થ, ન્દ, ન્ધ, ન્ન, ન્હ, પ્પ, પ્ફ, બ્બ, બ્ભ, મ્પ, મ્ફ, મ્બ, મ્ભ, મ્મ, મ્હ, લ્હ, લ્લ, વ્વ, સ્સ. **(૪) વીર**–ક્ષેત્રપાળ, કપિલ, ખટુક, નારસિંહ, ગોપાળ, ભૈરવ, ગરૂડ, રક્ત સુવર્ણ, દેવસેન, રૂદ્ર, વરૂણ, ભદ્ર, વજ્ર વજ્રજંઘ, સ્કન્દ, કુર, પ્રિયંકર, પ્રિયમિત્ર, વહ્નિ, કંદર્પ, હંસ, એકજંઘ, **ઘંટાપથ**, દત્તક, કાલ, મહાકાલ, મેઘનાથ, ભીમ, મહાભીમ, તુંગભદ્ર, વિદ્યાધર, વસુમિત્ર, વિશ્વસેન, નાગ, નાગહસ્ત, પ્રદ્યુમ્ન, કપિલ, નકુલ, આહ્લાદ, ત્રિમુખ, પિશાચ, ભૂતભૈરવ, મહાપિશાચ, કાલમુખ, શુનક, અસ્થિમુખ, રતોવેધ, સ્મશાનચાર, કલિકલ, ભૃંગ, કંટક, બિભીષણ.

–: સંખ્યા ૫૬ :–

(૧) અંતરદ્વીપ–ક્ષે૦ સ૦ ૨૧૪ થી ૨૧૮ માં **(૨) દિક્કુમારી**–૮ પૂર્વરૂચકપર્વતે, ૮ દક્ષિણરૂચકપર્વતે, ૮ પશ્ચિમ રૂચકપર્વતે, ૮ ઉત્તરરૂચકપર્વતે, ૪ વિદિક્ષરૂચકપર્વતે, ૪ રૂચક પર્વતનીમધ્યે, ૮ ઉર્ધ્વલોકે નંદનવનમાં નંદન (મેરૂ) કુટ ઉપર, ૮ અધોલોકે ગજદંત પર્વતોની નીચે

–: સંખ્યા ૬૩ :–

(૧) શલાકા પુરુષ–૨૪ તીર્થંકર (બૃહચ્છાન્તિમાં), ૧૨ ચક્રી ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ, (સંખ્યા ૯–૧૨ માં)

–: સંખ્યા ૬૪ :–

(૧) **ઈન્દ્ર**– ૨૦ ભવનપતિના (બૃ૦ સં૦ ૨૦ થી ૨૨ માં) ૨ જ્યોતિષના (જ્યોતિષના અસંખ્યાતા ઇન્દ્રો છે, પરંતુ અહિં

જાતિની અપેક્ષાએ સૂર્ય અને ચંદ્ર બે જ ગણેલા છે) ૧૬ વ્યંતરના (બૃ૦ સં૦ ૩૫, ૩૬ માં) ૧૬ વાણવ્યંતરના (બૃ૦ સં૦ ૪૧, ૪૨ માં) ૧૦ વૈમાનિકના.

–: સંખ્યા ૬૭ :–

(૧) સમ્યગ્ દર્શનનાં બોલ–ચઉસદ્દહણ તિલિંગં દસવિણય તિસુદ્ધિ પંચગયદોસં; અટ્ઠપભાવણ ભૂસણ-લક્ખણ પંચવિહસંજુત્તં **(૬૨૬)** છવ્વિહ જયણાગાર છબ્ભાવણભાવિયં ચ છટ્ઠાણં; ઇય સતસટ્ઠિ-લક્ખણમેયવિસુદ્ધં ચ સમ્મત્તં **(૬૨૭)** પ્ર૦

(૪)–સદ્દહણા– (૧) પરમાર્થસંસ્તવઃ– જીવ અજીવ આદિ નવ તત્ત્વોના અર્થો વિચારવા અને તેમાં શ્રદ્ધા ધારણ કરવી. **(૨)** પરમાર્થજ્ઞાતૃસેવનમ્–તત્ત્વના જાણકાર, શુદ્ધપ્રરૂપણા કરનાર, સંવેગી (રાગ દ્વેષ ન કરવામાં રંગાયેલા) તેમજ સાધુ–સાધ્વી ભગવંતોની ભક્તિ કરનાર એટલે તેમના વચન ઉપર શ્રદ્ધા અને આજ્ઞાનું પાલન કરનાર જેથી યથાર્થજ્ઞાન મેળવી શકાય **(૩)** વ્યાપન્નદર્શનવર્જનમ્ –ઉત્તમ આત્માઓએ સમકિતથી ભ્રષ્ટ થયેલા વિપરીતદૃષ્ટિવાળા પાસત્થાદિકનો સંગ કરવો નહિ. **(૪)** કુદર્શનવર્જનમ્–મિથ્યાત્વી તેમજ ધર્મના દ્વેષી આત્માઓનો સંગ કરવો નહિ. **(આ ચારમાં પૂર્વના બેથી સમકિતની પ્રાપ્તિ થાય છે અને પાછળના બેથી સમકિતનું રક્ષણ થાય છે).**

(૩) લિંગ–(૧) સુશ્રુષા–જેનાથી સમ્યગ્ બોધ થાય એવા ધર્મશાસ્ત્રો સાંભળવાની ઇચ્છા હોય **(૨)** ધર્મરાગઃ– ધર્મકાર્યમાં પૂર્ણ પ્રીતિ ધારણ કરે **(૩)** વૈયાવૃત્યઃ– સત્ય માર્ગને બતાવનાર એવા દેવ-ગુરૂ તેમજ વડીલોનું વૈયાવચ્ચ કરવાનો અભિલાષી હોય. **(આ ત્રણ લિંગથી બીજાના સમકિતને ઓળખી શકાય છે).**

(૧૦) વિનય–(૧) અરિહંતનો **(૨)** સિદ્ધનો **(૩)** આચાર્યનો **(૪)** ઉપાધ્યાયનો **(૫)** સાધુ-સાધ્વીનો **(૬)** ચૈત્ય (જિનપ્રતિમા)

નો (૭) દ્વાદશાંગી (આગમ)નો (૮) ધર્મનો (૯) પ્રવચનદક્ષ એવા ચતુર્વિધ સંઘનો (૧૦) અને સમકિતિનો.

આ દશનો પાંચ પ્રકારે વિનય કરવો, (૧) ભક્તિ કરવી. (૨) બહુમાન કરવું. (૩) ગુણોનું વર્ણન કરવું. (૪) અવર્ણવાદ વર્જવો (૫) મન, વચન, કાયાએ કરી આશાતના ન કરવી. **(આ દશ પ્રકારનો વિનય સમકિતિ આત્મામાં હોય છે).**

(૩) શુદ્ધિ–(૧) મનશુદ્ધિ–જિન અને જિનમત (ચતુર્વિધ સંઘ) વિના સર્વ જગતને અસાર જાણે (૨) વચનશુદ્ધિ–જિનેશ્વરની ભક્તિ કરવાથી સર્વ મનોવાંછિત ફળે છે. તો પણ પોતાના અશુભ કર્મોદયે જે કાર્ય જિનભક્તિથી નવિ થયું તે બીજાથી કેમ થાય? એમ જાણીને અન્યની પ્રશંસા કરે નહિ, (૩) કાયશુદ્ધિ–વીતરાગ પરમાત્મા વિના બીજાને પૂજ્યભાવે વંદન નમસ્કાર કરે નહિ. **(આ ત્રણ શુદ્ધિ સમકિતને નિર્મળ રાખનાર છે).**

(૫) દુષણ–(૧) શંકા-જિનમતમાં શંકા કરવી તે (૨) કાંક્ષા–જિનમત સિવાય અન્યઅન્ય મતોની ઇચ્છા કરવી તેમજ તેમનો માર્ગ સારો જાણવો તે. (૩) વિતિગિચ્છા-શુદ્ધક્રિયાના ફળ સંબંધમાં સંદેહ કરવો તે, તેમજ જિનમતમાં દુર્ગંચ્છા ધરવી મુગ-ધારણ કરવી તે. (૪) અન્યતીર્થિક પ્રશંસા–અન્ય તીર્થિકોની પ્રશંસા કરવી તે. (૫) અન્યતીર્થિક પરિચયઃ- અન્ય તીર્થિકો સાથે ધર્મ સંબંધી પરિચય કરવો તે. **(આ પાંચ દુષણોનું વર્જન કરીને સમકિતને નિર્મળ રાખવું.**

(૮) પ્રભાવક–(૧) પ્રવચની–જૈનતત્ત્વનું પ્રવચન કરીને જિનશાસનની પ્રભાવના કરે તે. (૨) ધર્મકથી–ચાર પ્રકારની ધર્મ કથાઓ કરીને જિનશાસનની પ્રભાવના કરે તે. (૩) વાદી–તર્ક વડે વાદવિવાદ કરી જિનશાસનની પ્રભાવના કરે તે (૪). નૈમિત્તિકઃ-

નૈમિત્તિક શાસ્ત્રોના જાણપણાવડે જિનશાસનની પ્રભાવના કરે તે (૫) તપસ્વી– ઉગ્ર તપશ્ચર્યા વડે જિનશાસનની પ્રભાવના કરે તે (૬) વિદ્યાવાન–વિશિષ્ટ વિદ્યા–મંત્ર વડે જિનશાસનની પ્રભાવના કરે તે (૭) સિદ્ધિ સંપન્ન–અંજન આદિની સિદ્ધિઓ વડે જિનશાસનની પ્રભાવના કરે તે. (૮) કવિ–કવિત્વ શક્તિ વડે જિનશાસનની પ્રભાવના કરે તે. **(આ આઠ પ્રભાવક જિનશાસનની પ્રભાવના કરનારા હોય છે,**

પાવયણી ધમ્મકહી વાઈ, નેમિત્તઓ તવસ્સી ય;
વિજ્જા સિદ્ધય કઈ, અટ્ઠેવ પભાવગા ભણિયા (૧)

(૫) ભૂષણ–(૧) જૈનશાસનેકૌશલમ્–શાસ્ત્રાનુસારી ક્રિયા કરવામાં કુશળ હોય તે **(૨)** તીર્થસેવા–સ્થાવરતીર્થ શત્રુંજયાદિ તથા જંગમતીર્થ સાધુ–સાધ્વી તે બંને તીર્થોની યથાયોગ્ય સેવા કરવામાં તત્પર હોય તે. **(૩)** ભક્તિઃ–શ્રી સંઘની યથાયોગ્ય ભક્તિ કરે તે. **(૪)** સ્થૈર્યમ્–સમકિતમાં દૃઢતા ધારણ કરે તે. **(૫)** જિન-શાસન પ્રભાવના–જિનશાસનની બીજાઓ પણ અનુમોદના કરે એવા કાર્યો કરે તે. **(આ પાંચ ભૂષણ સમકિતને શોભાવનારા છે).**

(૫) લક્ષણ–(૧) શમઃ (ઉપશમ) – કષાયોને દબાવે–મંદ કરે, ક્રોધને ક્ષમાથી દબાવે, માનને વિનયથી દૂર કરે, માયાને સરળતાથી દૂર કરે, લોભને સંતોષથી દબાવે. **(૨)** સંવેગઃ– મોક્ષની તીવ્ર અભિલાષા ધારણ કરે, ચક્રી અને ઇન્દ્રના સુખને પણ દુઃખ-કારી જાણે. **(૩)** નિર્વેદઃ—સંસારની વિષમતા જાણી વૈરાગ્યભાવ ધરે. **(૪)** અનુકંપા—દીનદુઃખીના દુઃખોનું નિવારણ કરે તેમ જ ધર્મરહિતને જોઈ ભાવદયા ચિન્તવે તે. **(૫)** આસ્તિક્યમ્–શ્રી જિનેશ્વરોએ ભાખેલ નવે તત્ત્વોમાં યથાર્થ હેયોપાદેયતા ધારણ કરે **(આ પાંચ લક્ષણોથી પોતામાં રહેલ સમકિતભાવની પ્રતીતિ કરાય છે).**

(६) जयणा-(१) परतीर्थिकादिवंदनम्-कुदेव, कुगुरु अने मिथ्यात्वीओए ग्रहण करेल देवना वंदन-पूजनथी दूर रहेवुं **(२)** नमस्करणम्-परतीर्थिकोने नमस्कार करवापणाथी दूर रहेवुं **(३)** अशनादिदानम्-मिथ्यात्वीओने दानादिथी पुष्ट करवा नहि **(४)** गंधपुष्पादिप्रेषणम्- मिथ्यात्वीने मान-पान आपवुं नहि. **(५)** आलापनम्-मिथ्यात्वीओनी साथे वगर प्रसंगे बोलवुं नहि. **(६)** संलापनम्-मिथ्यात्वीओनी साथे वारंवार धर्मचर्चा करवी नहि. **(आ छ जतना (जयणा)थी समकितने साचववुं)**

(६) आगार-(१) राजाभियोगः- राजाना आग्रहथी **(२)** गणाभियोगः—समुदाय ते बहुमतिना आग्रहथी **(३)** बलाभियोगः- बळवान माणसना आग्रहथी **(४)** देवाभियोगः- देव, देवी, कुळदेवी, वगेरेना आग्रहथी **(५)** गुरुनिग्रहः- माता पिता गुरु आदि वडीलोना विग्रहथी (पराभव आदिथी) छोडावा माटे **(६)** वृत्तिकान्तारादिभियोगः- जंगलमां तेमज दुष्काळादि प्रसंगोमां निर्वाहनी दुर्लभता होय त्यारे अथवा धर्मानुसारे निर्वाह न थतो होय त्यारे **(आत्म रक्षार्थे जे कांई अनुचित करवुं पडे ते आगार जाणवो.)**

न चलन्ति महासत्ता, सुभिज्जमाणाओ सुद्धधम्माओ;
प्रयरेसिं चलणु भावे, पईन्नभंगो न अम्हेहिं (स० ५४)

(६) भावना-(१) इदं धर्ममूलम्-सम्यक्त्व ए धर्मरूपी वृक्षनुं **मूळ** छे. **(२)** इदं धर्मद्वारम्-सम्यक्त्व ए धर्मरूपी नगरमां प्रवेश करवानो **दरवाजो** छे. **(३)** इदं धर्मप्रतिष्ठानम्-सम्यक्त्व ए धर्मरूपी मंदिरनो **पायो** छे. **(४)** इदं धर्मनिधिः-सम्यक्त्व ए धर्मरत्न प्राप्त करवानो **निधि** छे. **(५)** इदं धर्माधारम्-सम्यक्त्व

એ વ્રત-ધર્મનો **આધાર** છે. (૬) ઇદં ધર્મભાજનમ્-સમ્યક્ત્વ એ ધર્મરૂપી ખીરનું **ભાજન** છે. **(આ છ ભાવનાઓથી સમ્યક્ત્વની વિશુદ્ધિ કરવી).**

(૬) **સ્થાન**-(૧) અસ્ત્યેવ જીવઃ-જીવ છે (૨) સ ચ નિત્યઃ-જીવ નિત્ય છે. (૩) સ ચ કર્મણાં કર્તા-જીવ કર્મનો કર્તા છે (૪) સ ચ ભોક્તા-જીવ પોતાના કરેલા કર્મોનો ભોક્તા છે. (૫) અસ્તિ ચ તસ્ય મોક્ષઃ- જીવ કર્મથી મુક્ત થાય છે, (૬) અસ્તિ ચ તસ્ય મોક્ષોપાયઃ- જીવને કર્મથી મુક્ત કરવાના-છોડાવવાના ઉપાયો પણ છે. **(આ છ સ્થાનોની શ્રદ્ધા કરવાથી સમકિત દૃઢ થાય છે.)**

-: સંખ્યા ૭૦ :-

(૧) ચરણસિત્તરી-૫-મહાવ્રત, ૧૦-સાધુધર્મ, ૧૭-સંયમ, ૧૦-વૈયાવચ્ચ, ૯-શિયલની વાડ, ૩-રત્નત્રયી, ૧૨-તપ, ૪-કષાય-નિગ્રહ (સ્વ સંખ્યામાં) **નિરંતર આચરવા લાયક**

વ્રતાનિ શ્રમણધર્મ સંયમો, વૈયાવૃત્યં ચ ગુપ્તયઃ; જ્ઞાનાદિત્રયં તપઃ, ક્રોધનિગ્રહાદિ ચરણમેતદ્ (૫૫૨) પ્ર૦

(૨) કરણસિત્તરી-૪-વસ્ત્ર-પાત્ર-પિંડ અને વસતિની શુદ્ધિ, ૫-સમિતિ, ૧૨-ભાવના, ૧૨-પડિમા, ૫-ઇન્દ્રિયનિરોધ, ૨૫-પડિ-લેહણ, ૩-ગુપ્તિ, ૪-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી અભિગ્રહ (સ્વ સંખ્યામાં) **કારણે આચરવા લાયક**

પિણ્ડવિશુદ્ધિઃ સમિતયઃ, ભાવના પ્રતિમા સ્ચેન્દ્રિયનિરોધઃ; પ્રતિલેખના ગુપ્તયઃ, અભિગ્રહાશ્ચૈવ કરણં તુ (૫૬૩) પ્ર૦

–: સંખ્યા ૮૦ :–

(૧) યોગ–૧–સ્થાન. ૨–વર્ણ. ૩–અર્થ. ૪–આલંબન. ૫–અનાલંબન. (સ્થાન આદિ દરેક યોગના ચાર ભેદ છે.) ૧–ઇચ્છા. ૨–પ્રવૃત્તિ. ૩–સ્થિરતા. ૪–સિદ્ધિ, તેથી ૨૦ થાય. વળી ભાવશુદ્ધિના તરતમપણાથી દરેક અનુષ્ઠાન ચાર પ્રકારે છે. ૧–પ્રીતિ, ૨–ભક્તિ, ૩–વચન. ૪–અસંગઅનુષ્ઠાન તેથી ૮૦–થાય.

(૨) પૌષધના ભાંગા–(બ્રહ્મચર્ય સ્વીકારરૂપ અને બાકીના ત્રણ ત્યાગરૂપ પૌષધ)

સંયોગી–ભાંગા	૧–આહાર પૌષધ દેશથી	૧–૩	૨–૫	૪–૫
૧–૮	૨– ,, ,, સર્વથી	૧–૪	૨–૬	૪–૬
૨–૨૪	૩–શરીર–			
૩–૩૨	સત્કાર ,, દે.	૧–૫	૨–૭	૪–૭
૪–૧૬	૪– ,, ,, સ.	૧–૬	૨–૮	૪–૮
કુલ ભાંગા ૮૦	૫–બ્રહ્મચર્ય ,, દે.	૧–૭	૩–૫	૫–૭
દરેક ભાંગામાં	૬– ,, ,, સ.	૧–૮	૩–૬	૫–૮
સામાયિક સંભવે	૭–અવ્યાપાર ,, દે.	૨–૩	૩–૭	૬–૭
નહીં	૮– ,, ,, સ.	૨–૪	૩–૮	૬–૮

૧–૩–૫	૧–૪–૫	૧–૫–૭	૨–૩–૫	૨–૪–૫	૨–૫–૭	૩–૫–૭
૧–૩–૬	૧–૪–૬	૧–૫–૮	૨–૩–૬	૨–૪–૬	૨–૫–૮	૩–૫–૮
૧–૩–૭	૧–૪–૭	૧–૬–૭	૨–૩–૭	૨–૪–૭	૨–૬–૭	૩–૬–૭
૧–૩–૮	૧–૪–૮	૧–૬–૮	૨–૩–૮	૨–૪–૮	૨–૬–૮	૩–૬–૮

૪–૫–૭	૧–૩–૫–૭	૧–૪–૫–૭	૨–૩–૫–૭	૨–૪–૫–૭
૪–૫–૮	૧–૩–૫–૮	૧–૪–૫–૮	૨–૩–૫–૮	૨–૪–૫–૮
૪–૬–૭	૧–૩–૬–૭	૧–૪–૬–૭	૨–૩–૬–૭	૨–૪–૬–૭
૪–૬–૮	૧–૩–૬–૮	૧–૪–૬–૮	૨–૩–૬–૮	૨–૪–૬–૮

–: સંખ્યા ૧૦૧ :–

ક્ષેત્ર (એકસો એક) ના ભાવો :-

ક્ષેત્ર	ઊંચાઈ-ઉ.	આયુ. ઉ.	આહાર પ્રમાણ	કેવા ભાવો વર્તે	સંતાન પાલન
દેવકુરૂ ઉત્તરકુરૂ	૩–ગાઉ	૩–પલ્ય	૩–દિવસે તુવેર જેટલો	પહેલા આરા જેવા	૪૯ દિન
હરિવર્ષ-રમ્યક્	૨–ગાઉ	૨–પલ્ય	૨–દિવસે બોર જેટલો	બીજા આરા જેવા	૬૪ દિન
હિમવંત-હિરણ્યવંત	૧–ગાઉ	૧–પલ્ય	એકાંતરે આમલક જેટલો	ત્રીજા આરા જેવા	૭૯ દિન
અંતરદ્વીપ	૮૦૦–ધનુષ	પલ્ય અસંખ્ય ભાગ	એકાંતરે	ત્રીજા આરાના છેડા જેવા	૭૯ દિન
મહાવિદેહ	૫૦૦–ધનુષ	ક્રોડ પૂર્વ	દરરોજ	ચોથા આરા જેવા	
ભરત–ઐરવત	૩–ગાઉ	૩–પલ્ય		છઠ્ઠે આરા જેવા	

તિથિ		પ્રભુ	ક૦	તિથિ		પ્રભુ	ક૦	તિથિ		પ્રભુ	ક૦	તિથિ		પ્રભુ	ક૦
કા. સુ.	૩	૬	કે	આ. સુ.	૩	૧૩	જ	ચૈ. સુ.	૧૫	૬	કે	અ. સુ.	૧૪	૧૨	મે।
	૧૨	૧૮	,,		૪	,,	દી	વ.	૧	૧૭	મે।	વ.	૩	૧૧	,,
વ.	૫	૬	જ		૮	૨	જ		૨	૧૦	,,		૭	૧૪	ચ્ય
	૬	૬	દી		૯	,,	દી		૫	૧૭	દી		૮	૨૧	જ
	૧૦	૨૪	,,		૧૨	૪	,,		૬	૧૦	ચ્ય		૯	૧૭	ચ્ય
	૧૧	૬	મે।		૧૩	૧૫	,,		૧૦	૨૧	મે।	આ. સુ.	૨	૫	ચ્ય
મ. સુ.	૧૦	૧૮	જ	વ.	૬	૭	કે		૧૩	૧૪	જ		૫	૨૨	જ
	,,	,,	મે।		૭	૭	મે।		૧૪	,,	દી		૬	,,	દી
	૧૧	,,	દી		,,	૮	કે		,,	,,	કે		૮	૨૩	મે।
	,,	૧૬	,,		૬	૬	ચ્ય		,,	૧૭	જ		૧૫	૨૦	ચ્ય
	,,	,,	જ		૧૧	૧	કે	ચૈ.	સુ. ૪	૪	ચ્ય	વ.	૭	૧૬	,,
	,,	,,	કે		૧૨	૧૧	જ		૭	૧૫	,,		,,	૮	મે।
	,,	૨૧	,,		,,	૨૦	કે		૮	૪	મે।		૮	૭	ચ્ય
	૧૪	૩	જ		૧૩	૧૧	દી		,,	૫	જ	જા. સુ.	૬	૬	મે।
	૧૫	,,	દી		૧૪	૧૨	જ		૬	,,	દી		૧૦	૨૨	કે
વ.	૧૦	૨૩	જ		૩૦	,,	દી		૧૦	૨૪	કે	આ.સુ.	૧૫	૨૧	ચ્ય
	૧૧	,,	દી	કા.	સુ. ૨	૧૮	ચ્ય		૧૨	૧૩	ચ્ય	વ.	૫	૩	કે
	૧૨	૮	જ		૪	૧૬	,,		૧૩	૨	,,		૧૨	૬	જ
	૧૩	,,	દી		૮	૩	,,	વ.	૬	૧૧	,,		,,	૨૨	ચ્ય
	૧૪	૧૦	કે		૧૨	૧૬	મે।		૮	૨૦	જ		૧૩	૬	દી
ચૈ. સુ.	૬	૧૩	,,		,,	૨૦	દી		૯	,,	મે।		૩૦	૨૪	મે।
	૯	૧૬	,,	૨	૪	૨૩	ચ્ય		૧૩	૧૬	જ				
	૧૧	૨	,,		,,	,,	કે		,,	,,	મે।				
	૧૪	૪	,,		૫	૮	ચ્ય		૧૪	,,	દી				
	૧૫	૧૪	,,		૮	૧	જ	જે.	સુ. ૫	૧૫	મે।				
વ.	૬	૬	ચ્ય		,,	,,	દી		૯	૧૨	ચ્ય				
	૧૨	૧૦	જ	ચૈ.	સુ. ૩	૧૭	કે		૧૨	૭	જ				
	,,	,,	દી		૫	૨	મે।		૧૩	,,	દી				
	૧૩	૧	મે।		,,	૩	,,	વ.	૪	૧	ચ્ય				
	૩૦	૧૧	કે		,,	૧૪	,,		૭	૧૩	મે।				
આ. સુ.	૨	૪	જ		૯	૫	,,		૯	૨૧	દી				
	,,	૧૨	કે		૧૧	,,	કે	અ.	સુ. ૬	૨૪	ચ્ય				
	૩	૧૫	જ		૧૩	૨૪	જ		૮	૨૨	મે।				

ચ્ય૦ પરમેષ્ઠિને નમઃ
જ૦ અર્હંતે ,,
દીક્ષા૦ નાથાય ,,
કે૦ સર્વજ્ઞાય ,,
મે૦ પારંગતાય ,,

કે૦ એકાસણું
બે કલ્યાણક નીવી
ત્રણે૦ આયંબિલ
ચારે૦ ઉપવાસ
પાંચે૦ ઉપવાસ અને એકાસણું

આ કોઠો ગુજરાતી મિતિ પ્રમાણે છે.

શ્રી સીમંધર સ્વામીનાં કલ્યાણક :-શ્રા. વ. ૧ ચ્યવન, ફા. સુ. ૩ દીક્ષા, ચૈ. સુ. ૧૩ કેવળજ્ઞાન, વૈ. વ. ૧૦ જન્મ, અને શ્રા. સુ ૩ મોક્ષ.

-: સંખ્યા ૧૨૪ :-

(૧) શ્રાવક અતિચાર-૫-સમ્યક્ત્વના, ૨૪-જ્ઞાન-દર્શન-ચારિત્રના, ૧૦-બાર વ્રતના, ૧૫-કર્માદાનના, ૧૨-તપાચારના, ૩-વીર્યાચારના, ૫-સંલેષણાના, (પા૦ અ૦ શ્રાવકના)

-: સંખ્યા ૧૩૦ :-

(૧) વૈયાવચ્ચ-આચાર્યાદિ (ત૦ ૯-૨૪) દશનું તેર પ્રકારે વૈયાવચ્ચ કરવાથી (પાણી, સંથારો, આસન, પડિલેહણ, પગપૂજવા, ઔષધલાવવું, પગચંપી, આહાર, કષ્ટનિવારવું, શરીરરક્ષા, સ્થંડિલ જતાં આવતાં પાત્ર-દાંડો-ઉપકરણાદિ લેવાં-આપવાં, રોગી ઉપર સાવધાન, મૂત્ર-સ્થંડિલ-બળખાનીકુંડીમાટે સાવધાન,) ૧૩૦ થાય.

-: સંખ્યા ૧૫૮ :-

(૧) કર્મપ્રકૃતિ-૫-જ્ઞાનાવરણીય, ૯-દર્શનાવરણીય, ૨-વેદનીય, ૨૮-મોહનીય, ૪-આયુષ્ય, ૧૦૩-નામ, ૨-ગોત્ર, ૫-અંતરાય કર્મની (૧-કર્મગ્રન્થ ૪ થી ૫૨)

આશીર્વાદ-દીર્ઘાયુર્ભવ ભણ્યતે યદિ તદા તન્નારકાણામપિ, ચેત્પ્રોચ્યેત ધનાધિપો ભવ તદા તન્મ્લેચ્છકાનામપિ;
યદ્યુચ્યેત ચ પુત્રવાન્ ભવ તદા તત્કુર્કુટાનામપિ, તસ્માત્સર્વસુખપ્રદોઽસ્તુ ભવતાં શ્રીધર્મલાભઃ શ્રિયે (૧)

૧૭૦ તીર્થંકર (શ્રી અજીતનાથના વખતે હતા)

–: જંબુદ્વીપ :–

વિદેહ

૧	જયદેવ	અમરકેતુ
૨	કૃષ્ણભદ્ર	અરણ્યવાસ
૩	લક્ષ્મીપતિ	હરિહર
૪	અનંતહર્ષ	રામેન્દ્ર
૫	ગંગાધર	શાન્તિદેવ
૬	વિદ્યાળચંદ્ર	અનંતકૃત
૭	પ્રિયંકર	મણેન્દ્ર
૮	અમરાદિત્ય	સાગરચંદ્ર
૯	કૃષ્ણનાથ	લક્ષ્મીચંદ્ર
૧૦	ગુણગુપ્ત	મહેશ્વર
૧૧	પદ્મનાભ	ઋષભદેવ
૧૨	જળધર	સૌમ્યકાન્તિ
૧૩	યુગાદિત્ય	નેમિપ્રભ
૧૪	વરદત્ત	અજીતભદ્ર
૧૫	ચંદ્રકેતુ	મહીધર
૧૬	મહાકાય	રાજેશ્વર
	ભરત	**ઐરવત**
૧૭	અજીત	સુચન્દ્ર

–: ધાતકી ખંડ :–

પૂર્વ–વિદેહ		પશ્ચિમ–વિદેહ	
વીરચંદ્ર	પૂર્ણભદ્ર	ધર્મદત્ત	મુનિચંદ્ર
વત્સસેન	રેવાકાન્તિ	ભૂમિપતિ	મહેન્દ્રનાથ
નીલકાન્તિ	કલ્પશાખ	મેરૂદત્ત	શશાંક
મુંજકેશી	નલિનીદત્ત	સુમિત્ર	જગદીશ્વર
રક્ષિમક	વિદ્યાપતિ	શ્રીષેણનાથ	દેવેન્દ્રનાથ
ક્ષેમંકર	સુપાર્શ્વનાથ	પ્રભાનંદ	ગુણનાથ
મૃગાંકનાથ	ભાનુનાથ	પદ્માકર	ઉદ્યોતનાથ
મુનિમૂર્તિ	પ્રભંજન	મહાઘોષ	નારાયણ
વિમળનાથ	વિશિષ્ટનાથ	ચંદ્રપ્રભ	કપિલનાથ
આગમિક	જળપ્રભ	ભૂમિપાળ	પ્રભાકર
નિષ્પાપનાથ	મુનિચંદ્ર	સુમતિષેણ	જિનદીક્ષિત
વસુંધરાધિપ	ઋષિપાળ	અચ્યુત	સકળનાથ
મલ્લિનાથ	કુગદત્ત	તીર્થભૂતિ	શીલારનાથ
વનદેવ	ભૂતાનંદ	લલિતાંગ	વજ્રધર
જળભૃત્	મહાવીર	અમરચંદ્ર	સહસ્રસાર
અમૃતવાહન	તીર્થેશ્વર	સમાધિનાથ	અશોક
પૂ૦ભ૦	**પૂ૦ ઐ૦**	**પ૦ભ૦**	**પ૦ ઐ૦**
સિદ્ધાંતનાથ	પુષ્પદંત	કરણ	જિનસ્વામિ

–: પુષ્કરાર્ધ દ્વીપ :–

પૂર્વ–વિદેહ		પશ્ચિમ–વિદેહ	
મેઘવાહન	સિદ્ધાર્થનાથ	પ્રસન્નચંદ્ર	હરિચંદ્ર
જીવરક્ષક	સકળનાથ	મહાસેન	પ્રતિમાધર
મહાપુરૂષ	વિજયદેવ	વજ્રનાથ	અતિશ્રય
પાપહર	નરસિંહ	સુવર્ણબાહુ	કનકકેતુ
મૃગાંકનાથ	શતાનંદ	કુરચંદ્ર	અજીતવીર્ય
શૂરસિંહ	વૃન્દાકર	વજ્રવીર્ય	કલ્યુમિત્ર
જગત્પૂજ્ય	ચંદ્રાતપ	વિમળચંદ્ર	ધ્રુવભૂત
સુમતિનાથ	ચિત્રગુપ્ત	યશોધર	હિતકર
મહામહેન્દ્ર	દરરથ	મહાબળ	વરૂણદત્ત
અમરભૂતિ	મહાયશા	વજ્રસેન	યશઃકીર્તિ
કુમારચંદ્ર	ઉષ્માંક	વિમળનાથ	નાગેન્દ્ર
વારિષેણ	પ્રદ્યુમ્ननાથ	ભીમનાથ	મહીધર
રમણનાથ	મહાતેજ	મેરૂપ્રભ	કૃતબ્રહ્મ
સ્વયંભૂ	પુષ્પકેતુ	ભદ્રગુપ્ત	મહેન્દ્ર
અચળનાથ	કામદેવ	સુદર્શસિંહ	વર્ધમાન
મકરકેતુ	સમરકેતુ	સુવ્રતનાથ	સુરેન્દ્રદત્ત
પૂ૦ભ૦	**પૂ૦ઐ૦**	**પ૦ભ૦**	**પ૦ઐ૦**
પ્રભાસ	અક્ષપાસ	પ્રભાવકનાથ	નવલશા

—: સંખ્યા ૨૫૨ :—

(૧) **વિકાર**–વર્ણ–૫,૨સ–૬, સ્પર્શ–૮ (સંખ્યામાં ૫-૬-૮માં) શબ્દ–૧=૨૦×૩ (સચિત્ત–અચિત્ત–મિશ્ર)=૬૦×૨ (શુભ–અશુભ)= ૧૨૦×૨ (રાગ–દ્વેષ)=૨૪૦

ગંધ–૨×૩ (સચિત્તાદિ)=૬×૨ (રાગ–દ્વેષ)=૧૨+૨૪૦=૨૫૨.

—: સંખ્યા ૨૬૪ :—

(૧) **ફરતા સૂર્ય–ચંદ્ર**-મનુષ્યલોકમાં સૂર્યની બે પંક્તિ અને ચંદ્રની બે પંક્તિ મળી ચાર પંક્તિઓ હોય છે, તે એકેક પંક્તિમાં ૬૬ સૂર્ય અને ૬૬ ચંદ્ર હોય છે. એટલે ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર મળી ૨૬૪ થાય (૨–જંબુમાં, ૪–લવણમાં. ૧૨ ધાતકીખંડમાં. ૪૨–કાળોદધિમાં, ૭૨–પુષ્કરાર્ધમાં કુલ–૧૩૨ સૂર્ય, તેવી રીતે ચંદ્ર)

—: સંખ્યા ૨૭૦ :—

(૧) **૭ વ્રતના ભાંગા**–પ્રથમ મહાવ્રત–સર્વથા પ્રાણાતિપાત વિરમણના–૪ ત્રસ, બાદર, સ્થાવર અને સૂક્ષ્મ૦ બીજું મહાવ્રત-સર્વથા મૃષાવાદ વિરમણના–૪–ક્રોધ, લોભ, ભય અને હાસ્ય૦ ત્રીજું મહાવ્રત–સર્વથા અદત્તાદાન વિરમણના–૯–ગામ, નગર, અરણ્ય, અલ્પ, બહુ, અણુ, સ્થૂલ, સચિત્ત અને અચિત્ત૦ ચોથું મહાવ્રત–સર્વથા મૈથુન વિરમણના–૩–દેવ, મનુષ્ય અને તિર્યંચ૦ પાંચમું મહાવ્રત–સર્વથા પરિગ્રહ વિરમણના–૬–અલ્પ, બહુ, અણુ, સ્થૂલ, સચિત્ત અને અચિત્ત૦ છઠ્ઠું વ્રત–સર્વથા રાત્રિભોજન વિરમણના–૪-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ૦ કુલ–૩૦ ને મન–વચન અને કાયાથી કરવા–કરાવવા અને અનુમોદવાના ત્યાગ ૩૫ નવ વડે ગુણવાથી ૨૭૦ થાય.

—: સંખ્યા ૩૦૦ :—

(૧) કલ્યાણક : (૨૪૦–જિનેશ્વરનાં, ૩૦૦–કલ્યાણક)

માગસર સુદ.૧૧,૧૮–દીક્ષા		કાર્ત.ક. વ. ૧૧	૬–મોક્ષ	કયાં જિને. નાં	કલ્યા.
,, ,	૧૯–જન્મ	માગ. વ. ૧૧	૨૩ દીક્ષા	૧ ક્ષેત્રે	૮ નાં ૧૦
,, ,,	૧૯–દીક્ષા	પોષ. સુ. ૧૧	૨ કેવળ	૧૦ ,,	૮૦ નાં ૧૦૦
,, ,,	૧૯–કેવળ	માઘ. વ. ૧૧	૧ કેવળ	૩કાલે	૨૪૦ નાં ૩૦૦
,, ,,	૨૧–કેવળ	ચૈત્ર. સુ ૧૧	૫ કેવળ	(ભરત અને ઐરવતમાં)	

—: સંખ્યા ૩૪૬ :—

(૧) સિદ્ધચક્રના ભાંગા–૧૨–અરિહંત, ૮–સિદ્ધ, ૩૬–આચાર્ય, ૨૫–ઉપાધ્યાય, ૨૭–સાધુ, ૬૭–દર્શન, ૫૧–જ્ઞાન, ૭૦–ચારિત્ર, ૫૦–તપ, કુલ–૩૪૬ (સ્વ–સંખ્યામાં)

—: સંખ્યા ૩૬૩ :—

(૧) પાખંડી–ક્રિયાવાદી–જીવાદિ નવ તત્ત્વો (ન. ત. ૧) સ્વ–પરથી વિચારતાં–૧૮ થાય, ફરી નિત્યાનિત્યથી વિચારતાં–૩૬ થાય, તે પણ કાળ–નિયતિ–સ્વભાવ–ઇશ્વર અને આત્મા એ પાંચથી વિચારતાં **૧૮૦ ભેદ** આત્માનું અસ્તિત્વ માનનાર **ક્રિયાવાદીના** થાય.

અક્રિયાવાદી–પુન્ય–પાપ વિના સાતતત્ત્વોને સ્વ–પરથી વિચારતાં ૧૪ થાય, ફરી કાળ–વિ૦ પાંચ સહિત યદૃચ્છા, એ છથી વિચારતાં **૮૪ ભેદ**, આત્માનું નાસ્તિત્વ માનનાર **અક્રિયા-વાદીના** થાય.

અજ્ઞાનવાદી–નવ તત્ત્વને સત્, અસત્, સદસત્, અવક્તવ્ય, સદવક્તવ્ય, અસદવક્તવ્ય, સદસદવક્તવ્ય, આ સાતથી વિચારતાં ૬૩ થાય, ૬૪– દશમો પદાર્થ "ભાવોત્પત્તિ" તેને સત્ વિ૦ સાતે

વિકલ્પોથી કોણ જાણે છે? અથવા જાણવાથી શું? તેવો સાતે વિકલ્પોનો એક ભાંગો, ૬૫–૬૬–૬૭–આ ત્રણ ભાંગા ભાવોત્પત્તિ પછી પદાર્થના અવયવની અપેક્ષાવાળા છે. પણ અહિં ઘટતા ન હોવાથી બતાવેલ નથી, એમ ૬૭ ભેદ, આત્માના અસ્તિત્વનો અસ્વીકાર નહિ કરવા છતાં જીવાદિ ૧૦–પદાર્થોને કોણ જાણે છે? અથવા જાણવાથી પણ શું? એવી માન્યતાવાળા **અજ્ઞાનવાદી** ના થાય.

વિનયવાદી–સુર, નૃપ, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અનુકંપનીય, માતા અને પિતા, આ આઠનો મન–વચન–કાયા અને દાનથી વિનય કરવાથી **૩૨**–ભેદ, આત્માના અસ્તિત્વનો અસ્વિકાર નહિ કરવા છતાં વિનય વિના બીજું કોઈ સાધન મુક્તિનું નથી, એવી માન્યતાવાળા **વિનયવાદીના** થાય. (૧૮૦+૮૪+૬૭+૩૨=૩૬૩)

–: સંખ્યા ૫૬૦ :–

(૧) **અજીવભેદ**–૫૩૦ રૂપી અજીવ, ૩૦ અરૂપી અજીવ.

ગંધ–૨, રસ–૫, સ્પર્શ–૮, સંસ્થાન–૫=૨૦×૫ (વર્ણ) ૧૦૦

વર્ણ–૫, રસ–૫, સ્પર્શ–૮, સંસ્થાન–૫=૨૩×૨ (ગંધ) ૪૬

વર્ણ–૫, ગંધ–૨, સ્પર્શ–૮, સંસ્થાન–૫=૨૦×૫ (રસ) ૧૦૦

વર્ણ–૫, ગંધ–૨, રસ–૫, સ્પર્શ-૬,-,, ૫=૨૩×૮ (સ્પર્શ) ૧૮૪

(વિરોધિ સ્પર્શ બેબે હોવાથી તે બે બાદ કરતાં ૭ લીધા છે)

વર્ણ-૫, ગંધ, ૨, રસ-૫ સ્પર્શ-૮=૨૦×૫ (સંસ્થાન) ૧૦૦ (કુલ-૫૩૦)

ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ કાળ=૪ × ૫ (દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવ–ભવ) ૨૦+૧૦ (ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ ૩ × ૩=૨કંધ–દેશ–પ્રદેશ=૬+૧=કાળ=૧૦)=૩૦.

—: સંખ્યા ૫૬૩ :—

(૧) જીવોના ભેદ—નારકના—૧૪, એકેન્દ્રિયના—૨૨, વિકલેન્દ્રિયના ૬, પંચેન્દ્રિયતિર્યંચના—૨૦, સમુર્ચ્છિમ મનુષ્યના—૧૦૧, ગર્ભજ મનુષ્યના ૨૦૨, ભુવનપતિના—૫૦, વ્યંતરના—૫૨, જ્યોતિષિના—૨૦ કલ્પોપપન્ન વૈમાનિકના—૪૮, કલ્પાતીત વૈમાનિકના—૨૮

—: સંખ્યા ૧૦૨૪ :—

(૧) સહસ્રકુટ—૭૨૦—પાંચ ભરત અને પાંચ ઐરવતની ભૂત-ભાવિ અને વર્તમાનની ત્રીસ ચોવીસીના તીર્થંકરો૦ ૧૬૦—પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયના તીર્થંકરો૦ ૨૦—વર્તમાનકાળમાં પાંચ મહાવિદેહમાં વિચરતા તીર્થંકરો૦ ૪—શાશ્વતી જિનેશ્વરની પ્રતિમાઓ૦ ૧૨૦—જંબુ-ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના કલ્યાણકો૦ કુલ—૧૦૨૪. **(૨) સ્થંડિલના-ભાંગા** (સાધુચર્યા—૫૭—માં)

—: સંખ્યા ૧૮૦૦૦ :—

(૧) શિલાંગરથ—

जोए करणे सन्ना, इंदिय भोमाइ समणधम्मे य;
सीलंग सहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती (८४०) प्र०

૧—પૃથ્વી. ૨—જલ. ૩ અગ્નિ. ૪—વાયુ. ૫—વનસ્પતિ. ૬—૭—૮—વિકલેન્દ્રિય. ૯—પંચેન્દ્રિય ૧૦—અજીવ. તેને ક્ષમા—વિ૦ શ્રમણધર્મ વડે ગુણવાથી ૧૦ × ૧૦=૧૦૦ થાય. તેને ૫ઇન્દ્રિયોના વિષયોથી વિરમવારૂપે ગુણવાથી ૧૦૦×૫=૫૦૦ થાય, તેને આહારાદિ સંજ્ઞા ટાળવારૂપે ગુણવાથી ૫૦૦×૪=૨૦૦૦ થાય, તેને મન વચન-કાયાથી કરવા-કરાવવા અને અનુમોદના નહિ કરવા રૂપે ગુણવાથી ૨૦૦૦ × ૯=૧૮૦૦૦, ભેદ થાય.

१८००० भेदनी समज–दश श्रमणधर्ममां रही, चार संज्ञानो त्याग करी, पांच इन्द्रियोनो निग्रह करी, पृथ्वीकायादि–दशनी विराधनानो मन–वचन–कायाथी करवा–कराववा अने अनुमोदनानो त्याग करवाथी.

एक भेदनी समज–क्षमामां रही, आहार संज्ञानो त्याग करी, स्पर्शेन्द्रियनो निग्रह करी, पृथ्वीकायनी विराधना मनथी नहि करवाथी.

–: संख्या; १८२४१२० :–

(१) ध्रियावहिना भांगा–५६३ जीवोना भेदोने अभिहयादि दश वडे गुणवाथी ५६३×१०=५६३० थाय० तेने राग–द्वेष वडे गुणवाथी ५६३०×२=११२६० थाय० तेने मन–वचन–कायाथी करवा–कराववा अने अनुमोदना करवा वडे गुणवाथी ११२६०×९ =१०१३४० थाय० तेने अतीतादि त्रीजे गुणवाथी १०१३४०×३= ३०४०२० थाय० तेने अरिहंत–सिद्ध–साधु–सुर–गुरु अने पोतानो आत्मा ए छनीसाक्षीए गुणवाथी ३०४०२०×६=१८२४१२० भेद थाय.

–: संख्या–८४००००० :–

(१) जीवोनी योनि–

मूळभेद	नाम	मूळभेद	नाम
३५०	पृथ्वीकाय	१००	तेइन्द्रिय
३५०	अप्काय	१००	चउरिन्द्रिय
३५०	तेउकाय	२००	देवता
३५०	वायुकाय	२००	नारक
५००	वनस्पतिकाय	२००	तिर्यंच पंचेन्द्रिय
७००	साधारण–,,	७००	मनुष्य
१००	बेइन्द्रिय	४२००	मूळ भेदने वर्णादि

२००० वडे गुणवाथी ८४००००० सर्वजीवोनी योनि थाय.

वर्ण–५ ×गंध–२=१०× रस–५=५०× स्पर्श–८=४००× संस्थान–५=२००० **वर्णादिना भेद थाय.**

--: संख्या १६००००० :--

(१) स्नात्रकळशा–१०–वै० ઇन्द्र, २०–भ० ઇ०, ७२–व्यं० ઇ०, ४–लोकपाल, ६६ चन्द्र, ६६–सूर्य, १–त्रायस्त्रिंश, १–सामानिक, ८ सौ० ઇ० नी ઇन्द्राणी, ८ ઈशान–ઇ० नी ઈन्द्राणी, ५ चमरेन्द्रनी ઇन्द्राणी, ५–બલીન્દ્રની ઇન્દ્રાણી, ६–धरणेन्द्रनी ઈन्द्राणी, ६–भूतानेन्द्रनी ઈन्द्राणी, ४–व्यं० ઇ० नी ઇन्द्राणी, ४–જ્યો० ઇ० नी ઇन्द्राणी, १–પર્ષદા, १–सेनापति, १–अंगरक्षक, १–आકીના દેવોનો, **आ २५० अभिषेक करनारा.**

१–सुवर्ण, २–રૂપ્ય, ३–रत्न, ४–सुवर्ण–रत्न, ५–રૂપ્ય–रत्न, ६–सुवर्ण–રૂપ્ય–रत्न, ७–सुवर्ण–રૂપ્ય, ८–માટીનો, આ દરેક જાતના આઠ આઠ હજાર કળશ હોય, **તેથી કુલ ચોસઠ હજાર કળશથી દરેક (२५०) अभिषेक करे.**

દરેક અભિષેક કરનારા સર્વ કળશથી ભગવાનને સ્નાન કરે તેથી કુલ २५० × ६४०००=१६००००० કળશથી સ્નાત્ર પૂજા થાય.

–: श्री शत्रुंजयतीर्थ चैत्यवंदन :–

સિદ્ધાચલ ગિરિવંદીએ, દ્રવ્યભાવથી એહ; દ્રવ્યભાવ ગિરિ જાણતા, રહે ન મનમાં ક્લેશ **(१)** સાતનયોથી જાણીને, વિમલાચલ ધ્યાનાર; અવશ્ય મુક્તિપદ લહે, શુદ્ધાતમ પદ સાર **(२)** નિર્વિકલ્પ સ્વભાવથીએ, તીર્થજ આપોઆપ; **બુદ્ધિસાગર** સંપજે, રહે ન દુવિધા તાપ **(३)**

ત્રિકાળ-દૃષ્ટિ

જગત દિવાકર – પરમતારક – તીર્થપતિઓએ પ્રવર્તાવેલ શ્રી **ચતુર્વિધસંઘ** રૂપ તીર્થ, તે–મોક્ષ પુરૂષાર્થ માટેનું અનન્ય સાધન **છે,** તે શ્રી ચતુર્વિધસંઘ–**નિર્ગ્રંથ સાધુ–સાધ્વી** તેમજ **વ્રતધારી શ્રાવક–શ્રાવિકા** વર્ગનો બનેલો હોય છે.

તેમજ તેમને ઉત્તમ આત્માઓ જાણી તેમને **યથાશક્તિ અનુસરનારા** તેમજ તેમની **સેવા–ભક્તિમાં જોડાયેલા** આત્માઓ **જૈનો તરીકે ઓળખાય છે.**

આવા **જૈનો** સર્વકાળે–સર્વક્ષેત્રે શ્રી સંઘ તેમજ તેના સર્વ અંગો પ્રતિ સેવા-પૂજા અને ભક્તિભાવવાળા હોવાથી **તેઓને** પણ બાહ્ય વ્યવહારમાં **શ્રી સંઘનું જ અંગ** ઉપચારે સ્વીકારવામાં આવેલ છે.

આવા શ્રી સકલસંઘની સર્વ પ્રકારની **સ્વ–પર ઉપકારક** પ્રવૃત્તિ માટેની વ્યવસ્થાને **શાસન** કહેવામાં આવે છે, આવા શ્રી શાસનની સમગ્ર પ્રવૃત્તિ જૈનો તેમજ શ્રીસંઘ સર્વને એક સરખી રીતે સહાયક અને ઉપકારક હોય છે.

આજના વિષમ કાળમાં કેટલાક બની બેઠેલા **દાંભિક ગુરૂઓ** અને **નેતાઓ** એકધર્મ, એકસૂત્રતા, એકજ માર્ગ, એકતા, ઐકયતા, **એજ** વિશ્વને ઉપકારક છે. એવું એકાન્ત દૃષ્ટિવાળું અજ્ઞાનમૂલક-તત્ત્વ બાળજીવોને ભરમાવવા અનેક પ્રકારનો પ્રપંચી પ્રચાર કરી રહ્યા છે, તે સાથે જ વળી વિસંવાદીપણે પોતાની **ક્ષુદ્રસ્વાર્થી** વૃત્તિઓ જેવી કે **કદ્દર** કોમવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, ધર્મવાદ, રાષ્ટ્રવાદ, તેમજ સર્વશ્રેષ્ઠ આત્મીયતાવાદ ને **પોષનારી** પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

ઉપર જણાવ્યા મુજબના દાંભિક આત્માઓ, જે કેવળ પોતાના સ્વાર્થેજ એકઠા મળવારૂપ સંઘો, મંડળો, તેમજ જુદા જુદા નામાભિધાનવાળા જુથો, બહુમતી–તત્ત્વરૂપે જ્યારે જુઠાણા ફેલાવી રહ્યા છે, ત્યારે શ્રી સંઘને (મોક્ષ પુરૂષાર્થી આત્માઓ) માટે ચેતવણીરૂપ કેટલીક જાણવા જેવા હકીકત અમો નીચે જણાવીએ છીએ.

આજના જગતમાં ચાલી રહેલા કેટલાક પ્રપંચી જુઠ્ઠાણાઓ	ત્રિકાળ અબાધિત શુદ્ધ-હિતકારી માર્ગ
(૧) એકમતિ, બહુમતિ અને સર્વાનુમતિના પ્રપંચી ઘોરણે જુઠવાદીઓ અને ટોળાશાહી-ઓના દુષ્ટ-**દુરાશયી** સિદ્ધા-ન્તોનું દબાણ	(૧) સર્વજીવોની યથાતથ્યસ્થિતિ ને લક્ષમાં લઇ-સર્વજીવો પ્રતિ મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય, અને કરૂણાભાવનું આચરણ.
(૨) હિંસા, જુઠ અને ભષ્ટાચારને અનુક્રમે સમયધર્મ, અનિવાર્ય સંજોગો, અને પ્રગતિને નામે **ચડાવીને** સામાન્ય માણસોને **છેતરવા માટે** ચાલતા અનેક પ્રકારના પ્રચાર-પ્રયત્નો.	(૨) પોતાને પ્રાપ્ત થયેલ બુદ્ધિ-શક્તિ અને બાહ્ય સામા-જીક પરિસ્થિતિને **અનુરૂપ** થઇને પોતાના જીવનને **સંયમી** બનાવીને બીજાને વિશે જેટલો બને તેટલો **પરોપકાર** કરવો.
(૩) દુર્બુદ્ધિદાયક અને દુરાચા-રીઓની મોટા મોટા **ખોટા** વિશેષણોથી પ્રશંસાઓ કરીને, જેવી કે મોટી મોટી પદવીઓ આપીને, ડીગ્રીઓ આપીને, ચંદ્રકો આપીને, તેમજ ઉચ્ચ સત્તા સ્થાને બેસાડીને, બાળ-જીવોને **ઉન્માર્ગે** દોરવામાટેના મોટા આડંબર સહિતના પ્રચાર પ્રયત્નો.	(૩) હિંસા, જુઠ, ચોરી, વ્યસનો, અનેતીવ્ર-વિષય લોલુ-પતાઓથી પોતાના આત્માને **બચાવીરાખનાર** ઉપદેશ અને આચરણાને અનુસરવાની વૃત્તિ.

(૪) શક્તિરહિતમાં દેવબુદ્ધિ, સંસારમાં તીવ્ર આસક્તિવાનમાં ગુરૂબુદ્ધિ, અને જડ–પૌદ્ગલિક પદાર્થોમાં સુખબુદ્ધિ ધરનારા મૂઢ આત્માનો. **સંસર્ગ–પરીચય** અને **પ્રશંસા** કરાવવાના પ્રપંચી–પ્રચાર પ્રયત્નો.

(૪) જગતમાં પ્રવર્તતા વૈર વિરોધ, અને ઉન્માદના આકર્ષક ભાવોથી પોતાના આત્માને **અલિપ્ત રાખી** પરમ શાન્ત રસનો અનુભવ કરાવનાર–આત્મ જાગૃતિકારક આલંબનો.

(૫) જગતમાં બનતા બનાવોના સંબંધમાં સ્વ–મતિકલ્પિત **મિથ્યા** સંકલ્પ–વિકલ્પો કરી અહંકારીપણે ત્યાગ–ગ્રહણની આંધળી પ્રવૃત્તિ કરનારા અને કરાવનારાઓમાં **ઉપકારીપણાની** તેમજ ભાતૃ–ભાવની લાગણી પ્રગટાવવાના પ્રપંચી પ્રયત્નો.

(૫) જડ અને ચેતન દ્રવ્યોના રાશિવાળા અનાદિ–અનંત સ્વરૂપી આ જગતમાં ઉત્પન્ન થતા લય પામતા અને સ્થિર રહેતા ભાવો (પરિણામો) નો ત્રિકાળ અબાધિત સ્વરૂપે યથાતથ્ય **વિવેક** કરવો.

જ્ઞાની કોણ ?

રાગ, દ્વેષ અને મોહમાં લેપાય નહિ અર્થાત્ સંસારના સ્વરૂપને જાણી તેનાથી અલિપ્ત રહે.

(વિશેષ જિજ્ઞાસુએ પ્ર૦ સા૦ આદિ ગ્રંથો જોઈ લેવા)

૦ચોથો વિભાગ સમાપ્ત૦

શ્રી ગૌતમ અષ્ટક

શ્રીઇંદ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્;
સ્તુવન્તિ દેવાઃ સુરમાનવેન્દ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૧)
શ્રીવર્દ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન;
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૨)
શ્રીવીરનાથેન પુરા પ્રણીતં, મંત્રં મહાનંદસુખાય યસ્ય;
ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૩)
યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષાન્નમનુસ્યકાલે;
મિષ્ટાન્નપાનામ્બરપૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૪)
અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવંદનાય;
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૫)
ત્રિપઞ્ચસંખ્યા શતતાપસાનાં, તપઃકૃશાનામપુનર્ભવાય;
અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૬)
સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘસપર્યયેતિ;
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૭)
શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા;
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૮)
ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સજ્ઞાનબીજં જિનરાજબીજં;
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે (૯)
શ્રીગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે,
પઠન્તિ તે સૂરિપદં સદૈવા–નન્દં લભન્તે સુતરાં ક્રમેણ (૧૦)

શ્રી ગૌતમસ્વામીનો રાસ

(ઢાળ પહેલી)

વીરજિણેસરચરણકમલકમલાકયવાસો, પણમવિ પભણિસુ સામિ, સાર ગોયમગુરુ રાસો; મણ તણ વયણ એકંત કરવિ, નિસુણો ભો ભવિઆ, જિમ નિવસે તુમ દેહગેહ, ગુણગણ મહગહિઆ (૧) જંબુદીવ સિરિભરહખિત્ત, ખોણી-તલમંડણ, મગધદેશ સેણિયનરેસ, રિદ્ધલબ્બલખંડણ; ધણ-વરગુવ્વરનામ ગામ, જહિ ગુણગણસજ્જ, વિપ્પ વસે વસુભૂઈ તત્થ, તસુ પુહવીભજ્જા (૨) તાણ પુત્ત સિરિઇંદભૂઈ, ભૂવલય પ્રસિદ્ધો, ચઉદહવિજ્જા વિવિહ રૂવ, નારીરસ વિદ્ધો; વિનય વિવેક વિચાર સાર, ગુણગણહ મનોહર, સાતહાથ સુપ્રમાણ દેહ, રૂપે રંભાવર (૩) નયણ વયણ કર ચરણ જિણવિ, પંકજ જળે પાડિઅ, તેજે તારા ચંદ સૂર, આકાશે ભમાડિઅ; રૂવે મયણ અનંગ કરવિ, મેલ્હિઓ નિરધાડિઅ, ધીરમેં-મેરૂ ગંભીર સિંધુ, ચંગિમ ચયચાડિઅ (૪) પેખવિ નિરૂવમરૂવ જાસ, જણ જંપે કિચિઅ, એકાકી કલિભીતે ઇત્થ, ગુણ મેહલ્યા સંચિઅ; અહવા નિમ્મ્યે પુવ્વજમ્મે, જિણવર ઇણે અંચિઅ, રંભા પઉમા ગૌરિ ગંગા રતિ, હા વિધિ વંચિઅ (૫) નહિમુધ નહીગુરુ કવિ ન કોઇ, જસુ આગળ રહિઓ, પંચસયાં ગુણપાત્ર છાત્ર, હીંડે પરિવરિઓ; કરે નિરંતર યજ્ઞકર્મ, મિથ્યામતિમોહિઅ, ઇણે છલિ હોસે ચરણનાણ, દંસણ વિસોહિઅ (૬)

વસ્તુ

જંબુદ્દીવહ જંબુદ્દીવહ ભરહવાસંમિ, ભૂમિતલમંડણ, મગધદેશ, સેણિયનરેસર, ધણવર ગુવ્વરગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઈ સુંદર; તસુ ભજ્જાપુહવી, સયલગુણગણ રૂવનિહાણ, તાણ પુત્ત વિજ્જાનિલો, ગોયમ અતિહિ સુજાણ (૭)

ભાષા (ઢાળ બીજી)

ચરમજિણેસર કેવળનાણી, ચઉવિહસંઘ પઇટ્ઠહાજાણી;
પાવાપુરી સામી સંપત્તો, ચઉવિહદેવનિકાયે જુત્તો (૮) દેવે
સમવસરણ તિહાં કીજે, જિણુદીકે મિથ્યામતિખીજે;
ત્રિભુવન-
ગુરુ સિંહાસણે બેઠા, તતખિણ મોહ દિગંતે પેઠા (૯) ક્રોધ માન
માયા મદપુરા, જાએ નાઠા જિમ દિન ચોરા; દેવદુંદુભિ આકાશે
વાજે, ધર્મનરેસર આવ્યા ગાજે (૧૦) કુસુમવૃષ્ટિ વિરચે તિહાં
દેવા, ચઉસઠઇંદ્ર જ માગે સેવા; ચામર છત્રશિરોવરિ સોહે,
રૂપેજિણવર જગ સહુ મોહે (૧૧) ઉપસમરસભર ભરિ વરસંતા,
યોજનવાણીવખાણુ કરંતા; જણિઅ વર્ધમાનજિન પાયા, સુરનર
કિંનર આવે રાયા (૧૨) કાંતિસમૂહે ઝલહલકંતા, ગયણુ વિમાણે
રણુરણુકંતા; પેખવિ ઇંદભૂઇ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ
હોવંતે (૧૩) તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પહુતા
ગહગહતા; તો અભિમાને ગોયમ જંપે, તિણે અવસરે કોપે
તણુકંપે (૧૪) મૂઢલોક અજાણ્યો બોલે, સુર જાણુંતા ઇમ કાંઈ
ડોલે; મૂ આગળ કો જાણુ ભણીજે, મેરૂ અવર કિમ ઓપમ
દીજે (૧૫)

વસ્તુ

વીરજિણુવર વીરજિણુવર, નાણુસંપન્ન, પાવાપુરી સુરમહિઅ
પત્તનાહ સંસારતારણ, તિહિં દેવે નિમ્મવિઅ સમોવસરણ
બહુસુખકારણ; જિણુવર જગઉજ્જોઅકરે, તેજે કરી દિણુકાર,
સિંહાસણે સામી ઠવ્યો, હુઓ સુજયજયકાર (૧૬)

ભાષા (ઢાળ ત્રીજી)

તવ ચડિઓ ઘણુમાણુગજે, ઇંદભૂઇભૂદેવ તો; હુંકારો કરિ
સંચરિઅ, કવણુસુ જિણુવરદેવ તો (૧૭) યોજનભૂમિ સમોસરણ,

પેખે પ્રથમારંભતો; દહદિસિ દેખે વિબુધવહૂ, આવંતી સુરરંભ તો (૧૮) મણિમયતોરણ દંડ ધજ, કોસીસે નવ ઘાટ તો; વયરવિવર્જિત જંતુગણ, પ્રાતિહારજ આઠ તો (૧૯) સુર નર કિંનર અસુરવર, ઇંદ્ર ઇંદ્રાણિ રાય તો, ચિત્તે ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો (૨૦) સહસકિરણ સમ વીરજિણ, પેખવિ રૂપવિશાલ તો; એહ અસંભવ સંભવે એ, સાચો એ ઇંદ્રજાળ તો (૨૧) તો બોલાવે ત્રિજગગુરુ, ઇંદભૂઇનામેણ તો; શ્રીમુખે સંશય સામિ સવે, ફેડે વેદપએણ તો (૨૨) માન મેલ્હી મદ ઠેલી કરી, ભક્તિએ નામે શીષ તો; પંચસયાંશું વ્રત લીએ એ, ગોયમ પહેલો સીસ તો (૨૩) તવણંધવસંજમ સુણવિ કરી, અગનિભૂઈ આવેય તો; નામ લેઈ આલાપ કરે, તે પણ પ્રતિબોધેય તો (૨૪) ઇણે અનુક્રમે ગણુહરરયણ, થાપ્યા વીરે અગ્યાર તો; તવ ઉપદેસે ભુવનગુરુ, સંયમશું વ્રતધાર તો (૨૫) બિહુઉપવાસે પારણું એ, આપણુપે વિહરંત તો; ગોયમ સંયમ જગસયલ, જયજયકાર કરંત તો (૨૬)

વસ્તુ

ઇંદભૂઇઅ, ઇંદભૂઇઅ, ચડિઅ બહુમાને, હુંકારો કરિ કંપતો, સમોસરણે પહોતો તુરત, અહ સંસા સામિ સવે; ચરમનાહ ફેડે કુરંત, બોધિબીજસંજય મને, ગોયમ ભવહવિરત્ત, દિક્ષ્ય-લઇ સિક્ષ્યા સહિઅ, ગણુહરપયસંપત્ત (૨૭)

ભાષા (ઢાળ ચોથી)

આજ હુઓ સુવિહાણુ, આજ પયેલિમ પુણ્યભરો, દીઠા ગોયમ સમિ, જે નિઅનયણે અમિય ભરો (૨૮)

(સિરિગોયમ ગણુધાર, પંચસયાં મુનિપરિવરિય; ભુમિય કરય વિહાર, ભવિયણને પડિબોહ કરે)

સમવસરણુ મઝાર, જે જે સંશય ઉપજે એ, તે તે પર ઉપકાર, કારણે પૂછે મુનિપવરો (૨૯) જિહાં જિહાં દીજે દીકૂખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ; આપ કન્હે અણુહુંત, ગોયમ દીજે દાન ઈમ (૩૦) ગુરુ ઉપરિ ગુરુભક્તિ, સામી ગોયમ ઉપનીય; એણિ છળ કેવળનાણુ, રાગજ રાખે રંગભરે (૩૧) જો અષ્ટાપદ સેલ, વંદે ચડી ચકવીસજિણુ; આતમલબ્ધિવસેણુ, ચરમશરીરી સોય મુનિ (૩૨) ઇયદેસણુ નિસુણેવિ, ગોયમગણુહર સંચલિય; તાપસપન્નરસએણુ,તો મુનિ દીઠો આવતો એ (૩૩)

તપસોસિય નિયઅંગ, અમ્હ સગતિ નવિ ઉપજે એ; કિમ ચઢસે દઢકાય, ગજ જિમ દીસે ગાજતો એ (૩૪) ગિરુઓ એણે અભિમાન, તાપસ જો મને ચિંતવે એ; તો મુનિ ચડિઓ વેગ, આલંબવિ દિનકરકિરણુ (૩૫) કંચણુમણિનિપ્પન્ન, દંડ કલસ ધજ વડ સહિઅ; પેખવિ પરમાનંદ, જિણુહર ભરતેસરવિહિય (૩૬) નિય નિય કાયપ્રમાણુ, ચઉદિસિ સંઠિઅ જિણુહબિંબ; પણુમવિ મનઉલ્હાસ, ગોયમગણુહર તિહાં વસિઅ (૩૭) વઇરસામિનો જીવ, તિર્યંકૃજૃંભકદેવ તિહાં; પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી (૩૮) વળતા ગોયમસામી, સવિ તાપસ પ્રતિબોધકરે, લેઈ આપણે સાથ, ચાલે જિમ જૂથાધિપતિ (૩૯) ખીર ખાંડ ઘૃત આણી, અમિઅવૂઠ અંગુઠ ઠવિ; ગોયમ એકણુપાત્ર, કરાવે પારણુ સવિ (૪૦) પંચસયાં શુભભાવિ; ઉજ્જળભરિયો ખીરમીસે; સાચગુરુસંયોગે, કવળ તે કેવળ રૂપ હુઆ (૪૧) પંચસયાં જિણુનાહ, સમવસરણે પ્રાકારત્રય; પેખવિ કેવળનાણુ, ઉપન્નું ઉજ્જોયકરે (૪૨) જાણે જિણુ પિયૂષ, ગાજંતી ઘણુ મેઘ જિમ, જિણુવાણી નિસુણેવિ, નાણી હુઆ પંચસયાં (૪૩)

વસ્તુ

ઇણે આણુક્રમે, ઇણે આણુક્રમે, નાણુસંપન્ન, પન્નરહસય પરિવરિય, હરિઅદુરિઅ, જિણુનાહ વંદઇ, જગગુરુવયણુ તીહ-

નાણુ અપ્પાણુનિંદઇ, ચરમજિણેસર તવ ભણે; ગોયમ કરીસ મ એઉ, છેહ જઇ આપણે સહી, હોસ્યું તુહ્મા એઉ (૪૪)

ભાષા (ઢાળ પાંચમી)

સામીઓ એ, વીરજિણુંદ, પુનિમચંદ ઉલ્લસિય, વિહરિઓ એ, ભરહવાસંમિ, વરસબહોત્તેરસંવસિઅ; ઠવતો એ કણુય-પઉમેસુ, પાયકમળ સંઘહિસહિય, આવિઓ એ નયણાનંદ નયર પાવાપુરિ સુરમહિય (૪૫) પેખીઓ એ ગોયમસામી, દેવસમ્મા પ્રતિબોહકરે, આપણો એ ત્રિશલાદેવી નંદન પહોતો પરમપએ; વળતાં એ દેવ આકાસ પેખવિ જાણ્યો જિણુસમે એ, તો સુણી એ મને વિષવાદ, નાદભેદ જિમ ઉપનો એ (૪૬) કુણુસમે એ સામિય દેખી, આપકન્હે હું ટાળિઓ એ, જાણુતો એ તિહુ-અણુનાહ, લોક વિવહાર ન પાલિઓએ, અતિભલું એ કીધલું સામી, જાણ્યું કેવલ માગશે એ, ચિંતવ્યું એ બાળક જેમ, અહવા કેડેલાગશે એ (૪૭) હું કિમ એ વીરજિણુંદ, ભગતે ભોળો ભોળવ્યો એ, આપણો એ અવિહડનેહ, નાહ ન સંપે સાચવ્યો એ, સાચો એ વીતરાગ, નેહ ન જેણે વાલિઓ એ, તિણુસમે એ ગોયમ ચિત્ત, રાગ વિરાગે વાલિઓ એ (૪૮) આવંતું એ જે ઉલટ, રહેતું રાગે સાહિયું એ, કેવળ એ નાણુઉપન્ન, ગોયમ સહેજે ઉમાહિયું એ; ત્રિભુવન એ જયજય-કાર, કેવળમહિમા સુર કરે એ, ગણુધરુ એ કરે વખાણુ, ભવિયણ ભવ જિમ નિસ્તરે એ (૪૯)

વસ્તુ

પઢમગણુહર પઢમગણુહર, વરિસ પચાસ ગિહવાસે સંવ-સિઅ, તીસ વરિસ સંજમવિભૂસિઅ, સિરિકેવળનાણુ પુણુ; બાર

વરસ તિહુઅણુ નમંસિઅ, રાજગૃહી નગરી ઠવ્યો, આણુવય-વરસાઉ, સામીગોયમ ગુણનિલો, હોસ્યે સિવપુર ઠાઉ (૫૦)

ભાષા (ઢાળ છટ્ઠી)

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમળ મહેકે, જિમ ચંદન સુગંધનિધિ (૫૧) જિમ ગંગાજળ લહેરે લહેકે, જિમ કણયાચળ તેજે ઝળકે, તિમ ગોયમ સોભાગનિધિ (૫૨) જિમ માન સરોવર નિવસે હંસા, સુરતરુવરકણયવતંસા, જિમ મહુયર રાજીવ વને (૫૩) જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિવનો (૫૪) પુનિમ નિશિ જિમ સસહર સોહે, સુરતરુ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસે જિમ સહસકરો (૫૫) પંચાનન જિમ ગિરિ-વર રાજે, નરવઇઘરે જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન મુનિપવરો (૫૬) જિમ સુરતરુવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખે મધુરી ભાષા, જિમ વન કેતકી મહમહે એ (૫૭) જિમ ભૂમિપતિ ભૂય બળ ચમકે, જિમ જિણમંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધે ગહગહે એ (૫૮) ચિંતામણિ કર ચઢિયું આજ, સુરતરુ સારે વંછિત કાજ, કામકુંભ સવિ વસ હુઆ એ (૫૯) કામગવી પૂરે મન કામી, અષ્ટ મહાસિદ્ધિ આવે ધામી, સાચી ગોયમ અણુસરો એ (૬૦)

પ્રણવાક્ષર પહેલો પભણીજે, માયા બીજ શ્રવણ નિસુણીજે, શ્રીમતિ શોભા સંભવે એ (૬૧) દેવહ ધુરિ અરિહંતિ નમીજે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઈણે મંત્રે ગોયમ નમો એ(૬૨)

પરઘર વસતાં કાંઇ કરીજે દેશદેશાં તર કાંઇ ભમીજે, કવણકાજ આયાસ કરો (૬૩) પ્રહ ઉઠી ગોયમ સમરી જે, કાજસમગ્ગહ તતખિણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે (૬૪) ચઉદહસે બરોત્તર વસ્સે, ગોયમ ગણધર કેવળ દીવસે, (અંબનયર પ્રભુ પાસ પસાએ.) કિયો કવિત ઉપગાર પરો (૬૫

આદિમંગળ એહ ભણીજે, પરવ મહોત્સવ પહિલો દીજે, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણુ કરો (૬૬) ધન્યમાતા જેણે ઉદરે ધરીયા, ધન્યપિતા જિણ કુલે અવતરિયા, ધન્ય સદ્‌ગુરુ જિણે દીક્ષિખયાએ (૬૭) વિનયવંત વિદ્યાભંડાર, જસ ગુણ પુહવી ન લભે પાર, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણકરો (૬૮) ગૌતમસ્વામિનો રાસ ભણીજે, ચઉવિહસઘ રલિયાયત કીજે, સયલ સંઘ આણંદ કરો (૬૯) કુંકુમ ચંદન છડો દેવરાવો, માણેક મોતીના ચોક પુરાવો, રયણસિહાસન બેસણુ એ (૭૦) તિહાં બેસી ગુરૂ દેશના દેસે, ભવિકજીવનાં કારજ સરસે, ઉયવંતમુનિ એમ ભણે એ(૭૧) ગૌતમસ્વામિતણો એ રાસ ભણતાં સુણતાં લીલવિલાસ સાસયસુખનિધિ સંપજે એ(૭૨) એહ રાસ જે ભણે ભણાવે, વર મયગળ લચ્છી ઘર આવે, મનવંછિત-આશા ફલે એ (૭૩)

* * * * *

મંત્ર–ૐ હ્રીઁ શ્રી અરિહંતઉવજ્ઝાય ગૌતમસ્વામિને નમઃ

ચારશરણ

મુજને ચારશરણાં હોજો, અરિહંત સિદ્ધ સુસાધુ જી; કેવળીધર્મ પ્રકાશીઓ, રત્ન અમૂલક લાધું જી (૧) ચિહું ગતિતણાં દુઃખછેદવા, સમરથ શરણાં એહોજી; પૂર્વે મુનિવર જે હૂઆ, તેણે કીધાં શરણાં એહોજી (૨) સંસારમાંહિ જીવને, સમરથ શરણાં ચારોજી ગણિસમયસુંદર ધમ કહે, કલ્યાણમંગલ કારોજી (૩)

લાખચોરાશી જીવખમાવીએ, મનઘરી પરમવિવેકોજી; મિચ્છામિદુક્કડં દીજીએ, જિનવચને લહીએ ટેકોજી (૧) સાત-લાખ ભૂ દગ તેઉ વાઉના, દશ ચૌદે વનનાભેદોજી; ષટ્ વિગલ સુરતિરિનારિકી, ચઉ ચઉ ચૌદે નરના ભેદોજી (૨) મુજ વૈરનહિ કેહશું, સર્વશું મત્રીભાવોજી ગણિસમયસુંદર ધમકહે પામીએ પુન્ય પ્રભાવોજી (૩)

પાપઅઢારે જીવ ! પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી;
આલોયાં પાપ છૂટીએ ભગવંત ઇણીપરે ભાખેજી (૧) આશ્રવ
કષાય દોયબાંધવા, વળી કલહ અભ્યાખ્યાનોજી; રતિ અરતિ
પૈશુન નિંદના; માયામોસ મિથ્યાત્વજી (૨) મન વચ કાયાએ
જે કીયાં, મિચ્છા મિ દુક્કડં તેહોજી; ગણિસમયસુંદર ઇમકહે,
જૈનધર્મનો મર્મ એહોજી (૩)

ધનધન તેદિન મુજ કહીહોશે, હું પામીશ સંયમ સુધોજી; પૂર્વ
ઋષિપંથેચાલશું,ગુરુવચનેપ્રતિબુદ્ધોજી(૧)અંતપ્રાન્તભિક્ષાગોચરી,
રણુવને કાઉસ્સગ્ગ લેશું જી; સમતા શત્રુમિત્રભાવશું, સંવેગસુધો
ધરશું જી (૨) સંસારના સંકટથકી, છૂટીશ જિનવચને અવધારોજી;
ધન્ય સમયસુંદર તે ઘડી, હું પામીશ ભવનોપારોજી (૩)

પુન્યપ્રકાશનું સ્તવન

દુહા—સકલસિદ્ધિદાયક સદા, ચોવીશે જિનરાય; સદ્ગુરુ
સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય (૧) ત્રિભુવનપતિ ત્રિશ-
લાતણો, નંદન ગુણગંભીર; શાસનનાયક જગ જયો, વર્ધમાન
વડવીર (૨) એકદિન વીરજિણુંદને, ચરણે કરી પ્રણામ; ભવિક-
જીવના હિતભણી, પૂછે ગૌતમસ્વામ (૩) મુક્તિમારગ આરા-
ધીએ, કહો કિણુપરે અરિહંત; સુધાસરસ તવ વચનરસ, ભાખે
